વર્ષ ૪ **અંક ૨** એપ્રિલ-જુન, '૯૯

उन्नति

# વિચાર

## અનુક્રમ


**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
સ્થાનિક સ્વશાસનને મજબૂત કરવા માટે પારસ્પરિક સહયોગ

**આપના માટે** ૮
માહિતીના અધિકાર દ્વારા પારદર્શી અને ઉત્તરદાયી શાસન વ્યવસ્થા

**આપણી વાત** ૧૮
• દલિત સરપંચ સવિતાબહેનની સફળ સંઘર્ષગાથા
• રાજસ્થાનમાં ગ્રામ સભાને સક્ષમ બનાવવાનો પ્રયાસ

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૨૩

**સંદર્ભ સાહિત્ય** ૨૬

**અમારા વિશે** ૨૭

**સજીવ વિચાર** (પૂર્તિ)-ડીએસસી



**સંપાદક ટીમ:**
દીપા સોનપાલ
હેમંતકુમાર શાહ
મુરલી શ્રીનિવાસ
બિનોય આચાર્ય


વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

## સંપાદકીય

### સ્વશાસન સામેના પડકારો

સ્થાનિક સ્વશાસનને મહત્ત્વ આપવાનું કામ માત્ર ભારતમાં નથી થઈ રહ્યું, પણ એ એક વૈશ્વિક ઘટના છે. એમાં પાયાની મુખ્ય બાબત એ છે કે લોકો સ્થાનિક વિકાસ અને યોજના વિશે નિર્ણયો લે અને દૂરની કોઈક શાસન સંસ્થાને બદલે સ્થાનિક રીતે જ આ વિકાસનું સંચાલન કરે. આ સંદર્ભમાં પંચાયતી રાજમાં ગ્રામ સભા તથા નગરપાલિકા અને મહાનગરપાલિકામાં વોર્ડ સમિતિઓની ભૂમિકા નક્કી કરવામાં આવી છે. સંસદના છેલ્લા અંદાજપત્રીય સત્રમાં નાણાં પ્રધાન અને પછી વડા પ્રધાને અનેક વાર લોકોને ગ્રામ સભાને સફળ બનાવવા અપીલ કરી છે. મોટા ભાગની રાજ્ય સરકારોએ પણ આ વિશે જાહેરખબરો આપી છે. એ ઉપરાંત કેટલાક માળખાગત પડકારો છે જેને પહોંચી વળવાની જરૂર છે:

૧. આમ જનતાની અને મહિલાઓની ભાગીદારીને સ્વીકૃતિ બક્ષવી. થોડાક લોકો જ ગ્રામ સભામાં પ્રભુત્વ ધરાવે તેને બદલે આમ જનતાને તેમાં ભાગીદાર થવા માટે પ્રોત્સાહન મળવું જોઈએ.
૨. રાજ્યના વહીવટી તંત્ર ઉપર સ્થાનિક પ્રતિનિધિ લોકોનું અવલંબન પણ શાસનમાં લોકોની સહભાગિતાની જરૂરિયાતોને ઓછી આંકે છે. ઘણી વાર એમ ધારી લેવામાં આવે છે કે સરકાર યોજનાઓ અને પરિયોજનાઓને મંજૂરી આપે તો જ બધું હાલે છે. શાસનમાં સહભાગિતા કંઈ પ્રદાન કરશે નહિ. એ સમજવાની જરૂર છે કે શાસનમાં લોકોની ભાગીદારી શાસનના સિદ્ધાંતો ઊભા કરશે અને પારદર્શકતા અને ઉત્તરદાયિત્વ ઊભાં કરશે. સરકાર પોતાની છે એવો વિચાર લોકોમાં માલિકીપણાનો ભાવ જગવશે. 'જે સરકારનું છે એ અમારું પણ છે' - એમ લોકો માનશે.
૩. સ્વશાસનને પ્રોત્સાહન આપવા આડેનો સૌથી મોટો અવરોધ કશું બદલી શકાશે નહિ એવું લાચારીભર્યું વલણ છે. આપણે જોયું છે કે સુરતના આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક લોક સંગઠનોએ ગ્રામ સભાઓ સફળ રીતે યોજી છે, અને તેઓ ભ્રષ્ટાચારને નાથવામાં સફળ રહ્યાં છે અને તેમણે સ્થાનિક શાસનની સંસ્થાઓને ઉત્તરદાયી બનાવી છે. હાલમાં સરકાર 'નાગરિકોના ખતપત્ર' દ્વારા સામાન્ય નાગરિકોને તેમના અધિકારો વિશે માહિતી આપે છે અને કેટલા સમયગાળામાં કેવા પ્રકારની સેવાઓ પૂરી પડાશે તે પણ નાગરિકોને જણાવવામાં આવે છે. આમ, જો સામાન્ય જનતાને માહિતી પૂરી પાડવામાં આવે તો તેમનું લાચારીનું વલણ દૂર થઈ શકે છે.


બીજા શબ્દોમાં કહીએ તો, ઉત્તરદાયિત્વ, માહિતીના અધિકાર અને પારદર્શિતા માટે સહભાગિતાને પ્રોત્સાહન આપવાનું સ્વશાસનને મજબૂત બનાવવા માટે મહત્ત્વનું છે.

# સ્થાનિક સ્વશાસનને મજબૂત કરવા માટે પારસ્પરિક સહયોગ

'ઉન્નતિ'ના નિયામક **શ્રી બિનોય આચાર્ય** દ્વારા આ લેખ નવી દિલ્હીની 'સોસાયટી ફોર પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા' (પ્રિયા) તથા ભારતની અન્ય આઠ પ્રાદેશિક સહયોગી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોના અનુભવને આધારે તૈયાર કરાયો છે.

સ્વાતંત્ર્યનાં ૫૦ વર્ષ બાદ બંધારણમાં ૭૩મા અને ૭૪મા સુધારા સાથે ભારતમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વશાસનના ખ્યાલને બંધારણીય માન્યતા મળી છે. જ્યારે ૧૯૫૦માં ભારતનું બંધારણ ઘડાયું ત્યારે સ્થાનિક શાસનની પદ્ધતિ દાખલ કરવાનું સૂચન થયું હતું. જો કે, તેનો અમલ રાજ્યોની મુનસફી પર છોડી દેવામાં આવ્યો હતો. ૧૯૫૯માં પહેલી જ વાર પંચાયતી રાજ સંસ્થાઓ મારફતે સ્થાનિક સ્વશાસન દાખલ થયું. રાજકીય ઈચ્છાશક્તિ અને અમલદારોના ટેકાના અભાવ, અનિયમિત ચૂંટણીઓ, મહિલાઓ સહિતના નબળા વર્ગોનું અપૂરતું પ્રતિનિધિત્વ, સ્વાયત્તતા અને સત્તાની વહેંચણીની જોગવાઈઓનો અભાવ તથા અમલદારોના નકારાત્મક વલણને લીધે પંચાયતી રાજની સંસ્થાઓ સંપૂર્ણ રીતે કાર્યરત બની શકી નહિ. કેટલાક અપવાદરૂપ કિસ્સાઓ સિવાય મોટા ભાગનાં રાજ્યોમાં પંચાયતી રાજની સંસ્થાઓ નામની જ બની ગઈ હતી. ૧૯૯૦ના દાયકાના આરંભમાં સરકારે બંધારણીય રીતે સમગ્ર ભારતમાં વિકેન્દ્રિત શાસન વ્યવસ્થા ઊભી કરવાનો વિચાર કર્યો. આ પગલાનો કોઈ ખુલ્લો વિરોધ પણ ના થયો કારણ કે વિકેન્દ્રીકરણની પ્રક્રિયા માટે સૌ સૈદ્ધાંતિક રીતે સંમત થાય જ. વાસ્તવમાં ૧૯૯૦ના દાયકાના આરંભમાં સહભાગી લોકશાહીને પ્રોત્સાહન આપવા માટેના એક વૈકલ્પિક નમૂના તરીકે વિકેન્દ્રિત શાસન વ્યવસ્થાને વૈશ્વિક રીતે સ્વીકારવામાં આવી છે.

પંચાયતી રાજની સંસ્થાઓ અંગેનો બંધારણીય સુધારો તા. ૨૪-૪-૧૯૯૨થી અમલમાં આવ્યો. તમામ રાજ્યો એક જ વર્ષમાં તેમના કાયદા એ મુજબ ઘડે એ ફરજિયાત હતું. આ બંધારણીય સુધારામાં તમામ રાજ્યોના કાયદામાં જે અમુક જોગવાઈઓ હોવી જ જોઈએ તેમ જણાવાયું એ આ મુજબ છે: **૧.** હોદ્દાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત. **૨.** દલિતો અને આદિવાસીઓ માટે વસ્તીના પ્રમાણમાં અનામત. **૩.** દર પાંચ વર્ષે નિયમિત ચૂંટણી. **૪.** પંચાયતનું વિસર્જન થાય તો છ માસમાં ચૂંટણી. **૫.** ચૂંટાયેલા પ્રતિનિધિઓ ગામના મતદારોની બનેલી ગ્રામ સભાને જવાબદાર અને ગ્રામ સભા વર્ષમાં ઓછામાં ઓછું બે વાર મળે. **૬.** નીચલા સ્તરેથી આયોજન. **૭.** કરવેરા ઉઘરાવવાની અને વિકાસલક્ષી કાર્યક્રમોના અમલની સત્તા. આ જોગવાઈઓ દ્વારા દેશભરમાં આશરે ૨,૨૭,૦૦૦ ગ્રામ પંચાયતો, ૬૦૦૦ તાલુકા પંચાયતો અને ૪૭૪ જિલ્લા પંચાયતો મારફતે લોકોની સહભાગિતા સાથે લોકોનું શાસન સ્થાપવા માટેની આશા જાગી. આ નવી જોગવાઈઓ અનુસાર દરેક ગામ, તાલુકા અને જિલ્લામાં ૧૫ વર્ષના ગાળામાં કમ-સે-કમ એક વાર તો મહિલાઓનું શાસન આવે




પંચાયતી રાજના કાયદામાં સુધારો

જ. પાંચ વર્ષના આ ગાળામાં એક અછડતા અંદાજ અનુસાર ૩૩ લાખ મહિલાઓ નેતાઓ તરીકે બહાર આવશે. કદાચ, ભારતમાં કે દુનિયાભરમાં સ્થાનિક મહિલાઓનું નેતૃત્વ આટલા મોટા પ્રમાણમાં વિકસે તેવો કોઈ પ્રયાસ થયો નથી. સંભવત: ઇતિહાસમાં પહેલી જ વાર કોઈ શાસન સંસ્થા લોકોની આટલી નજીક અને લોકોને આટલી ઉત્તરદાયી બનાવાઈ છે.

આ સ્વપ્નને સાકાર કરવાનું કામ આસાન નથી. મોટો પડકાર તો આ નવી સંસ્થા જેમને માટે ઊભી કરાઈ છે એ લોકોમાં જ તેની સ્વીકૃતિ ઊભી થાય તેનો છે. શાસન માટેની આ નવી સંસ્થાઓ લોકોની માંગને કારણે કંઈ અસ્તિત્વમાં આવી નથી પરંતુ એ તો કેટલાક રાજકીય નેતાઓની મહેચ્છાને કારણે અમલમાં આવી છે. દેશ આ ક્રાંતિકારી સંસ્થાકીય માળખાનો ઉપયોગ અસરકારક રીતે કરવાની સ્થિતિમાં હતો પણ નહિ. આ નવી સંસ્થાને અસરકારક અને લોકસ્વીકૃત બનાવવા માટે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ બંનેએ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા લોકો અને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓને શિક્ષણ આપવાનો પ્રયાસ કરવો પડશે. અત્યારે ૧૦ રાજ્યોની સ્વૈચ્છિક સંસ્થાઓના એક જૂથે પંચાયતી રાજની સંસ્થાઓને મજબૂત બનાવવા

માટે ભેગા મળીને એક સહયોગી અને નેટવર્કિંગ વ્યૂહરચના વિકસાવી. આ સહયોગનું સંકલન દિલ્હીની 'સોસાયટી ફોર પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા' (પ્રિયા)એ સંભાળ્યું અને 'નેટવર્ક ઓફ કોલાબોરેટિંગ રિજિયોનલ સપોર્ટ ઓર્ગેનાઈઝેશન્સ'માં રાજ્ય સ્તરની આઠ સંસ્થાઓ જોડાઈ, જેમાંથી ઉન્નતિ પણ એક છે.

અહીં ભારતનાં નવ રાજ્યોમાં ગ્રામીણ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓને મજબૂત કરવાના 'પ્રિયા' અને આ સંસ્થાઓના સંકલિત પ્રયાસોનું વિશ્લેષણ કરાયું છે. આ સહયોગ ગામ, તાલુકા અને જિલ્લા સ્તરે પંચાયતોના ક્ષેત્રે કામ કરતી ૩૦૦ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસો સાથે સંકળાયેલો છે. તેમાં સરકાર અને વહીવટી તંત્રનો પણ સહયોગ લેવાયો છે. અહીં પંચાયતી રાજની સંસ્થાઓને મજબૂત કરવાની પ્રક્રિયાઓ અને તેના પડકારો જણાવાયા છે. વૈશ્વિકીકરણ અને ઉદારીકરણ તથા વિકેન્દ્રીકરણ બંને વિશે જ્યારે વૈશ્વિક સ્તરે સર્વસંમતિ પ્રવર્તે છે તેવા આ ઐતિહાસિક તબક્કે સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ કેવી રીતે મજબૂત થઈ શકે તે તેમાંથી જાણી શકાય તેમ છે. આ સહયોગી પ્રયોગ છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહ્યો છે. અહીં આ કામની અસરકારકતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું નથી, પરંતુ સ્થાનિક શાસન વ્યવસ્થાને મજબૂત કરવા અને તેને લોક સ્વીકૃત સંસ્થા બનાવવા કયા પ્રકારની વ્યૂહરચના વધારે અસરકારક થઈ શકે તેનો પ્રશ્ન આમ જનતા સમક્ષ ખડો કરવાનો પ્રયાસ કરાયો છે.

### સંસ્થાઓનો સંયુક્ત પ્રયાસ

'પ્રિયા' અને સ્વૈચ્છિક સંસ્થાઓના નેટવર્કે બિહાર, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કેરળ, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ એમ નવ રાજ્યોમાં આ બહુક્ષેત્રીય સહયોગી કાર્ય હાથમાં લીધું છે. દરેક રાજ્યમાં 'પ્રિયા' કે નેટવર્કની કોઈ એક સંસ્થા લગભગ ૩૦ સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ મળીને કામ કરે છે. પંચાયતી રાજની સંસ્થાઓનું નિયમન રાજ્યોના કાયદાઓ દ્વારા થાય છે અને તે સીધું જ રાજ્યના વહીવટી તંત્રને ઉત્તરદાયી છે (આ બાબત સ્થાનિક વિકેન્દ્રિત શાસનની ભાવનાથી વિરુદ્ધની છે) તેથી એમ લાગ્યું કે સરકારને અવગણીને પંચાયતોને મજબૂત કરવાના પ્રયાસો નહિ થઈ શકે. સ્થાનિક સ્વશાસનને મજબૂત કરવા પંચાયતી રાજની સંસ્થાઓના નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારોમાં સ્થાનિક સ્વશાસન વિશેની સમજ વિકસાવવાની જરૂર છે કારણ કે દેશમાં પહેલી જ વાર વિકેન્દ્રીકરણની પ્રક્રિયા આટલા મોટા પાયા પર હાથ ધરાઈ છે.

આમાં સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ બે મુખ્ય ચાલક બળ છે અને તેમને માટે પણ આ નવો અનુભવ છે. આથી 'પ્રિયા' અને નવ સ્વૈચ્છિક સંસ્થાઓના નેટવર્કે જે તે વિસ્તારમાંથી સતત શીખવાની અને શ્રેષ્ઠ પ્રયોગોને પ્રોત્સાહન આપવાની તથા તેનો પ્રચાર-પ્રસાર કરવાની વ્યૂહરચના અપનાવી. દરમ્યાનગીરીની વ્યહરચનાઓ જેમ જેમ કામ થતું ગયું તેમ તેમ ઊભી થતી ગઈ અને તે તીક્ષ્ણ બનતી ગઈ. આરંભમાં, ગ્રામ પંચાયતમાં નવા ચૂંટાયેલા સભ્યોને નવા કાયદા, વહીવટી વ્યવસ્થાઓ અને તંત્રોની જોગવાઈઓ વિશે તાલીમ આપવાનો પ્રયત્ન કરાયો. એનો હેતુ પંચાયતના વહીવટી કાર્યમાં સામેલ નવા પ્રતિનિધિઓની ક્ષમતા વિકસાવવાનો હતો. લગભગ ૭૫ ટકા પ્રતિનિધિઓ પહેલી જ વાર ચૂંટાયા છે. એમાં ૩૩ ટકા મહિલાઓ છે અને અનામત મુજબ આશરે ૩૦ ટકા દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગોના છે. આ પ્રતિનિધિઓને તાલીમ આપવા માટે મોટી સંખ્યામાં નિયામાવલીઓ, દૃશ્ય-શ્રાવ્ય સાધનો અને તાલીમ પત્રકો તૈયાર કરવામાં આવ્યાં. રાજ્ય સ્તરે પ્રશિક્ષકોના પ્રશિક્ષણનો કાર્યક્રમ યોજીને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રશિક્ષકોને તાલીમ આપવામાં આવી.

આ અનુભવ પરથી એમ સમજાયું કે ચૂંટાયેલા પ્રતિનિધિઓની માત્ર ટેકનિકલ બાબતોની સમજ વધારવાથી સ્વશાસન અવતરી શકે નહિ. જ્ઞાતિનું પરંપરાગત માળખું અને મજબૂત પુરુષકેન્દ્રી સંસ્કૃતિ મહિલાઓ અને નીચલી જ્ઞાતિના પ્રતિનિધિઓને નેતાઓ તરીકે માન્યતા આપતાં રોકે છે. વળી, આમ જનતાને શાસન વ્યવસ્થા અંગે ભૂતકાળનો કોઈ હકારાત્મક અનુભવ નથી તેથી તેને હાલની વ્યવસ્થામાં કોઈ વિશ્વાસ નથી. બલકે, આમ જનતા શાસનની કોઈ પણ વ્યવસ્થાથી દૂર રહેવા માગે છે. જો કે, પંચાયતી રાજ ધારામાં ગ્રામ પંચાયત સ્તરે તમામ બાબતો અંગેની મંજૂરી ગામના મતદારોની બનેલી ગ્રામ સભા પાસેથી મેળવવાની જોગવાઈ છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ સામે અવિશ્વાસનો મત વ્યક્ત કરવા જેવી મહત્ત્વની બાબત માટે ગ્રામ સભાની બેઠકો બોલાવી શકાય છે. જો પંચાયત ગ્રામ સભાની બેઠક ના બોલાવે તો તેનું વિસર્જન થઈ શકે છે. આ સંદર્ભમાં ગ્રામ સભાને અસરકારક બનાવવા માટે કામ કરવાનું વિચારાયું. સ્વશાસનની સંસ્થા માટે લોકો પ્રત્યે ઉત્તરદાયિત્વ એ એક ચાવીરૂપ લક્ષણ છે. આથી નાગરિક સમાજની તમામ સંસ્થાઓને પંચાયતી રાજ અને લોકોની સક્રિય




લોકો પ્રત્યે ઉત્તરદાયિત્વ

સામેલગીરી વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવા અપીલ કરવામાં આવી. એમ પણ સમજાયું કે પંચાયતની અસરકારક કામગીરી આડે અનેક કાનૂની અવરોધો પણ છે.

આ પ્રશ્નોને પણ ઓળખવાની જરૂર છે. એને માટે સંશોધનો કરવામાં આવ્યાં. પ્રાદેશિક સ્તરે અને રાજ્ય સ્તરે પંચાયતોના પ્રતિનિધિઓ સાથે અનેક બેઠકો યોજવામાં આવી. કાયદામાં અને કાર્યવાહીઓમાં યોગ્ય ફેરફારો લાવવા માટે સરકાર સાથે પણ સહયોગ કરવામાં આવ્યો. સરકાર સૈદ્ધાંતિક રીતે સ્વશાસન સાથે પ્રતિબદ્ધ છે તેથી બધા વચ્ચે સહયોગનો સંબંધ ઊભો થાય એ શ્રેષ્ઠ વિકલ્પ છે. છેલ્લાં ચાર વર્ષમાં એમ જણાયું કે સ્વશાસનને પ્રોત્સાહન આપવાનો અર્થ માત્ર માહિતી અને કુશળતાની બાબતમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની ક્ષમતા વધારવાનો જ નથી, પરંતુ સમુદાય અને રાજ્યના રાજકીય અને વહીવટી સ્તરે એ માટેનું વાતાવરણ ઊભું કરવાનો છે.

અમારી દરમ્યાનગીરીમાં બે કાર્યક્રમો હતા: ૧. અમુક નિશ્ચિત વિસ્તારોમાં પંચાયતી રાજ સંસ્થાઓને સીધી રીતે જ મજબૂત કરવી. ૨. પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત કરવા માટે વિવિધ પ્રોત્સાહક પ્રવૃત્તિઓ કરવી. પંચાયતોને મજબૂત કરવાની સીધી પ્રવૃત્તિઓમાં સ્વશાસનને કાર્યરત બનાવવાનાં વિવિધ પાસાં અંગે ક્ષેત્રીય પ્રયોગોનો સમાવેશ થાય છે. જ્યારે પ્રોત્સાહક પ્રવૃત્તિઓમાં વિવિધ પ્રસંગો યોજીને તથા વિવિધ સામગ્રીનું પ્રકાશન કરીને જે તે વિસ્તારમાંથી શીખવા મળેલી બાબતોનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવાનો સમાવેશ થાય છે. સીધા કામમાં પંચાયતના સભ્યોને પંચાયતના કાયદાની જોગવાઈઓ, પંચાયતે અમલમાં મૂકવાના સરકારી કાર્યક્રમો, સ્થાનિક કરવેરા દ્વારા સંસાધનોનું એકત્રીકરણ, સરકારી ખાતાં સાથે વાટાઘાટો, આયોજન અને અંદાજપત્ર ઘડવા માટેની કુશળતાનો વિકાસ અને લોકશાહી શાસનનાં મૂલ્યો પ્રત્યે એકંદર અભિમુખતા(ઓરિએન્ટેશન) જેવી બાબતો અંગે તાલીમ આપવાનો સમાવેશ થાય છે. અનેક વિસ્તારોમાં પંચાયતોના સભ્યોને સૂક્ષ્મ સ્તરીય આયોજન વિશે તાલીમ આપવામાં આવી. ગ્રામ સભાની બેઠકોમાં લોકો પ્રત્યેના પંચાયતોના ઉત્તરદાયિત્વનો નિદર્શન દ્વારા દાખલો અપાયો. અનેક વિસ્તારોમાં સ્થાનિક શાસન પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે તકેદારી સમિતિઓ જેવાં લોક જૂથોની રચના કરવામાં આવી. પંચાયતોને મજબૂત કરવાના આ સીધા કામને લીધે સુશાસન અથવા અસરકારક પંચાયતો અંગેના સામુદાયિક નિર્દેશકો ઊભા થયા. પંચાયતોની નિયમિત બેઠકો, પંચાયતોની બેઠકોમાં સહભાગિતા, ગ્રામ સભામાં ભાગીદારી, સૂક્ષ્મ સ્તરીય આયોજન, ગુજરાતમાં સામાજિક ન્યાય સમિતિઓની કામગીરી તથા તેમની પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ, રાજસ્થાનમાં તકેદારી સમિતિઓની કામગીરી વગેરે. દેખરેખ માટેના આવા નિર્દેશકો પંચાયતી રાજની સંસ્થાઓ માટે આંતરિક ક્ષમતાવર્ધનનું કામ કરી શકે છે. આવા નિર્દેશકો એક વાર ચર્ચાઈ જાય પછી પંચાયતી રાજની સંસ્થાઓ જાતે જ ઉદાહરણો અને માહિતી વિશે પૃચ્છા કરી શકે છે.

જો કે, અમારો એવો અનુભવ રહ્યો છે કે પંચાયતોના પ્રભાવશાળી સભ્યો સ્વૈચ્છિક સંસ્થાઓના તાલીમ કાર્યક્રમોમાં હાજરી આપતા નથી. આથી આપણે એવી પ્રવૃત્તિ વિચારવી પડે કે જેના દ્વારા આવા સભ્યોને માહિતી આપી શકાય અને અભિમુખ કરી શકાય. 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' (પંચાયત રિસોર્સ સેન્ટર-પીઆરસી) એક એવું માહિતી કેન્દ્ર હોય કે જ્યાંથી કોઈ પણ વ્યક્તિ માહિતી અને સલાહ મેળવી શકે છે. પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત કરવા માટેની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે અમે આવાં કેન્દ્રોની સ્થાપના કરવાનું વિચાર્યું છે. તાલીમ કાર્યક્રમો એ પુરવઠાલક્ષી પ્રવૃત્તિ છે તો 'પંચાયત સંસાધન કેન્દ્ર' એ માંગલક્ષી પ્રવૃત્તિ છે. વિવિધ સ્તરની પંચાયતોના સભ્યો માટે આવાં વિવિધ કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે.

સીધી જ સામેલગીરીના અનુભવમાંથી જે કંઈ પદાર્થપાઠ શીખવા મળ્યા છે તેને વિશેની માહિતી શૈક્ષણિક સામગ્રી તૈયાર કરીને, માધ્યમોમાં તેમની રજૂઆત કરીને તથા વિવિધ સંબંધિત લોકો સાથે સંવાદ ઊભો કરીને ફેલાવવામાં આવે છે. વિવિધ પ્રદેશોમાં પંચાયતી રાજની સંસ્થાઓને સીધો ટેકો પૂરો પાડવા માટે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓને તાલીમ




અનુભવોની આપ-લે

આપવામાં આવી છે. સરકારી ખાતાં પણ પંચાયતોને મજબૂત કરવાનું કામ મોટા પાયા પર કરે તે માટે તેમને પણ કાર્યરત કરાયાં છે. સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ, રાજ્યનું વહીવટી તંત્ર અને પંચાયતી રાજ સંસ્થાઓ સાથેના સહયોગમાં સ્થાનિક શાસનની અસરકારકતા માપવા માટે જિલ્લા સ્તરીય બેઠકો યોજવામાં આવી છે. આ જિલ્લા સ્તરીય બેઠકોમાં શાસનની પ્રક્રિયામાં અવરોધરૂપ બનતા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા: સંસાધનો એકત્ર કરવા માટે અને તેમનો ઉપયોગ કરવા માટે સ્વાયત્તતા અને અવકાશનો અભાવ, સરકારી કાર્યક્રમોની મંજૂરી અને અમલમાંની કાર્યવાહીઓ તથા મહિલાઓ અને પછાત વર્ગના નેતાઓની સામુદાયિક સ્વીકૃતિનો અભાવ. મોટા ભાગની પંચાયતોમાં બધા સામાન્ય સભ્યો ઉપર એકાદ-બે સભ્યો વર્ચસ્વ ધરાવતા હોય છે. ઘણી મહિલા સભ્યો તેમનાં કુટુંબોના પુરુષોની છાયામાં જીવે છે અને આવી પરંપરા સામાજિક રીતે પણ સ્વીકાર્ય હોય છે. જિલ્લા સ્તરની બેઠકોમાં આમાં સુધારા કરવા માટે ઘણાં મહત્ત્વનાં સૂચનો કરવામાં આવ્યાં છે.

એક રાજ્યના સારા અનુભવો અને સારી કાનૂની જોગવાઈઓ બીજાં રાજ્યોમાં પણ લાગુ પાડવામાં પંચાયતો સાથેની સીધી કામગીરી ઉપયોગી બની છે. દા.ત. રાજસ્થાન પંચાયત ધારામાં પંચાયતોની આવક અને ખર્ચ વિશેની માહિતી મેળવવાનો અધિકાર લોકોને અપાયો છે, સમાજના પછાત વર્ગોની જરૂરિયાતો સંતોષવા માટે ગુજરાતમાં સામાજિક ન્યાય સમિતિઓની રચનાની જોગવાઈ છે, મધ્ય પ્રદેશમાં ગ્રામ વિકાસ કાર્યક્રમોના સંચાલન અને વહીવટ માટે જિલ્લા પંચાયતને જવાબદાર ગણવામાં આવી છે. આ જોગવાઈઓ હવે અન્ય રાજ્યો દ્વારા પણ તેમના કાયદાઓમાં કરવામાં આવી છે. વિવિધ રાજ્યોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સતત અનુભવો અને માહિતીની આપ-લે થાય છે અને સરકાર સમક્ષ સતત રજૂઆતો કરાય છે તેને પરિણામે આ શક્ય બન્યું છે. ઘણાં રાજ્યોમાં તો સરકારો તેમના કાયદાઓમાં આવા સુધારા કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓનો ટેકો માગે છે. પંચાયતો પણ એમ સમજવા માંડી છે કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તેઓ તેમની ફરિયાદો રજૂ કરી શકે છે અને સૂચનો મોકલી શકે છે.

પંચાયતની નાણાં વ્યવસ્થા અંગે સંશોધનો હાથ ધરાયાં છે અને પછી જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે બેઠકો બોલાવવામાં આવી છે. તેનાથી મહત્ત્વના પ્રશ્નોને આગળ ધરવામાં મદદ મળી છે એટલું જ નહિ, પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અમલદારો વચ્ચે માત્ર ધારણાઓ નહિ પણ નક્કર માહિતીને આધારે સંવાદ ઊભો કરવામાં મદદ મળી છે. પંચાયત નાણાં વ્યવસ્થા અંગેના એક સંશોધને તો એ હકીકત બહાર આણી કે કેન્દ્ર સરકાર તરફથી કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ માટે જે સહાય મળે છે તે ખૂબ જ અનિયમિત હોય છે. મોટા ભાગની યોજનાઓ માટેનાં નાણાં એટલાં બધાં ઓછાં હોય છે કે તેનાથી લાભાર્થીઓની પસંદગીના સંદર્ભમાં મુસીબતો ઊભી થાય છે. એક યોજના માટે જે નાણાં ફાળવાયાં હોય તે નાણાં બીજી યોજના માટે વાપરી શકાતાં નથી. બીજા શબ્દોમાં કહીએ તો, આ નાણાં યોજનાબદ્ધ હોય છે અને પંચાયતોને તેમનાં પ્રાથમિકતા ધરાવતાં ક્ષેત્રોમાં તે વાપરવા માટેની સ્વાયત્તતા હોતી નથી. ભારતમાં પંચાયતોને કેન્દ્ર અને રાજ્ય સરકારો બંને તરફથી જે નાણાકીય સહાય મળે છે તે કુલ ઘરઆંગણાના ઉત્પાદન (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ-જીડીપી)ના ૩થી ૫ ટકા જેટલી જ હોય છે. પંચાયતો માટે ૧૯૯૬થી ૨૦૦૦ના પ્રથમ પાંચ વર્ષના ગાળા માટે ૧૦મા નાણાં પંચે માથા દીઠ રૂ.૧૦૦ તબદીલ કરવાની ભલામણ કરી છે. તે પણ ૧૯૯૧ની વસ્તી ગણતરીને આધારે નહિ, પણ ૧૯૭૧ની વસ્તી ગણતરીને આધારે ફાળવવાની ભલામણ કરી છે. અનુદાન મળ્યા પછીનાં ત્રણ વર્ષ સુધી ગુજરાત અને હરિયાણા જેવાં રાજ્યોએ તેનો ઉપયોગ જ કર્યો નથી. સ્વૈચ્છિક સંસ્થાઓએ અનેક પ્રશ્નો વિશે પંચાયત પ્રધાન, નાણાં પ્રધાન અને અન્ય સરકારી ખાતાંઓને અનેક વાર ભલામણો કરી છે. તાજેતરમાં જ સ્વૈચ્છિક સંસ્થાઓએ કેન્દ્ર સરકાર વિવિધ સ્તરની પંચાયતોને નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ માસમાં નાણાં સીધાં જ તબદીલ કરે તેવી ભલામણ કરવા આયોજન પંચને વિનંતી કરી છે. તેણે એમ પણ સૂચવ્યું છે કે ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારા અન્વયે સ્થાનિક સ્તરે આયોજન ફરજિયાત છે તેથી આયોજન પંચે રાજ્ય સરકારોને તમામ સ્તરની પંચાયતો સાથે વાર્ષિક યોજનાઓ તૈયાર કરતાં પહેલાં ચર્ચા કરવા માટે જણાવવું જોઈએ. આવી ભલામણો પંચાયતી રાજની સંસ્થાઓના પ્રતિનિધિઓમાં આત્મવિશ્વાસની ભાવના ઊભી કરશે, અન્યથા તેઓ એમ માને છે કે બંધારણીય સુધારા પછી સામાજિક સ્વીકૃતિ ઊભી કરવા માટે ઝાઝું કશું કરવામાં આવ્યું નથી.

આ સહયોગી પ્રયાસ સ્પષ્ટપણે એમ દર્શાવે છે કે સ્થાનિક શાસનને મજબૂત કરવા માટે લોક ભાગીદારી, ગ્રામ સભા દ્વારા પંચાયતોનું ઉત્તરદાયિત્વ, નાણાકીય વહેંચણી, વિકેન્દ્રિત આયોજન વગેરે જેવા પ્રશ્નોને નીતિવિષયક સ્તરે ઉકેલવાની જરૂર રહે છે. ગ્રામ વિસ્તાર અને રોજગાર મંત્રાલયે પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત કરવા માટેની ભલામણો કરવા કાર્ય દળોની રચના કરી છે. એમાં ગ્રામ સભાની સક્ષમતા, ગ્રામ પંચાયતનાં કાર્યો અને નાણાકીય સત્તાઓ, પંચાયતોની નાણાં વ્યવસ્થા, વિકેન્દ્રિત આયોજન, ત્રણેય સ્તરની પંચાયતો અને ગ્રામ વિકાસ સંસ્થાઓ વચ્ચેના સંબંધો અને સહભાગિતામાં વૃદ્ધિ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. મંત્રાલયે પંચાયતી રાજના ક્ષેત્રે કામ કરતી કેટલીક અગ્રણી સ્વૈચ્છિક સંસ્થાઓનો ટેકો ચર્ચા-વિચારણા કરવા માટે માગ્યો છે. વિવિધ રાજ્યોના પ્રધાનો આ વિષયોની પેટા સમિતિઓના અધ્યક્ષો છે. અમને લાગે છે કે પંચાયતી રાજને મજબૂત કરવાની આ એક સુંદર તક છે.

### પડકારો


પંચાયતી રાજને મજબૂત કરવાનું કામ સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ કરી રહી છે. પંચાયતી રાજની સંસ્થાઓમાંથી કોઈ પણ પ્રકારની માંગ ઊભી થયા વિના જ આ બંનેએ ક્ષમતાવર્ધનની પ્રવૃત્તિઓ હાથ ધરી

છે. જો કે, પંચાયતી રાજની સંસ્થાઓએ આ પ્રવૃત્તિને ગંભીર ગણી છે. પંચાયતી રાજની સંસ્થાઓએ તેમની જરૂરિયાતો કદી સુસ્પષ્ટ કરી નથી. જો સરકાર કે સ્વૈચ્છિક સંસ્થાઓ તાલીમ કાર્યક્રમ યોજે તો પંચાયતોમાં ચૂંટાયેલા સભ્યો શીખવાની તેમની પાયાની જરૂરિયાત સંતોષવા માટે નહિ પણ સદ્‌ભાવના પ્રતીક તરીકે હાજરી આપે છે. અગાઉ જણાવ્યું તેમ આ સભ્યો જિલ્લા અને રાજ્ય સ્તરે તાલીમ કાર્યક્રમમાં હાજરી આપવામાં નાનમ માને છે. તેમના આવા વલણને માટે તાલીમનાં ગુણવત્તા અને સ્વરૂપ પણ કંઈક અંશે જવાબદાર છે, એમાં ના નથી. એ સ્પષ્ટ બાબત છે કે સ્વૈચ્છિક સંસ્થાઓ કે સરકાર દ્વારા પંચાયતોના સભ્યોની ક્ષમતા વધારાય એ કંઈ બહુ આદર્શ બાબત નથી. પંચાયતોને એમ લાગે છે કે સરકાર તાલીમ દ્વારા તેમના પરના તેના અંકુશને વાજબી ઠરાવે છે જ્યારે સ્વૈચ્છિક સંસ્થાઓ પ્રત્યે તેઓ શંકાની નજરે જુએ છે. તેથી ખરો પડકાર તો એ છે કે ક્ષમતા વર્ધન માટે એવી વ્યવસ્થા ઊભી કરવી કે જેમાં પંચાયતો પોતાનાં પ્રતિષ્ઠા કે ગૌરવની હાનિ ના સમજે અને તેમાં હાજરી આપવામાં ખચકાટ ન અનુભવે. તેમને તાલીમ આપતી સંસ્થાઓ અને તાલીમ બંને સ્વીકાર્ય અને ઉપયોગી લાગવાં જોઈએ.

પંચાયતો સામે લોકો (નાગરિક સમાજ) અને રાજ્યના અમલદારો બંને તરફથી એક શાસક સંસ્થા તરીકે તેમને સ્વીકૃતિ મળે એ એક મોટો પડકાર છે. પંચાયતો સરકારના જડ નિયમો હેઠળ કામ કરે છે અને માત્ર સરકારની યોજનાઓનો અમલ કરે છે. આથી પંચાયતો પાસે કામ કરવા માટે સ્વાયત્તતા નથી. આમ જનતા પંચાયતોને સરકારના કાર્યક્રમોનો અમલ કરનારી સંસ્થા તરીકે જુએ છે તેથી તે સ્થાનિક સ્તરની શાસક સંસ્થા તરીકેનો વિશ્વાસ ગુમાવે છે. લોકો વિશ્વાસ ગુમાવતા હોવાનું મુખ્ય કારણ સરકારી કાર્યક્રમોના અમલમાં થતો ભ્રષ્ટાચાર છે. બીજી તરફ, પંચાયતો એમ જણાવે છે કે જડ નિયમો તેમને ખોટી ગોઠવણો કરવાની અને નોંધો કરવાની ફરજ પાડે છે. તેથી પંચાયતી રાજની સંસ્થાઓની પ્રતિષ્ઠા બદલવામાં ક્ષમતાવર્ધનની પ્રવૃત્તિ ભાગ્યે જ કશું કરી શકે તેમ છે.

ઘણી વાર સરકાર એવાં નિયમનો ઘડે છે અને એવા કાયદા ઘડે છે કે જે સ્થાનિક સ્વશાસનનાં પાયાનાં ધોરણોનો જ ભંગ કરનારાં હોય છે અને તેથી પરિસ્થિતિ વધારે વણસે છે. દા.ત. ગુજરાત સરકારે તાજેતરમાં ઔદ્યોગિક હેતુઓ માટે ગૌચર જમીનો વેચવા માટે નિયમો ઘડ્યા હતા. આ સ્પષ્ટ રીતે સ્વશાસનમાં સ્વાયત્તતાને હણે છે. જો કે, લોકોનો વિરોધ થવાથી પછીથી સરકારે આ નિયમ પાછો ખેંચ્યો.

આવી અનેક ઘટનાઓ છે કે જેના દ્વારા સરકારની સત્તા સ્થાનિક શાસનની સત્તાને તહસનહસ કરી નાખે છે. સત્તાની આ શ્રેણીમાં ક્ષમતા વર્ધન ગમે તેટલું થયું હોય તો પણ તે નીચલા સ્તરે વાસ્તવિક શાસન આણી શકતું નથી. આવકનો પોતાનો સ્રોત એ નાણાકીય સ્વાયત્તતાનો એક માપનક્ષમ નિર્દેશક છે. પંચાયતની પોતાની આવક




પંચાયતોની આવક

તેની કુલ આવકના સંદર્ભમાં ખૂબ જ નજીવી હોય છે. પંચાયત ધારામાં તેમની પોતાની આવક ઊભી કરવા માટે પંચાયતોને પૂરતી સત્તાઓ આપવામાં આવી છે. બહુ જ ઓછી પંચાયતો ઓક્ટ્રોય, જમીન મહેસૂલ, મરેલાં પ્રાણીઓનાં ચામડાં અને હાડકાંની હરાજી વગેરે પરના વેરાનો ઉપયોગ કરીને મોટી આવક રળે છે. પરંતુ મોટા ભાગની પંચાયતો પાસે વેરા નાખવાની વ્યવસ્થા નથી અથવા પૂરતાં કરપાત્ર સ્થાનિક સંસાધનો નથી. સ્થાનિક સંસાધનોનો પાયો વિકસાવ્યા સિવાય ક્ષમતા વર્ધન ગમે તેટલું થાય તો પણ નાણાકીય વિકેન્દ્રીકરણ થવાનું શક્ય બનતું નથી.

કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ઉદારીકરણની નીતિ અપનાવીને અનેક પ્રકારનાં એવાં પગલાં ભર્યાં છે કે જે સ્થાનિક સરકારોની વિરુદ્ધનાં છે. ઔદ્યોગિક હેતુઓ માટે જમીન સંપાદન એનું એક ઉદાહરણ છે. બીજું ઉદાહરણ ઓક્ટ્રોયની નાબૂદીનું છે. અનેક પંચાયતો એવી છે કે જેમનું આવકનું પાયાનું સ્રોત કાં તો ઓક્ટ્રોય છે અથવા ગોચર જમીન છે. કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કર્યા વિના જો તેમને આવાં સ્રોતોનો ઉપયોગ કરવા મનાઈ ફરમાવવામાં આવે તો તેઓ તેમનો વહીવટ કેવી રીતે કરી શકે?

આવી સ્વદેશી અને વિદેશી નીતિઓ સ્થાનિક સ્તરે પંચાયતોની લોકસ્વીકૃતિ પર સીધી અસર પાડે છે. સ્થાનિક શાસનનો ઈતિહાસ અને સદીઓ

દરમ્યાન વિકસેલી માનસિકતા એ સ્થાનિક શાસનની સંસ્થાઓને માન્યતા અને સ્વીકૃતિ મળવા સામેનો મોટો પડકાર છે. એમ લાગે છે કે પંચાયતી રાજની સંસ્થાઓ કોઈ સત્તા અને સંસાધનો વિના જ સ્થાનિક માગણીઓને સંતોષવા માટે ઊભી થઈ છે. આને લીધે જ પંચાયતી રાજની સંસ્થાઓ વિકાસ માટે અનુદાન મેળવવા સરકારી ખાતાંઓનાં ચક્કર લગાવે છે, જ્યારે વાસ્તવમાં એનાથી વિપરીત, સરકારી તંત્ર પંચાયતોને ઉત્તરદાયી હોવું જોઈએ. તેથી જ્યારે પંચાયતોને મજબૂત કરવાના અને તેમની ક્ષમતા વધારવાના પ્રયાસો કરવામાં આવે ત્યારે સરકાર અને તેનાં ખાતાંઓનું માનસ બદલવાની જરૂર ઊભી થાય છે.

### ભાવિ દિશા

સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ પંચાયતોની ક્ષમતા વધારવાનો પ્રયાસ કરી રહી છે પણ પંચાયતોએ તેમના ક્ષમતાવર્ધકો તરીકે આ બંનેને ખરી રીતે સ્વીકાર્યાં નથી. આ તો તેમણે જાતે શરૂ કરેલા પુરવઠાલક્ષી પ્રયાસો છે. જો પંચાયતો આપમેળે તેમના વિકાસની જવાબદારી ઉઠાવે તો જ તેમનું સાચું ક્ષમતાવર્ધન શક્ય બને તેમ છે. પરંતુ તેણે એવો રસ્તો પણ ન અપનાવવો જોઈએ કે જેમાં બિનજરૂરી તાલીમ સાથે અવૈયક્તિક સંબંધોવાળી સંસ્થાઓ ઊભી થાય. કદાચ, પંચાયતી રાજની સંસ્થાઓએ તેમનો પોતાનો પાયો શોધવાની જરૂર છે -તેઓ રાજ્યના માળખાનો એક ભાગ છે કે પછી નાગરિક સમાજનો એક ભાગ છે. જો આપણી સમજ એમ હોય કે પંચાયતો નાગરિક સમાજનો ભાગ છે અને સ્વશાસન માટે જવાબદાર એક સંસ્થા છે તો તેમણે તેમના પોતાના સમુદાયની અંદર જ આંતરિક રીતે શીખવા-શિખવવાની વ્યવસ્થા વિકસાવવાની જરૂર છે. સંભવત:, સ્થાનિક શાસનને મજબૂત કરવાનો શ્રેષ્ઠ રસ્તો પોતાને સંબંધિત બાબતોનો અખત્યાર પોતે સંભાળી શકે છે એવી સમજ પંચાયતોમાં ઊભી થાય તે છે. તેમણે માત્ર સેવાઓ પ્રાપ્ત કરનારા તરીકે બેસી રહેવાનું નથી, પરંતુ અન્ય ક્ષેત્રો સમક્ષ પોતાની માગણીઓ રજૂ કરતા થવાનું છે. તેમણે શિષ્યાચાર તરીકે તાલીમ માટે હાજર થવાનું નથી, પરંતુ તેમણે સંબંધિત જ્ઞાન અને માહિતીની માગણી કરવાની છે. જો સ્થાનિક સ્વશાસન એ આપણી સામૂહિક ઈચ્છા હોય તો તમામ ક્ષેત્રોએ પંચાયતી રાજની સંસ્થાઓને સ્વીકૃતિ બક્ષવાની જરૂર છે. સ્થાનિક શાસનને મજબૂત કરવાનો સાચો સહયોગી અને સહિયારો પ્રયાસ ત્યારે જ શક્ય બનશે કે જ્યારે તમામ સરકારી-બિનસરકારી સહયોગી સંસ્થાઓ જ્ઞાન, સંસાધનો અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય નીતિઓ પર પોતાની સત્તા હોવાને નાતે સત્તાધિકારી નહિ બને. સ્થાનિક સ્વશાસનને મજબૂત કરવા માટે સ્થાનિક અને વૈશ્વિક બંને સ્તરે એ સમજ ઊભી કરવાની જરૂર છે કે પ્રજાસત્તાકના નાનામાં નાના એકમની સત્તાઓને અવકાશ અને આદર આપવાં ઘટે છે.

**સંદર્ભો:**


૧. સોસાયટી ફોર પાર્ટિસિપેટરી રિસર્ચ ઈન એશિયા એન્ડ નેટવર્ક ઑફ રિજયોનલ સપોર્ટ ઓર્ગેનાઈઝેશન્સ, 'સ્ટેટ ઑફ ફાયનાન્સિસ ઑફ પંચાયતી રાજ ઈન્સ્ટિટ્યુન્સ - એન ઓવરવ્યૂ', 'પ્રિયા', નવી દિલ્હી, ૧૯૯૯.

૨. ફિલિપ ઓલ્ડેન્બર્ગ, 'નોન-ગવર્ન્મેન્ટલ ઑર્ગેનાઈઝેશન્સ એન્ડ પંચાયતી રાજ', 'પ્રિયા', ઓકેઝનલ પેપર, નવી દિલ્હી, ૧૯૯૯.

૩. ચંદન દત્તા, 'એ કેસ સ્ટડી ઓન ડિસેન્ટ્રલાઈઝ્ડ ગવર્નન્સ ઈન ઈન્ડિયા', 'પ્રિયા', નવી દિલ્હી, ૧૯૯૮.

૪. 'સ્ટ્રેન્ધનિંગ પંચાયતી રાજ ઈન્સ્ટિટ્યુશન્સ ઈન ઈન્ડિયા', વાર્ષિક અહેવાલ-૧૯૯૭-૯૮, પ્રિયા, નવી દિલ્હી, ૧૯૯૮.

૫. 'ઉન્નતિ'-'જોઈન્ટ એફર્ટ ઓન સ્ટ્રેન્ધનિંગ પંચાયતી રાજ ઈન્સ્ટિટ્યુશન્સ ઈન ગુજરાત: એ રિપોર્ટ', 'ઉન્નતિ', અમદાવાદ, ૧૯૯૮.



### પૃષ્ઠ ૨૫નો શેષ ભાગ


ગ્રામ સભામાં તલાટીની હાજરી ફરજિયાત બનાવવામાં આવે, ગ્રામ સભામાં જ ઠરાવ લખાય, હાજરીપત્રક ઉપર સહીઓ લેવાય, પંચાયતનાં કામોની તપાસ માટે એક સ્વતંત્ર તકેદારી સમિતિ રચાય અને તેનો અહેવાલ ગ્રામ સભામાં રજૂ કરાય, માહિતીના અધિકારનો કાયદો ઘડાય અને રાજ્યના આદિવાસી વિસ્તારોની ગ્રામ સભાઓને જે સત્તાઓ અને અધિકારો સોંપવામાં આવ્યાં છે તે રાજ્યના તમામ વિસ્તારોની ગ્રામ સભાઓને સોંપાય તેવાં સૂચનો કરવામાં આવ્યાં હતાં. આ સૂચનોને પંચાયત સચિવે ધ્યાનપૂર્વક સાંભળ્યાં હતાં અને તે અંગે ઘટતું કરવાની ખાતરી આપી હતી.

### ગુજરાતમાં સૌ પ્રથમ વાર બહેરાશ સામે વળતર મળ્યું

વધારે અવાજને કારણે કાનના પડદાને નુકસાન થાય છે અને તેથી બહેરાશ આવે છે. અનેક ઔદ્યોગિક એકમોમાં કામના સ્થળે ભારે અવાજ થતો હોય છે અને તેનાથી કામ કરતા કામદારોને બહેરાશનો રોગ લાગુ પડે છે. કામદાર વીમા યોજના ધારો અને કારખાના ધારામાં આવા ઉદ્યોગો જોખમી ઉદ્યોગો ગણાય છે અને તેમાં અમદાવાદના કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ દ્વારા એક સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. આ સર્વેક્ષણ અનુસાર નડિયાદ, અમદાવાદ અને કલોલની કાપડ મિલોમાં કામ કરતા આશરે ૭૦૦ કામદારોએ તેમને બહેરાશની તકલીફ હોવાની ફરિયાદ કરી હતી. હાલ તો ઘણી બધી કાપડ મિલો બંધ છે, પણ આવા અસરગ્રસ્ત કામદારોનો આંકડો ઘણો મોટો હોઈ શકે છે. કામદારા સ્વાસ્થ્ય સુરક્ષા મંડળે ૪૫ કામદારોના કાનની તપાસ કરાવી તો ૩૦ કામદારો બહેરાશથી પિડાય છે તેમ જાણવા મળ્યું. કામદાર રાજ્ય વીમા યોજના અન્વયે ચાલતા 'વ્યાવસાયિક આરોગ્ય કેન્દ્ર' (ઓએચસી)માં આ દર્દીઓને મોકલવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં માત્ર ૪ કામદારોના કેસ તૈયાર કરવામાં આવ્યા અને કામદાર રાજ્ય વીમા નિગમ દ્વારા તેમને બોલાવવામાં આવ્યા. દિલ્હીના વિશેષ તબીબી બોર્ડ દ્વારા આ ચાર કેસ મંજૂર કરવામાં આવ્યા છે. આમ, ગુજરાતમાં પહેલી જ વાર કાનની બહેરાશ માટે ઔદ્યોગિક કામદારોને વળતર મળશે.

# માહિતીના અધિકાર દ્વારા પારદર્શી અને ઉત્તરદાયી શાસન વ્યવસ્થા

મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાનના ભૂતપૂર્વ સચિવ **શ્રી હર્ષ મંદેર** દ્વારા આ લેખ લખાયો છે. તેઓ મસૂરીની 'લાલ બહાદૂર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશન'માં જાહેર વહીવટના પ્રાધ્યાપક પણ હતા. તેમણે અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ માટે કામ કર્યું છે. તેઓ મધ્ય પ્રદેશના બારવાનીના 'આશાગ્રામ ટ્રસ્ટ'ના સ્થાપક અધ્યક્ષ છે. તેઓ ભારતના 'રાષ્ટ્રીય સાક્ષરતા મિશન'ના કન્સલ્ટન્ટ પણ છે. તેઓ માહિતીના અધિકારની રાષ્ટ્રીય ઝુંબેશ સાથે પણ ગાઢ રીતે સંકળાયેલા છે. આ લેખમાં તેમણે માહિતીના અધિકાર અને તેને માટે રાજસ્થાનમાં થયેલા એક સર્વગ્રાહી પ્રયાસની છણાવટ કરી છે અને માહિતીના અધિકારથી કેવી રીતે સુશાસન ઊભું થઈ શકે તે સમજાવ્યું છે.

**પ્રસ્તાવના**

ભારતમાં આજે રાજ્યે એટલે કે સરકારે તેના હાથ જાહેર જીવનના લગભગ એકેએક પાસામાં પ્રસરાવ્યા છે. પરિણામે, સામાન્ય માણસે રોજિંદા જીવન અને તેના કામના લગભગ એકએક પાસામાં ભ્રષ્ટાચારનો સાવ નિરાધાર બનીને સામનો કરવો પડે છે. મોટા ભાગની સરકારી કચેરીઓમાં જડ નિયમો અને કાર્યવાહીઓથી અને ભારે વિલંબને પરિણામે સામાન્ય પ્રજાને અતિશય પરેશાનીનો ભોગ બનવું પડે છે અને પ્રજા ભારે મૂંઝવણ અનુભવતી જણાય છે. તેણે સતત સરકારી કર્મચારીઓ અને દલાલોના ભોગ બનવું પડે છે.

આ અસાધ્ય રોગનો ઉપચાર શોધતી વખતે રાજ્યતંત્રમાં જ અંતર્નિહિત ભ્રષ્ટાચારનાં સ્રોતોને ઓળખી કાઢવાનું મહત્ત્વનું છે. સરકારમાં પારદર્શિતા, પહોંચ અને ઉત્તરદાયિત્વનો સદંતર ઈન્કાર, કંટાળાજનક અને ગૂંચવડાભરેલી કાર્યવાહીઓ, વિચારહીન અંકુશોનો રાફડો અને જાહેર કલ્યાણ પ્રત્યે તમામ સ્તરે નક્કર પ્રતિબદ્ધતાનો અભાવ વગેરે પરિબળો ભ્રષ્ટાચારને જન્મ આપનારાં છે.

અહીં અમારી દલીલ એ છે કે માહિતી એક સત્તા છે અને સરકારી અમલદારો તમામ સ્તરે પોતાનાં અંકુશ, પ્રભાવ, સ્વચ્છંદિતા, ભ્રષ્ટાચાર અને સત્તાના દુરુપયોગને વધારવા માહિતી પોતાની પાસે દબાવી રાખવાનો હંમેશાં પ્રયાસ કરતા રહે છે. તેથી સરકારી નિયમો અને કાર્યવાહીઓમાંથી ગૂઢ રહસ્યો છતાં થઈ જાય, સંપૂર્ણ પારદર્શકતા આવે અને સામાન્ય પ્રજાજનો વચ્ચે ઉપયોગી માહિતીનો જાતે જ પ્રસાર થાય એ ભ્રષ્ટાચાર દૂર કરવા માટેનું સંભવત: સૌથી મોટું કદમ છે. અંતે, ભ્રષ્ટાચારી તંત્ર સામેની સૌથી અસરકારક પદ્ધતિ તો એ હશે કે જેમાં નાગરિકોને રાજ્ય પાસેથી માહિતી મેળવવાનો અધિકાર હશે અને તેમાં પારદર્શિતા તથા ઉત્તરદાયિત્વ ઊભું કરવાનો હક હશે.

આ સંદર્ભમાં જ માહિતીના અધિકારનું આંદોલન વધારે મહત્ત્વનું છે. રાજસ્થાનમાં 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન' (એમકેએસએસ) નામના એક લોક સંગઠન દ્વારા જાહેર સુનાવણીનો જે પ્રયોગ કરવામાં આવ્યો તેનાથી આરંભમાં આ આંદોલનને બળ મળ્યું છે. તે સ્થાનિક આંદોલન હતું પણ દેશભરમાં તેણે તેનાં વમળો ઊભાં કર્યાં છે.

દરેક મહાન વિચારની જેમ જ જાહેર સુનાવણીનો ખ્યાલ અને પદ્ધતિ ખૂબ જ સરળ છે. વર્ષો સુધી, ખરેખર તો અનેક સદીઓ સુધી, લોકો તેમની રોજિંદી જિંદગીમાં રાજ્યના સત્તાવાળાઓનાં દુષ્કૃત્યોનો ભોગ બનતા રહ્યા છે. સરકારી તંત્રમાં લાંચ-રુશ્વત, બળજબરી, સગાંવાદ, સ્વચ્છંદિતા વગેરે આનાં દૃષ્ટાંતો છે. પણ લોકો મૂંગે મોંએ આ બધું સહન કરતા રહ્યા છે અને લોકો નિરાશાવાદમાં સપડાઈ ગયેલા છે. સમયે સમયે હિંમતવાન રાજકીય નેતાઓ, અધિકારીઓ અને સામાજિક કર્મશીલોએ આ અભિશાપ સામે લડવાનો અને લોકોને તેમાંથી રાહત આપવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ, મોટા ભાગના આવા પ્રયાસોમાં ભ્રષ્ટાચારનો ભોગ બનેલા લોકોની ભૂમિકા મહદંશે નહિવત્ રહી છે. તેઓ તેમાં સહભાગી થયા નથી અને તદ્દન નિરાશામય રહયા છે. એને પરિણામે ભ્રષ્ટાચાર સામેની આવી ઝુંબેશોનાં પરિણામો કામચલાઉ રહ્યાં છે, લાંબા ગાળાનાં રહ્યાં નથી.

આનાથી વિરુદ્ધ, 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન' દ્વારા જે જાહેર સુનાવણીઓ હાથ ધરાઈ તેમાં રાજ્યનાં તમામ કાર્યો અને લોકો તંત્રના તમામ નિર્ણયો અંગે માહિતી મેળવવાનો મૂળભૂત અધિકાર ધરાવે છે તે પાયાનો ખ્યાલ રહેલો છે. ઘણાં વર્ષોથી 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન' રાહત કામો અને વિકાસનાં કામોમાં સંકળાયેલું છે. તેના સંદર્ભમાં માહિતીનો અધિકાર એટલે તમામ જાહેર કામો સંબંધી હાજરીપત્રકો, બિલો, વાઉચરોની નકલો લોકાન્વેષણ (પબ્લિક ઓડિટ) માટે લોકોને મળે તેની માગણી.

આજે એક સૈદ્ધાંતિક સ્વીકૃતિ એ ઊભી થઈ છે કે વહીવટી સત્તાની ઉપર નાગરિકોનો અંકુશ વધારવા પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ માટે માહિતીનો અધિકાર એક અનિવાર્ય સાધન છે. જો કે, 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન' જેવાં સ્થાનિક સંગઠનોને સરકારી દસ્તાવેજોની નકલો મેળવવામાં ભારે મુસીબત પડતી હોવાનો અનુભવ રહ્યો છે. હાજરીપત્રકો, બિલો અને વાઉચરો જેવા દસ્તાવેજોની નકલો નાગરિકો

માગે ત્યારે તેમને તે આપવી તેવા સ્પષ્ટ વહીવટી આદેશો હોવા છતાં પણ આવો જ અનુભવ રહે છે. આથી માહિતીનો અધિકાર કાનૂની રીતે મળે એ કેટલું મહત્ત્વનું છે તે સમજાય છે. આ સંદર્ભમાં તાજેતરનાં વર્ષોમાં એક રાષ્ટ્રીય સર્વસંમતિ ઊભી થઈ છે. અને સતત ત્રણ કેન્દ્ર સરકારોએ માહિતીની સ્વતંત્રતાની બાંયધરી આપતો ખરડો પસાર કરાવવા અંગે પોતાની પ્રતિબદ્ધતા પણ જાહેર કરી છે.

### માહિતીની સ્વતંત્રતા આપતા ખરડાનું મહત્ત્વ

સૂચિત માહિતી સ્વાતંત્ર્ય (ફ્રીડમ ઓફ ઈન્ફર્મેશન) ખરડો છેલ્લાં ૫૦ વર્ષમાં ભારતમાં જાહેર વહીવટમાં અનેક રીતે સૌથી મહત્ત્વનો સુધારો બની રહે તેમ છે. એનું કારણ એ છે કે તે સરકારી કૃત્યો અને નિર્ણયો સામે વાંધો ઉઠાવવાનો, તેમની તપાસ કરવાનો, અન્વેષણ કરવાનો, સમીક્ષા કરવાનો અને તેમને આકારવાનો કાનૂની રીતે અમલમાં મૂકી શકાય તેવો અધિકાર દરેક નાગરિકને આપવા માગે છે, કે જેથી તે જાહેર હિત, ન્યાય અને સંનિષ્ઠાના સિદ્ધાંતો સાથે વધારે બંધબેસતાં બને. તે સરકારને જાહેર તપાસ માટે વધારે ખુલ્લી કરીને વહીવટમાં ખુલ્લાપણું પારદર્શિતા અને ઉત્તરદાયિત્વને મહત્ત્વ આપવા માગે છે.

માહિતી એક ચલણ છે કે જેની નાગરિકોને સમાજના શાસન અને જીવનમાં સક્રિય રીતે સહભાગી થવા માટે જરૂર છે. નાગરિકોને જેમ વધારે માહિતી પ્રાપ્ત થાય તેમ સમુદાયની જરૂરિયાતો પ્રત્યેની સરકારની પ્રતિભાવાત્મકતા વધે છે. એનાથી વિપરીત, માહિતી પર જેમ અંકુશો વધારે તેમ લોકોમાં 'સત્તાવિહીનતા' અને 'અલગાવ'ની લાગણી વધારે ઊભી થાય.

લોકોને સરકારી માહિતી અનેક રીતે પ્રાપ્ય પણ બને છે. લોકશાહીની સંસદીય પ્રથામાં સરકારી માહિતી સંસદને અને વિધાનસભામાં અપાય છે અને તેમના દ્વારા તે લોકો સુધી પહોંચે છે. લોકો તેમના ચૂંટાયેલા સભ્યો પાસેથી માહિતી મેળવી શકે છે. સરકારી ખાતાંઓના વાર્ષિક અહેવાલો, સરકારી સમિતિઓના અહેવાલો, માહિતીનું પ્રકાશન અને વહીવટી નિયમોનું પ્રકાશન વગેરે દ્વારા સરકારની માહિતી નાગરિકોને મળે છે. આધુનિક ટેકનોલોજિકલ પ્રગતિથી 'માહિતીસમૃદ્ધ' અને 'માહિતીવિહીન' લોકો વચ્ચેની હાલની ખાઈ ઘટવાની શક્યતા પણ રહે છે.

જો કે, માહિતી સ્વાતંત્ર્ય ખરડાનું મહત્ત્વ એ છે કે તે પહેલી જ વાર દરેક નાગરિકને સરકારી માહિતી મેળવવાનો કાનૂની અધિકાર આપે છે. માહિતી વિના લોકો નાગરિકો તરીકેના પોતાના અધિકારો અને જવાબદારીઓ પર્યાપ્ત રીતે નિભાવી ના શકે અથવા માહિતીપ્રદ પસંદગી ના કરી શકે. સરકારી માહિતી એ રાષ્ટ્રીય સંસાધન છે. કોઈ એક સમયની સરકાર કે તેના અધિકારીઓ પોતાના લાભ માટે કંઈ માહિતીનું સર્જન કરતા નથી. આ માહિતી તો હોદ્દાની રૂએ નિભાવવી પડતી કાનૂની ફરજો સંબંધી હેતુઓ માટે અને લોકોની સેવા માટે ઊભી કરાય છે. સરકારી સંસ્થાઓ તો લોકોની સેવા માટે જ અસ્તિત્વ ધરાવે છે અને લોકો જ એક યા બીજી રીતે સરકારનું અને તેના કર્મચારીઓના પગારનું ખર્ચ વેંઢારે છે. એટલે એનો અર્થ એ થાય કે સરકાર અને તેના અધિકારીઓ લોકો માટેની આ માહિતીના ટ્રસ્ટી હોય છે. સૂચિત માહિતી સ્વાતંત્ર્ય ખરડો લોકોને માટે કાયદાની જોગવાઈઓ અનુસાર એવા દસ્તાવેજો પ્રાપ્ય બનાવશે કે જે અન્યથા સરકારની મરજી હોય તો જ મળી શકે.




સરકારી માહિતીની પ્રાપ્તિ

માહિતીના સ્વાતંત્ર્યથી સરકારી સત્તાવાળાઓના નિર્ણયોની ગુણવત્તા સુધરે એવી અપેક્ષા પણ છે. તેનાથી નીતિવિષયક અને વહીવટી બંને પ્રકારની બાબતોમાં નિર્ણય પ્રક્રિયાની આસપાસ જે બિનજરૂરી ગોપનીયતા ઊભી થઈ હોય છે તે પણ દૂર થાય છે. તેનાથી નાગરિકોનાં જૂથો અને નાગરિકો પોતાને અસરકર્તા સરકારી નિર્ણયો વિશે માહિતગાર થશે અને આ નિર્ણયો કરતી વખતે સરકારી સંસ્થાઓ જે પ્રકારના માપદંડો અપનાવે છે તેને વિશે પણ તેઓ માહિતગાર થશે. એવી આશા છે કે તમામ નાગરિકોને રાજકીય પ્રક્રિયામાં વધુ સંપૂર્ણ રીતે અને માહિતગાર બનીને સક્રિય રીતે સહભાગી થવાની તક પૂરી પાડીને તે સહભાગી રાજકીય લોકશાહીની ગુણવત્તા સુધારશે. પ્રસ્તુત માહિતી અને જ્ઞાન પ્રાપ્ત કરીને લોકો સરકારની કામગીરીનું વધારે સારું મૂલ્યાંકન કરી શકશે અને સરકારી નિર્ણય પ્રક્રિયામાં સહભાગી થઈ શકશે તથા તેના પર પ્રભાવ પાડી શકશે, અને પોતાને અસર કરનારા કોઈ પણ પ્રશ્ન વિશેની નીતિના ઘડતર ઉપર પણ પ્રભાવ પાડી શકશે. નાગરિકોને પ્રાપ્ત થતી આવી માહિતીથી સત્તાના સ્વચ્છંદી ઉપયોગ ઉપર અને ભ્રષ્ટાચાર ઉપર જે અંકુશ આવશે તેની સંચયિત અસર જબરજસ્ત હશે.

### સરકારે માહિતીનો અધિકાર કેવી રીતે કાર્યરત કરવો?

નાગરિકોને માહિતીનો અધિકાર આપતા ખરડાની ઈચ્છનીયતા વિશે હવે કોઈ વિવાદ રહ્યો નથી. પરંતુ એને વ્યવહારમાં કેવી રીતે મૂકવો એ જ મહત્ત્વનો સવાલ છે. તેમાં માગવામાં આવેલી માહિતી નિશ્ચિત સમય મર્યાદામાં આપવામાં આવે અને એમ ન કરવામાં આવે તો જે

તે વ્યક્તિને દંડ થાય એવી જોગવાઈ એમાં થાય એ અનિવાર્ય છે.

જિલ્લા સ્તરે માહિતીના અધિકારને કાર્યરત બનાવવા માટે નીચેના મુદ્દા મહત્ત્વના છે:

**૧. વર્ગીકરણ:**

કેટલાક સંજોગોમાં જાહેર હિતમાં જ માહિતીને જાહેર ન કરવાનું વાજબી હોય એમ બને. એ સંજોગોમાં બે જાહેર હિતો વચ્ચે સંતુલન જાળવવાનું મહત્ત્વનું છે. જો કે, માહિતી સ્વાતંત્ર્યનો ખરડો માહિતીને જાહેર કરવા માટે પ્રોત્સાહન આપનારો હોવો જોઈએ. પરંતુ, એમાં રાષ્ટ્રીય સલામતીને લગતા દસ્તાવેજો કે ધંધાકીય ગુપ્તતા જાળવવા માટેની માહિતીને મુક્તિ આપી શકાય. ઉપરાંત, સરકારી કર્મચારીઓના ખાનગી અહેવાલો (કોન્ફિડેન્શિયલ રિપોર્ટ્સ) વિશેની માહિતી ન જાહેર કરી શકાય. પરંતુ માનવ અધિકારોનો અને કાયદાનો ભંગ થતો હોય તેવા કિસ્સામાં તમામ માહિતી જાહેર થવી જ જોઈએ. આમ, સરકાર પાસેની માહિતીનું વર્ગીકરણ કરવાનું અહીં જરૂરી બની જાય છે.

**૨. દસ્તાવેજોની જાળવણી:**


માહિતી સ્વાતંત્ર્યના ખરડાના અમલ માટે અને જાહેર સત્તાવાળાના ઉત્તરદાયિત્વ માટે દસ્તાવેજોની યોગ્ય જાળવણી ખૂબ જ મહત્ત્વની છે. હાલ સરકારમાં દસ્તાવેજો જાળવવાનું અને નિર્ણયોનું દસ્તાવેજીકરણ કરવાનું કોઈને માટે કાનૂની રીતે ફરજિયાત નથી. એટલે સરકારનાં કાર્યો, નીતિઓ, નિર્ણયો, કાર્યવાહીઓ અને સોદાઓના દસ્તાવેજો પૂરતી રીતે જળવાય એ આવશ્યક છે. દરેક રાજ્યના દસ્તાવેજ મહાનિયામક (ડાયરેક્ટર જનરલ ઓફ રેકર્ડ્ઝ)ને દસ્તાવેજો જાળવવાનાં ધોરણો, તેમનું અન્વેષણ, તે જાળવવાની રીતો અને તેમાં સુધારા-વધારા કરવાની રીતો જારી કરવાની સત્તા આપવી જોઈએ.

**૩. માહિતી આપવાની પદ્ધતિ:**

તમામ સરકારી કચેરીઓમાંથી માહિતી ઝડપથી અને વિશ્વસનીય રીતે મળે એ જરૂરી છે. સરકારી સંસ્થાઓ માહિતી આપવા માટે સક્ષમ અને તૈયાર હોય એના પર જ માહિતી સ્વાતંત્ર્ય ખરડાનો આધાર રહે છે. એ માટે અરજદારને તેને કઈ માહિતી જરૂરી છે તેને વિશે સરકારી કર્મચારીઓએ સમજ આપવી પડે અને એ માટે એને મદદ પણ કરવી પડે. લોકોને માહિતી આપી શકે તેવા અધિકારીઓની સંખ્યા પણ પૂરતી હોવી જોઈએ.

**૪. માહિતીનું એકપક્ષી વિતરણ:**

ઘણી બધી માહિતી તો લેખિત-મૌખિક કશીય વિનંતી સરકારને કરવામાં આવે તે સિવાય પણ સ્વૈચ્છિક રીતે સરકારે જાહેર કરવી જોઈએ. આદર્શ બાબત તો એ છે કે માહિતી સ્વાતંત્ર્યના ખરડાનો ઉપયોગ માહિતી મેળવવા માટે છેક છેલ્લાં આશરા તરીકે જ કરવામાં આવે. આને માટે તમામ સરકારી વિભાગો અને સરકારી સંસ્થાઓએ માહિતી મેળવવા માટે તેમને જે વિનંતીઓ મળે તેમનું વિશ્લેષણ કરવાની જરૂર છે. તેના પરથી તેમણે એ શોધી કાઢવું જોઈએ કે તેમાંની કઈ માહિતી એવી છે કે જે લોકોની વિનંતી વિના પણ જાહેર કરી શકાય એમ છે. માહિતી સ્વાતંત્ર્યનો ખરડો સરકારને વધુ ખુલ્લા થવાની તક પૂરી પાડે છે એમ અધિકારીઓએ સમજવું પડે.




માહિતી મેળવવા માટે યોગ્ય પદ્ધતિની જાણકારી

**૫. ખાનગી ક્ષેત્ર:**

એમ જાણવા મળે છે કે ભારત સરકાર અત્યારે જે માહિતી સ્વાતંત્ર્ય ખરડા વિશે વિચારણા કરી રહી છે તે ખાનગી ક્ષેત્ર અને બિનસરકારી સંગઠનોને લાગુ પડતો નથી. ખરેખર આ યોગ્ય નથી. આ ક્ષેત્રોની માહિતી પણ લોકોને મળે એ જરૂરી છે. જેમ કે, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પ્રદૂષણ ફેલાવતા તમામ એકમો માટે માહિતી લોકો સમક્ષ જાહેર કરે અને સલામત ધોરણો તથા પ્રદૂષણનું પ્રમાણ જાહેર કરે એ ઈચ્છનીય છે.

## જિલ્લા સ્તરે નાગરિકોને મળવાપાત્ર માહિતી

- વિકાસલક્ષી કાર્યક્રમો સંબંધી તમામ માહિતી. તેમાં અંદાજો, મંજૂરીના હુકમો, ભૌતિક પ્રગતિ અને ખર્ચ વગેરેની માહિતીનો સમાવેશ થાય.
- પરવાના, પરમિટ, કોન્ટ્રેક્ટ આપવા સંબંધી અને લાભાર્થીઓની પસંદગી સંબંધી તમામ માહિતી.
- સરકારી સેવા કે જાહેર એકમમાં કોઈ પણ નિમણૂક માટે પસંદગી સંબંધી તમામ માહિતી.
- જમીન અંગેના દસ્તાવેજો.
- સ્વતંત્રતામાં કાપ અને ગુના નિયંત્રણ સંબંધી તમામ માહિતી.
- પર્યાવરણ ઉપરની અસર સંબંધી તમામ માહિતી.

**આવી માહિતીની એક નમૂનારૂપ યાદી નીચે મુજબ છે:**

- જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનાં ફાળવણીપત્રક અને વિતરણપત્રકની નકલો.
- તમામ દસ્તાવેજો, મંજૂરીઓ, બિલો, વાઉચરો અને હાજરીપત્રકો.
- કોઈ પણ સરકારી કાર્યક્રમ માટે લાભાર્થીઓની પસંદગી માટેના માપદંડ અને કાર્યવાહી, અરજદારોની યાદી અને પસંદ થયેલી વ્યક્તિઓની યાદી.
- હોસ્પિટલો, કલ્યાણલક્ષી સંસ્થાઓ અને રખેવાળ સંસ્થાઓ વગેરેમાં પોષણ કાર્યક્રમો માટે માથાદીઠ અન્ન પાત્રતા અને ફાળવણી.
- હૉસ્પિટલોમાં દવાઓ અને અન્ય વપરાશી ચીજોની ફાળવણી અને ખરીદી.
- પરમિટ, પરવાના, ઘરની ફાળવણી, ગેસ, પાણી અને વીજળીનાં જોડાણો, કોન્ટ્રેક્ટ વગેરે આપવા સંબંધી નિયમો, અરજીઓની વિગતો સાથે અરજદારોની યાદી, પસંદ થયેલી વ્યક્તિઓની યાદી અને તે આપવા માટેની જો શરતો હોય તો તે.
- મિલકત વેરો, સ્ટેમ્પ ડ્યુટી, વેચાણ વેરો, આવક વેરો વગેરે જેવા વેરા લાદવા માટેનાં કારણો.
- જમીનોના તમામ દસ્તાવેજોની નકલો.
- મહેસૂલી, મુલકી અને ફોજદારી કેસના નિકાલનાં નિવેદનો.
- વનીકરણનાં કામોની વિગતો, જમીન-સ્થળ, છોડની જાત અને સંખ્યા તથા રક્ષણના ખર્ચ વગેરેની વિગતોનો પણ તેમાં સમાવેશ થાય છે.
- શાળામાં નોંધાયેલા અને હાજર રહેતાં તથા શિષ્યવૃત્તિ મેળવતાં બાળકોની યાદી.
- સરકાર, સ્થાનિક સંસ્થાઓ અથવા જાહેર સાહસો માટે વ્યક્તિઓની પસંદગી માટેનાં માપદંડો, કાર્યવાહી અને નિયમો, જાહેરખબરની નકલ અને /અથવા રોજગાર વિનિમય કચેરીનો સંદર્ભ, પ્રસ્તુત વિગતો સાથે અરજદારોની યાદી અને પસંદ કરાયેલા લાભાર્થીઓની યાદી.
- રોજગાર વિનિમય કચેરીઓમાંથી નામો મોકલવા માટેની કાર્યવાહી, સંભવિત નોકરીદાતાઓની માગણી સંબંધી પ્રસ્તુત માહિતી, નોંધાયેલા ઉમેદવારોની યાદી અને જે નોકરીદાતાઓને મોકલાઈ હોય તે યાદી.
- કોલેજમાં પ્રવેશ માટેનાં કાર્યવાહી, માપદંડ અને નિયમો, પ્રસ્તુત વિગતો સાથે અરજદારોની યાદી અને પસંદ થયેલી વ્યક્તિઓની યાદી.
- ખોરાકી ચીજોમાં ભેળસેળના નમૂના. હાલ લેવામાં આવેલા ત્રણ નમૂના ઉપરાંત ચોથો નમૂનો લેવો અને પારદર્શક જારમાં રાખવો, તે જાહેર તપાસ માટે પ્રાપ્ય હોય અને રાસાયણિક વિશ્લેષણના અહેવાલોની નકલો નાગરિકોને મળે.
- ગુનાખોરીના માસિક અહેવાલની નકલો.
- મહિલાઓ, આદિવાસીઓ, હરિજનો અને અન્ય પદદલિત વર્ગો સામેના ગુનાઓની નોંધણી અને નિકાલની વિગતો, કોમી રમખાણો દરમ્યાનના ગુનાઓ અને ભ્રષ્ટાચારના કિસ્સાઓની વિગતો.
- પોલિસ કસ્ટડીમાંની વ્યક્તિઓની સંખ્યા અને યાદી, તેનાં કારણો અને તેનો સમયગાળો.
- કોઈ પણ જેલમાંના કાચા કામના કેદીઓની સંખ્યા અને યાદી, તેનાં કારણો અને સમયગાળો, અદાલત સમક્ષની રજૂઆતોની વિગતો.
- કોઈ પણ રખેવાળ સંસ્થામાં મુલાકાતીઓની સમિતિઓની ફરજિયાત નિમણૂક, ફરિયાદો અંગે તપાસ કરવાની અર્ધ-અદાલતી સત્તા તેમને મળે અને સંપૂર્ણ માહિતી મળે.
- તમામ ઉત્પાદન એકમો દ્વારા હવા અને પાણીમાં છોડાતા પ્રદૂષકોનું પ્રમાણ અને તેનાં ઘટક તત્ત્વો, નાગરિકોની સમિતિને તેના આંકડા ચકાસવાનો અધિકાર, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જાહેર થયેલાં સલામત પ્રમાણોની નકલો પ્રકાશિત થાય અને માગવામાં આવે ત્યારે મળે.

### ૬. સરકારી અધિકારીઓની તાલીમ:

ખુલ્લી સરકારના ખ્યાલ સામે સરકારનાં તમામ સ્તરોમાંથી આંતરિક રીતે વિરોધ થાય એ સ્વાભાવિક છે. એનું કારણ એ છે કે એનાથી સરકારી નોકરોનું લોકો પ્રત્યેનું સીધું ઉત્તરાદાયિત્વ વધે છે, અને ભ્રષ્ટાચાર ઉપર અગાઉથી જ અંકુશ આવે છે. આવી કઈ માહિતી સરકાર પોતે જ આપમેળે જાહેર કરી શકે તેમ છે અને લોકો તરફથી આવતી વિનંતીની શાને માટે જરૂર નથી એને વિશેના નિશ્ચિત માપદંડો અંગે સરકારી અધિકારીઓને તાલીમ અપાવી જોઈએ. એ ઉપરાંત, માહિતીનો અધિકાર અને લોકશાહીની જીવંતતા પરસ્પર સંકળાયેલાં છે એ બાબત પ્રત્યે સરકારી અધિકારીઓની જાગૃતિ વધે એ ઈચ્છનીય છે.


## જાહેર સત્તાવાળાઓનું લોકાન્વેષણ

લોકશાહીમાં સૈદ્ધાંતિક રીતે લોકો સાર્વભૌમ છે. જો કે વ્યવહારમાં તેમની જિંદગીનાં અનેક પાસાં ઉપર શક્તિશાળી લોકો અંકુશ ધરાવે છે. તેઓ લોકોને ઉત્તરદાયી હોતા નથી અને કેન્દ્રીકૃત રાજ્યના માળખામાં દૂર રહ્યે રહ્યે લોકો ઉપર અંકુશ ધરાવે છે અને લોકો મહદંશે ક્ષમતાવિહીન અને સત્તાવિહીન બની રહે છે.

લોકોને માહિતીનો અધિકાર મળવાથી રાજ્યની સામે લોકો અને લોકોનાં જૂથો શક્તિશાળી બને છે. જો કે, વ્યવહારમાં આ અધિકાર ઉપર ખાસ્સો કાપ મુકાય છે કારણ કે આ અધિકાર કેવી રીતે ભોગવવો તેને વિશે લોકો જાગૃત હોતા નથી અને તેથી તેઓ માહિતીના અધિકારનો અસરકારક ઉપયોગ કરી શકતા નથી. જાહેર સત્તાવાળાઓના લોક અન્વેષણ (પબ્લિક ઓડિટ)ની પદ્ધતિ વિકસાવવામાં સ્થાનિક સ્તરના અનુભવો કામ લાગી શકે છે અને તે કેટલાક સિદ્ધાંતો વિકસાવી શકે છે.

કોઈ પણ જાહેર સત્તાવાળા એ રીતે કામ કરતા નથી કે જેમાં તેઓ સૈદ્ધાંતિક રીતે ઉત્તરદાયી ના હોય. તમામ જાહેર સંસ્થાઓની કામગીરીમાં આંતરિક નિયંત્રણની અને સુધારની વ્યવસ્થા વ્યાપક રીતે ગોઠવાયેલી હોય છે. પરંતુ પરંપરાગત રીતે ઉપરીઓ જ નિરીક્ષણ અને અંકુશનું કામ કરતા હોય છે, સરકારમાં અન્વેષણ માટે વિશિષ્ટ સંસ્થાઓ છે, અદાલતી તપાસ પણ થાય છે અને ધારાગૃહને પણ તે જવાબ આપવા બંધાયેલી છે.

પરંતુ, પહેલી જ વાર માહિતીના અધિકારનું આંદોલન લોકો દ્વારા સીધું જ અન્વેષણ થાય અને નિરીક્ષણ થાય તેને માટેનો માર્ગ મોકળો કર છે. માહિતી સ્વાતંત્ર્યનો ખરડો લોકો આ અધિકાર મેળવે તે માટેનું કાનૂની વાતાવરણ ઊભું કરે છે. પરંતુ ખરી તાકાત તો નાગરિકો એ અધિકાર ભોગવે તેમાંથી જ ઊભી થાય છે. 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન'ના અનુભવોમાંથી આ અધિકાર કેવી રીતે ભોગવી શકાય તેનાં તારણો કાઢવામાં આવ્યાં છે. ગ્રામ વિકાસનાં




જાહેર સત્તાવાળાનું લોક અન્વેષણ

કામોનું સામાજિક અન્વેષણ ગામના જ સમુદાય દ્વારા અસરકારક રીતે 'જન સુનાવણી'ના માધ્યમથી તેણે હાથ ધર્યું છે. ઉપરાંત, મધ્ય પ્રદેશ જેવી રાજ્ય સરકારોએ ગ્રામ સભાને સક્ષમ બનાવવા માટે જે પગલાં લીધાં છે તેના અનુભવોમાંથી પણ અહીં તારણો કાઢવામાં આવ્યાં છે. એવી આશા છે કે આમાંથી પર્યાવરણ અને નાગરિક સ્વાતંત્ર્ય જેવાં અન્ય ક્ષેત્રોમાં પણ અન્ય સંસ્થાઓને આવાં લોક અન્વેષણ હાથ ધરવા માટે પ્રોત્સાહન મળશે.

## સમસ્યાઓની ઓળખ

જાહેર સત્તાવાળાઓના લોક અન્વેષણની કોઈ પણ કામગીરીમાં પ્રથમ પગલું જાહેર સત્તાવાળા સાથેના સંબંધમાં લોકોને પડતી અમુક નિશ્ચિત સમસ્યાઓને ઓળખી કાઢવાનું હોય છે. આ સમસ્યા ખાસ કરીને ભ્રષ્ટ, સ્વચ્છંદી અને સત્તાનો બેફામ દુરુપયોગ કરનારા જાહેર સત્તાવાળા સામે વિશેષ ઊભી થાય છે. એ સમસ્યાઓ નીચે મુજબ

ઘણા પ્રકારની હોઈ શકે છે:

૧. ભ્રષ્ટાચાર અથવા જાહેર હિતના ભોગે ખાનગી લાભ માટે સત્તાવાર હોદ્દાનો દુરુપયોગ. દા.ત. ગ્રામ વિકાસનાં કામોમાં બાંધકામના અંદાજો, બિલ કે વાઉચરમાં બતાવાયો હોય તેના કરતાં ઓછી સામગ્રીનો ઉપયોગ, હાજરીપત્રકમાં ખોટેખોટાં નામે નાણાંની ચુકવણી વગેરે.
૨. સત્તાનો સ્વચ્છંદી અથવા ખોટો ઉપયોગ. દા.ત. સરકારી કાર્યક્રમોમાં નિર્ધારિત ધોરણોનો ભંગ કરીને લાભાર્થીઓની પસંદગી કરવી.
૩. કાયદાનો ભંગ કરીને કે ન્યાયના સુસ્થાપિત સિદ્ધાંતોનો ભંગ કરીને શક્તિશાળી લોકોની તરફેણમાં સત્તાનો ઉપયોગ કરવો કે શોષણ કરવું. દા.ત. લઘુતમ વેતન, વેઠ મજૂરી કે અસ્પૃશ્યતા અંગેના કાયદાઓનું પાલન ન થવું.
૪. વ્યક્તિનાં ગૌરવ અને અધિકારોને હાનિ પહોંચાડીને સત્તાનો દુરુપયોગ કરવો. દા.ત. પાગલખાનાંઓમાં, જેલોમાં અને રિમાન્ડ હોમમાં સ્ત્રીઓ, બાળકો અને અન્ય લોકોને અમાનવીય સ્થિતિમાં રાખવાં.
૫. લોકોને વિપરીત રીતે અસર કરનારા મહત્ત્વના નિર્ણયો તેમની સાથે ચર્ચા-વિચારણા કર્યા વિના જ લેવાય. દા.ત. સ્થાનિક લોકોને માહિતી આપ્યા વિના વિકાસ માટેની મોટી પરિયોજનાઓ શરૂ કરવી. વિસ્થાપન વિશે અને પર્યાવરણ પર પડનારી અસરો અંગે તેમને કશું જ કહેવું નહિ.
૬. અસરકારક રીતે ફરજો બજાવવી નહિ. દા.ત. જાહેર આરોગ્ય સત્તાવાળાઓ બાળ મૃત્યુ દર અને માતૃત્વ મૃત્યુ દર ઘટાડવા માટે સઘન પ્રયાસ ન કરે, ગ્રામ વિકાસના સત્તાવાળાઓ ગરીબી ઘટાડવા માટે પ્રયાસ ના કરે અને શિક્ષણ ક્ષેત્રના સત્તાવાળાઓ બાળકો શાળામાં જાય અને સાક્ષરતા વધે તે માટે પ્રયાસ ના કરે.

## પ્રસ્તુત માહિતીની ઓળખ

અહીં અમારો મુદ્દો એ છે કે જે લોકો ભ્રષ્ટ, સ્વચ્છંદી અને બેફામ રાજ્ય સત્તાનો ભોગ બનેલા છે તેઓને જો જરૂરી માહિતીથી સજજ કરાય તો જાહેર સત્તાવાળાઓનાં કામગીરી, સંનિષ્ઠા અને ઉત્તરદાયિત્વમાં સુધારો થાય.

આપણે જે પહેલો પ્રશ્ન પૂછીશું તે આ છે: જાહેર સત્તાવાળાઓ જે સત્તાનો ઉપયોગ કરે છે અને જવાબદારી અદા કરે છે તેને બાંધતાં ધોરણો, નિયમો, કાર્યવાહીઓ અને કાયદાઓ કયાં છે?

આપણે બીજો પ્રશ્ન આ પૂછવો જોઈએ: જાહેર સત્તાવાળા સાથેના સંબંધમાં લોકોને જે અમુક નિશ્ચિત સમસ્યાઓનો અનુભવ થાય છે તેના સંદર્ભમાં લોકોનો રાજ્ય સાથેનો સંબંધ મજબૂત કરે એવી કઈ માહિતી છે? બીજા શબ્દોમાં કહીએ તો, નાગરિકો અને નાગરિકોનાં જૂથોને સરકાર સાથે પનારો પડે છે ત્યારે તેમને પડતી મુસીબતોનો અસરકારક રીતે સામનો કરવા તેમણે શું શું જાણવું જોઈએ? દા.ત. આપણે એમ કહી શકીએ કે જો લોકોને સસ્તા અનાજની દુકાન માટે કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો છે અને એ કોને વહેંચવામાં આવ્યો છે તેની તેમને ખબર હોય તો લોકો જાહેર વિતરણ વ્યવસ્થામાંથી ભ્રષ્ટાચાર અને સ્વચ્છંદિતાને ઘટાડી શકે અને એ જ રીતે જો તેમને વપરાનાર સામગ્રીની જરૂરી ગુણવત્તા અંગે અને વપરાયેલી સામગ્રી અંગે માહિતી હોય તો તેઓ જાહેર કામોમાંથી પણ ભ્રષ્ટાચારને દૂર કરી શકે અને તેના પર નિયંત્રણ ધરાવી શકે.

એ પછીનું કામ સરકારી વ્યવસ્થાની અંદર જ માહિતી ઊભી થાય છે કે કેમ અને થાય છે તો ક્યાં થાય છે, કયા સ્વરૂપમાં થાય છે અને તે માહિતી કયા સ્વરૂપમાં ઊભી થાય છે, નોંધાય છે અને સંઘરાય છે એ જાણવાનું છે. દા.ત. ઉપર જે ઉદાહરણ અપાયું તેમાં અનાજની ફાળવણી અને વિતરણનું નોંધણીપત્રક, માપન ચોપડા, બિલો અને વાઉચરોમાં આ માહિતી મળે. જાહેર સત્તાવાળાની કામગીરી દરમ્યાન ઊભા થતા દસ્તાવેજોના સ્વરૂપ અંગે મોટા ભાગના નાગરિકોને બહુ ઓછી ખબર હોય એમ બની શકે છે. દા.ત. સસ્તા અનાજની દુકાનમાંના અનાજની ફાળવણી અને વિતરણ નોંધણીપત્રકો વિશે ઘણા લોકો કશું જાણતા હોતા નથી. તેથી જો રાજ્ય ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા નિભાવવા માગતું હોય તો જાહેર સત્તાવાળાઓએ જાતે જ તેમની આંતરિક કામગીરી અંગેની માહિતીનો સક્રિયપણે ફેલાવો કરવો જોઈએ. આથી જે નાગરિકો અને જૂથો માહિતીના અધિકારનો ઉપયોગ કરવા માગે છે તેઓ સૌ પ્રથમ તો જાહેર સત્તાવાળાઓની દસ્તાવેજો અને નોંધણીઓની આંતરિક કાર્યવાહીનો બારીકાઈથી અભ્યાસ કરે એ ખૂબ જ મહત્ત્વનું બની જાય છે.

પછી આપણે એ પૂછવું જોઈએ કે આવા દસ્તાવેજો મેળવવા માટે અને તેમના સુધી પહોંચવા માટે કયાં નિયમો, કાર્યવાહીઓ અને પ્રણાલીઓ છે? જો આપણે અગાઉનું જ ઉદાહરણ લઈએ તો આપણને ખબર પડે છે કે સસ્તા અનાજની દુકાનોમાં ફાળવણી અને વિતરણ પત્રકો કાનૂની રીતે ગ્રાહકોને પ્રાપ્ય નથી. બીજી તરફ, ભારત સરકારે તમામ ગ્રામ વિકાસ કાર્યક્રમો માટેનાં હાજરીપત્રકો, બિલો, માપન ચોપડા અને વાઉચરો ગ્રામ સભાની બેઠકોમાં વાંચવા તેવો આદેશ આપ્યો છે, અને લોકો દ્વારા તે માંગવામાં આવે ત્યારે તેમની નકલો આપવાનો પણ આદેશ આપ્યો છે. માહિતી સ્વાતંત્ર્યનો ખરડો પસાર થાય પછી આવા મોટા ભાગના દસ્તાવેજો લોકોને મળી શકશે એવી આશા છે. જાહેર સત્તાવાળાઓ આપમેળે આવી પહેલ કેટલાક દસ્તાવેજો માટે કરશે અને બીજા કેટલાકની નકલો માગવામાં આવશે ત્યારે મળશે.

## દસ્તાવેજોની પ્રાપ્તિ

કાયદા દ્વારા અથવા વહીવટી સૂચનાઓ દ્વારા નાગરિકોને આપમેળે દસ્તાવેજો અપાય તો તેની પ્રાપ્તિ અંગે સૈદ્ધાંતિક રીતે કોઈ સમસ્યા નડતી નથી. જો કે, જો સૂચનાઓનું પાલન ન થતું હોય તો કાયદા કે

સૂચનાઓ અનુસાર તેનું પાલન કરાવવા માટેની કાર્યવાહી કરવી પડે. જેમ કે, જાહેર માહિતી અધિકારીને માહિતી મેળવવા અપીલ કરી શકાય.

જે દસ્તાવેજો નાગરિકોને માગણી કર્યે મળે છે તેમની બાબતમાં પહેલું કદમ એ છે કે દસ્તાવેજોનું પદ્ધતિસર નિરીક્ષણ થવું જોઈએ અને સામાજિક અન્વેષણ માટે જે પછીથી જરૂરી હોય તેવા દસ્તાવજોની ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાવું જોઈએ. જો દસ્તાવેજો ખૂબ મોટા હોય (અમુક એક કામ માટે સેંકડો હાજરીપત્રકો હોઈ શકે છે) તો તે દસ્તાવેજો તપાસતાં પહેલાં જે તે વિસ્તારમાં જઈને અભ્યાસ કરવો જોઈએ કે જેથી શંકાસ્પદ દસ્તાવેજો પહેલેથી જ ઓળખી કાઢી શકાય. સ્થાનિક વિગતો અને ટેકનિકલ વિગતો બંને જેઓ બારીકાઈથી જાણતા હોય તેઓ દસ્તાવેજોને તપાસનાર ટુકડીના સભ્ય બને એ ઉપયોગી થશે કારણ કે તેથી અમુક સમસ્યા સાથે સંબંધિત નિશ્ચિત દસ્તાવેજો ઓળખી કાઢવાનું આસાનીથી શક્ય બનશે.

એક વાર આવા દસ્તાવેજો ઓળખી કઢાય પછી એ દસ્તાવેજોની પ્રમાણિત નકલો મેળવવા માટે અરજી કરવાની રહે છે. અમુક નિશ્ચિત સમય મર્યાદામાં પ્રમાણિત નકલો મળે તે માટેનો કાનૂની અધિકાર હોવો જોઈએ અને એ માટે સરકારમાં જરૂરી વહીવટી સૂચનાઓ અપાયેલી હોવી જોઈએ. જો કે, 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન'નો અનુભવ એવો રહ્યો છે કે જેનાથી ગેરરીતિ સાબિત થઈ શકે તેવા દસ્તાવેજોની નકલો આપવામાં સરકારી હુકમો પાળવામાં આવતા નથી.

આવો પ્રશ્ન જ્યારે ઊભો થયો છે ત્યારે સંગઠન દ્વારા સ્થાનિક સ્તરથી માંડીને રાજ્ય સરકાર સુધીના સત્તાવાળાઓને ફરિયાદો કરવામાં આવી છે. તેણે ગેરકાનૂની રીતે અખબારોથી માહિતી છુપાવવામાં આવે છે એમ દર્શાવ્યું છે અને સત્તાવાળાઓ સમક્ષ શાંતિમય લોકશાહી આંદોલન કરીને દબાણ લાવવા લોકોને તેણે એકત્ર કર્યા છે. એક દાખલો લઈએ. હરમારા ગ્રામ પંચાયતના સરપંચે પંચાયતમાં થયેલાં કામોનાં હાજરીપત્રકો, બિલો અને વાઉચરોની નકલો આપવાનો ઈન્કાર કર્યો. સંગઠનના કાર્યકર્તાઓએ અનેક વાર સરપંચની મુલાકાત લઈને તેમને વિનંતીઓ કરી. તેમણે કેટલી વાર આવી વિનંતીઓ કરી તેની નોંધ પણ રાખી. તેમણે આવી ૬૫ મુલાકાતો લીધી હતી પણ તેમાં તેમને ઝાઝી સફળતા મળી નહોતી. થોડા વખત પછી સરપંચ અને પંચાયત મંત્રીએ પંચાયત ઘરમાં આવવાનું જ બંધ કરી દીધું. સંગઠનના કાર્યકરો પછી તેમને ઘેર ગયા તો તેમને ધક્કામુક્કી કરીને બહાર હાંકી કાઢવામાં આવ્યા. આ અંગે સરપંચે સંગઠનના કાર્યકરો સામે પોલિસમાં ખોટી ફરિયાદ નોંધાવી. સામે પક્ષે કાર્યકરોએ પણ પોતાની એફઆઈઆર નોંધાવી. માહિતીના અધિકાર અંગેની રાજસ્થાન રાજ્ય ઝુંબેશ સમિતિએ 'પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ' (પીયુસીએલ)ના રાજ્ય એકમની સાથે મળીને ધરણા કર્યા પણ સરપંચે મચક ન આપી તે ન જ આપી. પછી, સંગઠન દ્વારા કિશનગઢના વિભાગીય વડા મથકે ધરણા યોજવાની નોટિસ આપી. તેને 'રાષ્ટ્રીય માહિતી અધિકાર ઝુંબેશ સમિતિ'એ ટેકો આપ્યો. છેવટે સરપંચે માગવામાં આવેલા ૨૦ કામોના દસ્તાવેજોમાંથી માત્ર ત્રણ દસ્તાવેજો આપ્યા. એ પણ પૂરા નહોતા અને વિશ્વસનીય નહોતા, કારણ કે તેમાં ઘણી જ છેકછાક થયેલી હતી. બ્લોક ઓફિસે ધરણાની આગલી રાતે ૧૩ કામો માટેનાં હાજરીપત્રકો આપ્યાં, પણ બિલો અને વાઉચરો ના આપ્યાં. કલેક્ટરે વિશેષ અન્વેષણનો અને દસ્તાવેજો જપ્ત કરવાનો હુકમ કર્યો અને તેમ છતાં તેનો અમલ ના થયો.

એનાથી વિરુદ્ધ, કુકુરખેડા પંચાયતમાં સંગઠનના કાર્યકર્તાઓએ ગ્રામ પંચાયતની બેઠકમાં દસ્તાવેજોની માગણી કરી પણ તે આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો. તેમણે ઉપરી સત્તાવાળાઓને ફરિયાદ કરી

## જિલ્લા સ્તરે સરકાર દ્વારા આપમેળે જાહેર કરી શકાય તેવી માહિતી

- સરકારી નોકરી, કરાર, યોજના, પરવાના, ઘરોની ફાળવણી, જમીનની ફાળવણી વગેરેની પસંદગી માટેનાં માપદંડો અને કાર્યવાહીની વિગતો.
- ઉપરોક્ત બાબતો માટેના અરજદારોની અને પસંદગી પામેલાઓની યાદી.
- ૨૪ કલાક કરતાં વધુ સમય માટે કસ્ટડીમાં રખાયેલા લોકોની યાદી, તેનાં કારણો અને જરૂરી કાનૂની વિગતો.
- તમામ જમીનો અંગેના દસ્તાવેજો.
- તમામ જાહેર કામોનાં અંદાજો, હાજરીપત્રકો, બિલો અને વાઉચરો.
- પ્રદૂષક ઉદ્યોગો દ્વારા હવા અને પાણીમાં રોજ છોડાતા પ્રદૂષકોનું પ્રમાણ અને લઘુતમ સલામત ધોરણ.
- જંગલોનું વાસ્તવિક અને આદર્શ પ્રમાણ અને એના વાર્ષિક અહેવાલો.
- કારખાનાંઓમાં સંઘરવામાં આવેલી ખતરનાક સામગ્રી અને ગળતરના કિસ્સામાં રાખવા માટે જરૂરી સાવચેતીઓ.
- ગુનાખોરીના માસિક અહેવાલો અને મહિલાઓ તથા નબળા વર્ગો સામેના ગુનાઓ તથા ભ્રષ્ટાચારના કિસ્સાઓ.
- કરવેરાના નિયમો, કરદાતાઓ, આકારણી, ઉઘરાણી અને કરચોરોની યાદીઓ અને આંકડાઓ.
- વહીવટનો ખર્ચ, પગાર, પ્રવાસ અને મનોરજંન વગેરેનો ખર્ચ. તમામ જાહેર સંસ્થાઓના કુલ ખર્ચની વિગતો અને તેમાં વહીવટી ખર્ચનું ટકાવારી પ્રમાણ.
- કામગીરીના નિર્દેશકો અને તમામ જાહેર સંસ્થાઓની વાસ્તવિક કામગીરી.
- તમામ સરકારી નોકરોની સ્થાવર-જંગમ મિલકતોની વાર્ષિક વિગતો.

પણ સમસ્યાનો કંઈ નિકાલ આવ્યો નહિ. પછી તેમણે આંદોલન શરૂ કર્યું. બીડીઓની કચેરીએ ધરણા કર્યા અને સરપંચને ઘેરાવ કર્યો. બે જ સપ્તાહમાં એ ઢીલા પડ્યા અને પંચાયતનાં તમામ કામોના દસ્તાવેજો આપ્યા.

### દસ્તાવેજોની તપાસ

નાગરિકો, સંસ્થાઓ અને ગામના લોકો આ દસ્તાવેજો તપાસે અને તેમનો ઉપયોગ કરે તે માટે દસ્તાવેજોમાં પડેલી માહિતીને એ રીતે ગોઠવવી પડે અને વ્યવસ્થિત કરવી પડે કે જેથી તે સમજવાનું અને ચકાસવાનું આસાન બને.

આપણે હાજરીપત્રકોનું ઉદાહરણ લઈએ. આ હાજરીપત્રકોમાંની માહિતીને ચાર કોલમના એક કોઠામાં સાદી રીતે મૂકી શકાય. પહેલી કોલમમાં કામદારોનાં નામ, બીજી કોલમમાં જે સપ્તાહ કે પખવાડિયામાં તેમણે કામ કર્યું હોય તે, ત્રીજી કોલમમાં કામના દિવસો અને ચોથી કોલમમાં થયેલી રકમની ચુકવણી દર્શાવાય. જે તે વિસ્તારની મુલાકાત લઈને આ માહિતી સાચી છે કે ખોટી તેની ચકાસણી થઈ શકે. રહીશોનાં નાનાં જૂથોમાં હાજરીપત્રક સાચાં છે કે ખોટાં તેની ચકાસણી કરવાનું ખૂબ જ ઉપયોગી બને. દા.ત. યાદીમાં જેમનાં નામ છે એ તમામ વ્યક્તિઓના સંદર્ભમાં નીચેની બાબતો ચકાસાય: ૧. તેમનું ખરેખર અસ્તિત્વ છે ખરું ? ૨. તેમણે અમુક દિવસોએ કામ કર્યું છે? ૩. જેટલી રકમ નોંધવામાં આવી છે એટલી ખરેખર તેમને ચૂકવાઈ છે? ૪. તેમણે હાજરીપત્રકમાં જાતે સહી કરી છે? એ જ દિવસો દરમ્યાન અન્ય પંચાયતોની યાદીઓમાં પણ તેમનાં નામ છે? જો પૂરતાં સંસાધનો હોય તો જે તે વિસ્તારની ચકાસણીની પ્રક્રિયાનું વિડિયો રેકોર્ડિંગ કરી શકાય.

બીજું એક ઉદાહરણ લઈએ. જાહેર કામોનાં વાઉચર અને બિલની મેળવણી અને ચકાસણી આ રીતે થઈ શકે: નોંધવામાં આવ્યું છે તે મુજબ વપરાયેલી સામગ્રીની યાદી બનાવો. તેમાં વપરાયેલી સામગ્રીનો પ્રકાર, એકમ દીઠ ખર્ચ, વપરાયેલો જથ્થો, ખરીદી અથવા ખોદકામનું સ્થળ અને સામગ્રીનું કુલ ખર્ચ દર્શાવવું. બાંધકામ દરમ્યાન વિવિધ સામગ્રીઓ ભેગી કરવા માટેનાં નિર્ધારિત ધોરણો અંગે ટેકનિકલ નિષ્ણાતો સાથે ચર્ચા કરો. કામના સ્થળે લોકો સાથે વાતચીત કરવામાં અને જૂથોમાં ચર્ચા કરવામાં એ વિગતો ઉપયોગી થશે. કેટલીક પૂછપરછ આ મુજબ થઈ શકે. જેટલી સામગ્રીનો ઉપયોગ કરવાનું દર્શાવાયું છે એટલી સામગ્રીનો ઉપયોગ કામના સ્થળે ખરેખર થયો છે? સ્થળ બતાવાયું હતું ત્યાંથી જ તે લવાઈ છે? વિવિધ સામગ્રી વચ્ચેનું નિર્ધારિત પ્રમાણ જળવાયું છે? જો સ્થાનિક પુરાવા એમ કહેતા હોય કે અમુક પ્રમાણ જળવાયું છે તો તે માપન ચોપડામાં જણાવાયેલા પ્રમાણ સાથે મેળ ખાય છે?

દરેક પ્રશ્ન અને દસ્તાવેજોના પ્રકારને માટે અગાઉથી તેમને વિશે સમજ કેળવવી જોઈએ. દસ્તાવેજોમાંની વિગતો સમજવી પડે, સંભવિત ગેરરીતિઓના પ્રકારો સમજવા પડે અને દસ્તાવેજો સાથે ચેડાં કેવી રીતે થઈ શકે છે તે પણ સમજવું પડે. એને આધારે દસ્તાવેજોની વ્યવસાયી રીતે ચકાસણી કરવા માટે અને તેમનો મેળ બેસાડવા માટે દરેક કિસ્સાના સંદર્ભમાં નિશ્ચિત પદ્ધતિ અપનાવવી પડે. અને એ રીતે ગેરરીતિ કે ભ્રષ્ટાચારના પ્રથમદર્શી કેસ શોધી કાઢવા પડે.

### ફરિયાદોના નિવારણ માટે માહિતીનું અન્વેષણ

સત્તાના દુરુપયોગ કે ભ્રષ્ટાચારના પ્રસ્તુત દસ્તાવેજોની પ્રમાણિત નકલો સહિતના પ્રથમદર્શી પુરાવા નાગરિકો કે તેમના જૂથ પાસે હોય તો ફરિયાદના નિવારણ માટે મહદંશે ત્રણ વિકલ્પો રહે છે:

૧. નાગરિકો કે તેમનાં જૂથો જાહેર સત્તાવાળાઓના ફરિયાદ નિવારણ માટેના પરંપરાગત તંત્રનો ઉપયોગ કરી શકે છે. તેમાં ભ્રષ્ટાચાર નિયંત્રણ સત્તાવાળાઓ કે નિરીક્ષકોને અરજ કરવાની હોય છે અને તેમને પ્રસ્તુત દસ્તાવેજોની નકલો સુપરત કરવાની હોય છે. આમાં સામાજિક અન્વેષણ (સોશ્યલ ઓડિટ) માટેની કોઈ વ્યવસ્થાનો સમાવેશ થતો નથી.

૨. કાયદા હેઠળની જે વ્યવસ્થા હોય તેમનો આશરો પણ લોક અન્વેષણનો માર્ગ મોકળો કરવાના સ્પષ્ટ હેતુ સાથે નાગરિકો કે તેમનાં જૂથો લઈ શકે છે. એનું એક ઉદાહરણ ગ્રામ સભા છે. ગ્રામ સભાને ભારત સરકારની સૂચનાઓ અન્વયે તમામ ગ્રામ વિકાસ કાર્યક્રમોનું સામાજિક અન્વેષણ હાથ ધરવાની ખાસ સત્તા મળેલી છે. જો કે, મોટા ભાગના કિસ્સાઓમાં, નાગરિકો અથવા તેમનાં જૂથોને ગ્રામ સભા તદ્દન નિષ્ક્રિય અથવા તો મૃત:પ્રાય જણાય એવું બને. તેનું કારણ એ છે કે મોટા ભાગના સભ્યો ગ્રામ સભામાં તેમના શા અધિકારો છે તેને વિશે કશું જાણતા નથી અથવા તો તેને વિશે કશી ચિંતા કરતા નથી. સામાજિક અન્વેષણના વાહન તરીકે ભાગ્યે જ ગ્રામ સભાઓ કામ કરે છે. એટલે સંબંધિત નાગરિકોએ કે તેમનાં જૂથોએ લોકો ગ્રામ સભાની બેઠકમાં ભાગ લેતા થાય એ માટે પ્રયાસ કરવો પડશે. એ માટે તેમને સમજાવવું પડશે કે ગ્રામ સભાની બેઠકમાં હાજરી આપવી એ મતદાન કરવા જેવી જ મહત્ત્વની ફરજ છે. તેઓ લોકોને તેમના અધિકારો વિશે માહિતી આપશે, અન્યાયનો ભોગ બનેલાઓને તથા વંચિત જૂથોને આવી બેઠકોમાં બોલવા માટે પ્રોત્સાહન આપશે, ગ્રામ સભામાં લોકોને સમજાય તે રીતે માહિતી રજૂ થાય તે જોશે, લેવાયેલા નિર્ણયો કાનૂની રીતે નોંધાય તે જોશે અને એ નિર્ણયોનું પાલન થાય તે પણ જોશે. આમ, અનેક રીતે સક્ષમ બનેલી ગ્રામ સભા 'જન સુનાવણી'ની જેમ જ કામ કરશે.

૩. સંબંધિત નાગરિકો કે તેમના જૂથ માટે લોક અન્વેષણ માટે ત્રીજો રસ્તો સંગઠિત સામુદાયિક પગલાંનો છે. તે અંતર્નિહત લોકતાંત્રિક અધિકારો અને માહિતીના અધિકાર ઉપર આધારિત છે. આનું એક ચીલો ચાતરનારું નોંધપાત્ર ઉદાહરણ રાજસ્થાનમાં


એમકેએસએસ દ્વારા આયોજિત 'જન સુનાવણી' છે. તેણે 'જન સુનાવણી' માટે જે પદ્ધતિ અપનાવી તેને વિશે આપણે અહીં વાત કરીશું. જો કે, સ્થાનિક લોકોને અનુકૂળ આવે તેવી પદ્ધતિ દરેક જૂથે પ્રયોગોને આધારે વિકસાવવી જોઈએ. આવી પદ્ધતિ જૂથની પોતાની તાકાત, જાહેર સત્તાવાળાઓનો પ્રતિભાવ અને આંદોલન માટેના મુદ્દાઓ પર પણ આધાર રાખે છે.

## 'જન સુનાવણી'નું આયોજન

અહીં 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન' દ્વારા આયોજિત 'જન સુનાવણી'ની પદ્ધતિનું વર્ણન કરવામાં આવ્યું છે. 'જન સુનાવણી' માટેની આરંભની તૈયારીમાં અગાઉ જે પગલાં દર્શાવ્યાં છે તેમનો સમાવેશ થાય છે. તેમાં લોકોની સમસ્યાઓ ઓળખવી, પ્રસ્તુત માહિતી ઓળખવી, દસ્તાવેજો મેળવવા અને ચકાસવા વગેરે બાબતો સામેલ થાય છે. ભ્રષ્ટાચારના પ્રથમદર્શી કિસ્સા નજરે પડે પછી અને જરૂરી દસ્તાવેજી પુરાવાઓ મળે પછી 'જન સુનાવણી' માટેની તારીખ નક્કી થઈ શકે છે.

જે જે સ્થળે જાહેર કામ થયું હોય તે તે સ્થળે અસરગ્રસ્ત લોકો વચ્ચે નાનાં જૂથોમાં માહિતીની આપ-લે કરવાથી 'જન સુનાવણી' માટે લોકો ભેગા થઈ શકે છે. નાનાં જૂથોમાં મળેલી આ બેઠકોમાં આરંભિક તારણોની ચકાસણી પણ થઈ શકે છે અને તેમાં આવનારા લોકોને 'જન સુનાવણી'માં ભાગ લેવા નિમંત્રણ આપી શકાય છે. ભીંતો પર લખાણ લખીને તથા ચોપાનિયાં વહેંચીને પણ લોકોને 'જન સુનાવણી' વિશે માહિતી અને નિમંત્રણ આપી શકાય. આ લખાણોમાં ભ્રષ્ટાચારના પ્રથમદર્શી કિસ્સાની કેટલીક વિગતો કોઈના પર પણ સીધો આરોપ મૂક્યા વિના આપી શકાય.

અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે સામેનો પક્ષ પણ અનેક રીતોએ લોકોને પોતાના પક્ષે ખેંચવાનો પ્રયાસ કરી રહ્યો હશે. તે સમજાવટની,




ફરિયાદોના નિવારણ માટે માહિતીનું અન્વેષણ

કુટુંબ અને જ્ઞાતિ પ્રત્યે વફાદારી માટે અપીલ કરવાની, ધમકીઓની અને ખુલ્લંખુલ્લા કે ગર્ભિત હિંસાની ધમકીની પદ્ધતિ અજમાવતો હશે. ઘણા કિસ્સામાં એમ પણ બને કે ભૂતકાળમાં કામદારોને જે વેતન ના ચુકવાયું હોય તે છૂપી રીતે હવે ચૂકવવામાં આવે. દા.ત. હરમારા ગામના સરપંચે લોક અન્વેષણની પ્રક્રિયા શરૂ થયા પછી જ રૂ. ૧.૫૦ લાખની ચુકવણી કરી હતી. વળી, સામેનો પક્ષ વાટાઘાટો માટે તૈયાર થાય એમ પણ બને. પરંતુ આવી મંત્રણાઓ સંપૂર્ણ પારદર્શકતા સાથે જ હાથ ધરાવી જોઈએ.

સામેનો પક્ષ આ રીતે તૈયારીઓ કરે તેના સંદર્ભમાં લોક અન્વેષણ યોજનારાએ શાંત અને છતાં મક્કમ રહેવાની જરૂર છે. વળી, તેમણે સમજવું જોઈએ કે અત્યાર સુધી જે માહિતીથી તેઓ વંચિત હતા તે માહિતી તેમને મળતાં તેઓ તાકતવર બન્યા છે. પણ તેઓ વ્યક્તિગત રીતે સત્તાનો ઉપયોગ ન કરે અને લોકોની માહિતીના પોતે માત્ર રખેવાળ છે તથા લોકો તેમની સત્તાનો ઉપયોગ કરે તે માટે તેમને સક્ષમ બનાવવાના છે એમ તેઓ સમજે તે માટે તેમને અગાઉથી પ્રશિક્ષણ અપાવું જોઈએ.

સરકારી અધિકારીઓ અને ગ્રામ, તાલુકા તથા જિલ્લા પંચાયતોના સભ્યોને પણ 'જન સુનાવણી'માં નિમંત્રવામાં આવે છે. 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન' નિષ્પક્ષ નિરીક્ષકોને પણ બોલાવે છે. તેમાં જાહેર જીવનના અગ્રણીઓ, પત્રકારો અને વ્યવસાયીઓનો સમાવેશ થાય છે. સંગઠનનો એવો અનુભવ રહ્યો છે કે એવા સભ્યો સહિતના પંચાયતના સભ્યો 'જન સુનાવણી'નો કોઈ કાનૂની દરજ્જો ના હોવા છતાં પણ તેમાં હાજર રહે છે. આ બાબત 'જન સુનાવણી'ના સર્વસમાવેશી સ્વરૂપ સાથે સંકળાયેલી છે. તેમાં એનું ધ્યાન રાખવામાં આવે છે કે સુનાવણી સીધીસટ, પૂરતી હિંમત સાથે યોજાય પણ તેમાં કોઈ વ્યક્તિગત રાગદ્વેષ ન હોય અને બેજવાબદાર રીતે કાદવ ઉછાળ પ્રવૃત્તિ તેમાં ન થાય. સ્થાનિક અધિકારીઓ અને લોકોના પ્રતિનિધિઓને નિષ્પક્ષ નિરીક્ષકોની સાથે જ મંચ ઉપર સ્થાન આપવામાં આવે છે.

'જન સુનાવણી'ના આરંભે સભાના નિયમો જણાવી દેવાય છે. જે કોઈ હાજર છે તે બધાને બોલવાનો અધિકાર છે, સિવાય કે કોઈ શરાબ પીધેલી હાલતમાં હોય. તેમણે જે તે વિષય વિશે જ વાત કરવાની રહે છે અને સંયમિત ભાષા બોલવાની રહે છે. કોઈ પણ વ્યક્તિના ગૌરવને હાનિ પહોંચે તેવા શબ્દો કે વાક્યો કોઈ પણ વ્યક્તિએ ન બોલવાં જોઈએ.

એ પણ સ્પષ્ટ કરવામાં આવે છે કે ગામના લોકો જે પ્રશ્નો વિશે વાત કરવા માગે છે તે પ્રશ્નો વિશે જ સંગઠન વાત કરશે. એ પછી નક્કી કરાયેલા કિસ્સા એક પછી એક હાથ ધરવામાં આવે છે. દસ્તાવેજો, પ્રસ્તુત નિયમો અને ટેકનિકલ વિગતો માત્ર વાંચવામાં નથી આવતી

પરંતુ તેને નાની નાની કરીને, છૂટી પાડીને, તદ્દન સાદા શબ્દોમાં રજૂ કરવામાં આવે છે કે જેથી લોકો તે સમજી શકે. નિરીક્ષકો જ્યારે ઈચ્છે ત્યારે વચ્ચે કંઈક પૂછી શકે છે. સરકાર અને પંચાયતોના સત્તાવાળાઓને કોઈ પણ પ્રશ્નને તેમનો બચાવ કરવા માટેની અથવા સ્પષ્ટતા કરવા માટેની તેમને છૂટ હોય છે અને તે માટે તેમને પ્રોત્સાહન પણ અપાય છે.

### અનુવર્તી પગલાં

સામાજિક અન્વેષણ માટેની ગ્રામ સભા જેવી કાનૂની દરજ્જાવાળી સંસ્થાઓ દ્વારા લોક અન્વેષણ હાથ ધરાય કે પછી 'જન સુનાવણી' જેવી નવતર લોકશાહી ઢબે એ હાથ ધરાય, પણ એક મોટો પ્રશ્ન હજુ પણ રહે છે. એ પ્રશ્ન આ છે: ગામના સક્ષમ બનેલા અને સુમાહિતગાર લોકો જાહેર સંસ્થાઓના સત્તાવાળાઓના સત્તાના દુરુપયોગના પુરાવાથી સજ્જ થઈને પણ દોષિતોને સજા થાય અને જાહેર હિતની પુનર્સ્થાપના થાય એવું કંઈક કેવી રીતે કરી શકશે?

આમાં ઘણા જટિલ પ્રશ્નો રહેલા છે. એ માટે આપણે કુકુરખેડા પંચાયતનો કિસ્સો જ તપાસીએ. 'જન સુનાવણી'માં જાહેર કામોમાં એક મહિલા સરપંચને રૂ. ૧ લાખની ગેરરીતિ માટે દોષિત ઠરાવાઈ અને 'જન સુનાવણી' દરમ્યાન જ તેણે તેમાંથી રૂ. ૫૫,૦૦૦ પરત કર્યા. આ રકમ પછી પંચાયત ભંડોળમાં જમા કરવામાં આવી. ગામના લોકો અને સંગઠનને આમાં પોતાનો વિજય દેખાયો. પણ જે રકમની ગેરરીતિ આચરાઈ હતી એ પાછી આવે એ પૂરતી સજા છે કે કેમ અથવા ધાક જમાવવા માટે એ પર્યાપ્ત છે કે કેમ અને ફોજદારી કેસ નોંધાવવો જોઈએ કે કેમ એવા પ્રશ્નો પણ ઉઠાવવામાં આવ્યા.

'જન સુનાવણી'ના બે દિવસ પછી તાલુકા પંચાયતના વડાએ કુકુરખેડા પંચાયતનાં કામોનું ખાસ અન્વેષણ યોજ્યું અને ભ્રષ્ટાચારના ઘણા પ્રથમદર્શી કિસ્સા નોંધ્યા. એ પછી સરપંચ અને પંચાયત મંત્રી સામે કાનૂની પગલાં ભરવાને બદલે તાલુકા પંચાયતના વડાએ તાલુકાના બધા સરપંચોની મીટિંગ બોલાવી અને એ બધાએ કુકુરખેડાના મહિલા સરપંચને સમજાવ્યાં. તેમને એમ લાગ્યું કે તેઓ ફસાઈ ગયાં છે. એટલે તેમણે પંચાયત ભંડોળમાંથી ગેરકાનૂની રીતે લીધેલા રૂ. ૫૦,૦૦૦ પાછા આપ્યા. પણ જિલ્લા કે તાલુકા અધિકારીઓએ તેમની સામે કોઈ પગલાં ભર્યાં નહિ.

એનાથી વિરુદ્ધ, અજમેર જિલ્લામાં બે સરપંચોએ 'જન સુનાવણી' દરમ્યાન તેમણે અગાઉ લીધેલાં નાણાં પરત કર્યાં. કલેક્ટરે ખાસ અન્વેષણનો હુકમ કર્યો. જમીન મહેસૂલ ખાતે એ નાણાં જમા કર્યાં અને બંને દોષિતો સામે એફઆઈઆર નોંધાવી. આ બંને સરપંચ અત્યારે અદાલતી કસ્ટડીમાં છે. આ બે પરસ્પર વિરોધાભાસી ઉદાહરણો એક મૂળભૂત પ્રશ્ન ઊભો કરે છે અને તે એ છે કે જો વ્યક્તિ લોક અન્વેષણ દરમ્યાન દોષિત સાબિત થાય અને છતાં સત્તાવાળાઓ તેની સામે કોઈ પગલાં ન ભરે તો નાગરિકો પાસે કે તેમનાં જૂથો પાસે કયો વૈકલ્પિક ઉપાય બાકી રહે છે? આના કોઈ તૈયાર જવાબો નથી. એનું કારણ એ છે કે જાહેર સત્તાવાળાઓનું લોક અન્વેષણ એ એક તદ્દન નવતર પગલું છે અને વિવિધ પ્રદેશોમાં વિવિધ પ્રશ્નો અંગે કામ કરતાં વિવિધ જૂથોના અનુભવોમાંથી જ કંઈક ઉપાય જડી આવશે.

### ઉપસંહાર

અહીં આપણે એ બાબત પર ભાર મૂક્યો છે કે નાગરિકો અને તેમનાં જૂથો માહિતીના કાનૂની અધિકારથી જાહેર સત્તાવાળાઓના તમામ નિર્ણયો વિશે તપાસ કરવાની, તેમને આકારવાની અને તેમનું અન્વેષણ કરવાની શક્તિ મેળવશે.

આ અધિકારનો ઉપયોગ કરવા માટે નાગરિકોએ કે તેમનાં જૂથોએ સમસ્યાને અને તેને સંબંધિત દસ્તાવેજોને બરાબર ઓળખી કાઢવાની જરૂર રહે છે. દસ્તાવેજો મેળવીને તથા જે તે વિસ્તારમાં જઈને પૂછપરછ કરી માહિતી મેળવીને નાગરિકો અને તેમનાં જૂથો સરકારની અંદર જ ફરિયાદ નિવારણની જે પ્રણાલીગત વ્યવસ્થા છે તેનો ઉપયોગ કરી શકે છે. એના વિકલ્પે તેઓ ગ્રામ સભા જેવી કાનૂની દરજ્જો ધરાવતી સંસ્થા દ્વારા અથવા 'જન સુનાવણી' જેવી નવતર લોક સંસ્થા હેઠળ લોક અન્વેષણનું આયોજન કરી શકે છે. આ રીત અજમાવવાથી નાગરિકો, તેમનાં જૂથો અને સમુદાયો જાહેર સત્તાવાળાઓ તેમની સત્તાના ઉપયોગમાં કેટલા ન્યાયી રીતે વર્તે છે અને કેટલી સંનિષ્ઠા જાળવે છે તેને વિશે જાણકારી મેળવીને સક્ષમ થાય છે. જો કે, નાગરિકો અને નાગરિક જૂથો માટે નીંભર સત્તાવાળા ઉપચારાત્મક પગલાં લે તે માટે તેમને મનાવવાનો મોટો પડકાર તો રહે જ છે. પરંતુ નાગરિકો અને રાજ્ય વચ્ચેના વિવાદમાં માહિતી સત્તાનું હાલનું સંતુલન બદલી શકે છે અને રાજ્યના સંદર્ભમાં નાગરિકોની સત્તા વધારી શકે છે.

### પૃષ્ઠ ૨૯નો શેષ ભાગ

ગુજરાત સરકાર સમક્ષ આ સ્ત્રી કામદારોની સામાજિક સુરક્ષા માટે સંસ્થા દ્વારા શું શું રજૂઆતો થઈ છે અને શામાં થોડીઘણી સફળતા મળી છે તેની વિગતો પણ આપવામાં આવી છે. મધ્ય પ્રદેશમાં ૧૦૦૦ અગરબત્તી તૈયાર કરવાના રૂ. ૨૭ વેતન મળે છે અને ગુજરાતમાં માત્ર રૂ. ૩.૫૦ વેતન મળે છે એમ જણાવીને અગરબત્તી કામદારોની દયનીય સ્થિતિનું આમાં વર્ણન કરાયું છે અને છેલ્લે તેમની સ્થિતિ સુધારવા માટે ૭ રચનાત્મક સૂચનો પણ કરાયાં છે. પ્રાપ્તિ સ્થાનઃ સેવા અકાદમી, વિક્ટોરિયા બાગ સામે, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧.

# દલિત સરપંચ સવિતાબહેનની સફળ સંઘર્ષગાથા

ઉન્નતિ-વિકાસ શિક્ષણ સંસ્થાને પંચાયતી રાજમાં મહિલાઓ અને દલિતોની સ્થિતિ વિશે એક અભ્યાસ હાથ ધર્યો છે. આ અભ્યાસ અંતર્ગત ક્ષેત્રીય મુલાકાત દરમ્યાન 'ઉન્નતિ'ના **શ્રી તાપસ સત્પથી** અને **શ્રી સંજય દવે** (ચરખા)એ સઢા ગામના દલિત સરપંચ સવિતાબહેનની અન્યાય સામેની બહાદૂરીપૂર્વકની લડત અંગે તેમની સાથેની વાતચીત ઉપરથી આ લેખ તૈયાર કર્યો છે.

ગાંધીજીનું એક સ્વપ્ન હતું કે, દરેક ગામમાં એવું સ્વરાજ હોય, જ્યાં લોકોનું, લોકો માટેનું, લોકો દ્વારા ચાલતું શાસન હોય. ગામનાં સંસાધનો ઉપર ગામનાં સૌ કોઈના સમાન અધિકાર અને અંકુશ હોય. ગાંધીજીના આ સ્વપ્નને સાકાર કરવા માટે આપણી સરકાર દ્વારા પંચાયતી રાજનો ખ્યાલ અમલમાં આવ્યો. પંચાયતી રાજ એટલે લોકોનું રાજ.

જ્યાં દલિતો, વંચિતો અને સમાજના છેવાડાના લોકોના અધિકારોનું જતન થતું હોય અને ગામનાં સંસાધનો ઉપર પણ તેમનો અંકુશ હોય તે જ સાચું પંચાયતી રાજ કહેવાય. આજે ભારતમાં અને ગુજરાતમાં ઠેરઠેર પંચાયતી રાજ વિચારધારાની હાંસી ઊડતી જોવા મળે છે. સામાજિક વિકાસની પ્રક્રિયામાં છેવાડે રહી ગયેલા વંચિતો અને દલિતો ઉપરના અત્યાચારો વધી રહ્યા છે, તેમનું બધી રીતે શોષણ થઈ રહ્યું છે. તેમાંય ખાસ કરીને દલિત મહિલાઓનો સૌથી વધુ ભોગ લેવાય છે. અહીં આવી જ એક દલિત મહિલાની સંઘર્ષગાથા પ્રસ્તુત છે:

સાબરકાંઠાના હિંમતનગરથી ત્રીસેક કિમી દૂર સઢા ગામનાં સવિતાબહેન ગામના સરપંચ છે. ૧૯૯૫ની ચૂંટણીમાં બહુમતીથી ચૂંટાયેલાં સવિતાબહેને ચૂંટાયા પછી તરત ગામનાં વિકાસનાં કામો હાથ ધર્યાં. પંચાયતના ભંડોળમાંથી ગામનાં વિકાસ કાર્યો માટે સરપંચ ખર્ચ કરી શકે છે. સવિતાબહેને પંચાયતનાં આ ભંડોળમાંથી ગામની જરૂરિયાત મુજબ ગામનો ૧૨૦૦ ફૂટનો આર.સી.સી.રોડ બનાવ્યો, ૭૦૦ ફૂટની પાણીની પાઈપલાઈન નંખાવી, પાણીની એક ટંકી બનાવડાવી, ગામ માટે કૉમ્યુનિટી હૉલ બનાવડાવ્યો અને ઈલેક્ટ્રિક મોટર પણ નખાવી.

વળી, ગામના પાંચ નિરાધાર વ્યક્તિઓને નિરાધાર સહાય યોજનાનો લાભ અપાવ્યો, પાંચ કુટુંબોને મરણોત્તર ક્રિયા માટે સરકારી યોજનામાંથી નાણાં અપાવ્યાં. આવાં તો અનેક સદ્‌કાર્યોથી સવિતાબહેને ગામલોકોનાં હૃદયને જીતી લીધાં. ગામના લોકો સવિતાબહેનની કામગીરીથી સંતોષ અને ખુશી અનુભવવા લાગ્યા. પરંતુ પંચાયતના સભ્યોને સવિતાબહેનની



સફળતાની અદેખાઈ આવવા લાગી. સવિતાબહેન દલિત મહિલા છે એ એમની અદેખાઈનું મુખ્ય કારણ હતું. એક દલિત મહિલા ગામના વિકાસનાં કામોનો જશ લઈ જાય એ એમને કઠતું હતું. આ પંચાયત સભ્યોમાં ઉચ્ચ વર્ણના સભ્યોની સાથે સાથે દલિત સભ્યો પણ હતા. ચૂંટાયા પછી પોતાના સગા-સંબંધીઓનો રબ્બર સ્ટેમ્પ બની રહેવાને બદલે તેમણે પોતાની સૂઝથી ગામનાં કામો કરવા માંડ્યાં. તેથી ગ્રામ પંચાયતના સાત સભ્યોમાંથી છ તેમની વિરુદ્ધ થઈ ગયા.

સવિતાબહેન ઉપર ભ્રષ્ટાચાર અને ગેરવર્તનના આક્ષેપો કરવામાં આવ્યાં. સવિતાબહેનનો દોષ માત્ર એટલો જ હતો કે તેઓ એક હેન્ડપંપના બજેટમાંથી બે હેન્ડપંપ ન બનાવી શક્યા. પંચાયતના બજેટમાં હેન્ડપંપ માટે ૨૯૦૦૦ રૂ. હતા. તે રૂપિયામાંથી ૨૦૦ ફૂટ ઊંડો ખાડો ખોદીને મજૂરીના ખર્ચ સાથે માત્ર એક જ હેન્ડપંપ બની શકે એ સ્વાભાવિક હતું. તો પણ પંચાયતના એ છ સભ્યોએ સવિતાબહેન ઉપર હેન્ડપંપના કામમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ મૂક્યો. જો કે, સવિતાબહેન તો નિર્દોષ હતા તેથી તેમણે હેન્ડપંપ બનાવનાર કોન્ટ્રાક્ટર પાસે કાયદેસર રીતે સોગંદનામું કરાવ્યું. કોન્ટ્રાકટરે સ્ટેમ્પ પેપર ઉપર લખી આપ્યું કે, રૂ. ૨૯૦૦૦નો ખર્ચ કયા કયા કામમાં થયો. સવિતાબહેને એક પાઈ પણ લીધી નથી અને કોઈ ભ્રષ્ટાચાર કર્યો નથી તેવું પણ તેણે લખી આપ્યું. આમ, પોતાની ઉપર થયેલા ભ્રષ્ટાચારના ખોટા આક્ષેપનું સવિતાબહેને સાચા પુરાવા લાવીને ખંડન કર્યું. સઢા ગામના ગ્રામજનોને તો સવિતાબહેનમાં પૂરેપૂરો વિશ્વાસ હતો. આ પ્રસંગથી ગ્રામજનોનાં વિશ્વાસ અને શ્રદ્ધા વધુ દૃઢ થયાં.

પંચાયતના સભ્યોએ સવિતાબહેનને બદનામ કરવાનું અને માનસિક રીતે હેરાન કરવાનું ચાલુ રાખ્યું. સવિતાબહેન અનુસૂચિત જાતિના હોવાથી તેઓ અત્યાચાર અધિનિયમ(એટ્રોસિટી એક્ટ)નો ડર બતાવે છે તેવો આક્ષેપ પંચાયતના સભ્યોએ મૂક્યો. સવિતાબહેને પોતાની જિંદગીમાં ક્યારેય કોઈની સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી ન હતી. સ્થાનિક પોલીસ સ્ટેશને પણ સવિતાબહેને ફરિયાદ કરી નથી તેવા પુરાવા આપ્યા. તે પુરાવાનું પોલીસે આપેલું પ્રમાણપત્ર આજે પણ સવિતાબહેન પાસે છે. સવિતાબહેનને હેરાન કરવામાં પંચાયતના સભ્યોએ કંઈ બાકી રાખ્યું ન હતું. દરેક મોરચે હારેલા સભ્યોએ હવે સવિતાબહેનનાં કુટુંબીજનોને લક્ષ્ય બનાવ્યા.

સવિતાબહેનના પતિ બાલુભાઈ હિંમતનગરની એક શાળામાં શિક્ષક છે. સવિતાબહેનના વિરોધીઓએ એક દિવસ તેમને ફોન કરીને જણાવ્યું કે, તમારી પત્ની તો કોઈ અજાણ્યા પુરુષને લઈને ક્યાંક જતી રહી છે. બાલુભાઈને ખ્યાલ આવી ગયો કે આ વિઘ્નસંતોષીઓનું ષડયંત્ર છે. તેમને પોતાની પત્ની ઉપર વિશ્વાસ અને ગૌરવ હતાં. પરંતુ કંઈક અજુગતું ન થાય તે માટે તેમણે ગામમાં પોતાના પડોશીને ત્યાં ફોન કર્યો. પડોશીએ સમાચાર આપ્યા કે, તેમના કોઈક સંબંધી ગુજરી ગયા છે ત્યાં નાતની બધી મહિલાઓ સાથે તેઓ બેસણામાં ગયા છે.

સવિતાબહેન નિર્દોષ હોવાના આટઆટલા પુરાવા હોવા છતાં તેમના ચારિત્ર્ય વિશે, તેમના પ્રામાણિક અને પારદર્શક વહીવટ વિશે પાયા વગરના આક્ષેપો કરવામાં આવ્યા. છેવટે પંચાયતના સભ્યોએ બહુમતીથી તેમને બરખાસ્ત કર્યા. ગામ આખું સવિતાબહેનની સાથે હતું પરંતુ પંચાયતના બહુમતી સભ્યો સરપંચને પદભ્રષ્ટ કરી શકે તેવી સત્તા ધરાવતા હોવાથી કમનસીબે સવિતાબહેન સરપંચ પદેથી દૂર થયાં.

સવિતાબહેન એમ હારીને બેસી જાય તેમ ન હતા. સાત ચોપડી ભણેલાં આ સવિતાબહેને પોતાને થયેલા અન્યાય સામે લડી લેવાનું નક્કી કર્યું. અદાલત  સુધી ઝઘડો પહોંચ્યો. અદાલતે ફરી વાર ચૂંટણી યોજવાનો આદેશ આપ્યો. છેવટે ગ્રામ પંચાયતને બરખાસ્ત કરી નવેસરથી ઑક્ટોબર,'૯૮માં ચૂંટણી યોજવામાં આવી. એ ચૂંટણીમાં સવિતાબહેન ન ઊભાં રહે તે માટે તેમને ગામના પંચાયત સભ્યો દ્વારા ધમકીઓ પણ આપવામાં આવી, છતાં સવિતાબહેન હિંમતભેર ચૂંટણી લડ્યાં. પંચાયતના સભ્યોએ જેમનામાં અવિશ્વાસ વ્યક્ત કરીને પદભ્રષ્ટ કર્યાં હતાં તે સવિતાબહેનને જ ગામલોકોએ ફરીથી ચૂંટી કાઢ્યાં. તેમની ફરી વાર થયેલી જીત અંગે સવિતાબહેન કહે છે કે, "પંચાયતના સભ્યોના વર્તાવથી હું ડરી ન હતી પણ નાસીપાસ જરૂર થઈ ગઈ હતી. મને હોદ્દા ઉપરથી દૂર કર્યા પછી પણ હેરાન કરવામાં આવતી તેથી જ મેં ફરી વાર ચૂંટણી લડી લેવાનું વિચાર્યું અને ગામલોકોએ મારામાં મૂકેલા વિશ્વાસના બળે હું જીતી ગઈ". પંચાયતના માથાભારે લોકો સામે સવિતાબહેન લડી શક્યાં, પણ બધી જ મહિલાઓ આ રીતે લડી શકતી નથી. તેથી તેમને હોદ્દા ઉપરથી ઉતારીને ગામના માથાભારે અને અસામાજિક તત્ત્વો જ ગામનાં ધણી બની બેસે છે. તેવા તત્ત્વો દ્વારા થતા અન્યાય સામે બહાદુરીથી લડી લેવાનું ઉમદા દૃષ્ટાંત સવિતાબહેને પૂરું પાડ્યું છે.

સવિતાબહેન અત્યારે પણ સરપંચ તરીકે સઢા ગામના વિકાસ માટે સતત મથી રહ્યા છે. ગામલોકો પણ તેમના આ કાર્યયજ્ઞમાં પોતાનો ટેકો આપી રહ્યા છે. પરંતુ આ કાર્યયજ્ઞમાં કોઈ વિઘ્ન ના નાંખે તે જરૂરી છે. વિઘ્નરૂપ તત્ત્વોને અટકાવવા માટે સરકારે અને સમાજે પણ દલિત મહિલાઓની વહારે આવવું પડશે.

## કલાના માધ્યમથી વિકાસઃ એક અપીલ

*રાજસ્થાનનો નટ સમુદાય જે નૃત્ય, નાટક અને કઠપૂતળીના ખેલની લોક કલા ધરાવે છે તે મૃતઃપ્રાય બની જતી અટકાવવા અને તેનું જતન કરવા માટે યુવાનોનું એક જૂથ આગળ આવ્યું છે. આ જૂથે 'કલાકાર વિકાસ સમિતિ' નામે એક અનૌપચારિક મંચ શ્રી દયાલરામ નટના નેતૃત્વ હેઠળ ઊભો કર્યો છે. તેમણે તિલોનિયાના 'સોશ્યલ વર્ક એન્ડ રિસર્ચ સેન્ટર' તથા બિકાનેરના ઉર્મુલ ટ્રસ્ટના સંચાર વિભાગમાં કામ કર્યું છે. સામાજિક ક્ષેત્રના વિકાસમાં તેમનો અનુભવ છે. ઉત્સાહી યુવાન વ્યવસાયીઓની બનેલી આ ટુકડી વિવિધ વિષયો અને પ્રશ્નો વિશે કામ કરી રહેલી સ્થાનિક સ્તરની સંસ્થાઓને તેની સેવાઓ આપશે. બાળમેળા, નુક્કડ નાટક, કઠપૂતળીના ખેલ, નૃત્ય નાટકો અને પદયાત્રા જેવાં માધ્યમો દ્વારા તે આ સંસ્થાઓની પ્રવૃત્તિઓને વેગ આપશે એટલું જ નહિ, પરંતુ તે તેમની સંચારની વ્યૂહરચના ઊભી કરવામાં પણ મદદરૂપ થશે.*



*આ રીતે પરંપરાગત સંસ્કૃતિનું જતન થશે અને તે યુવાનો માટે રોજગારીનું સ્રોત પણ ઊભું કરશે. હાલમાં આ જૂથ પાસે નાણાં મેળવવાનું કોઈ સ્રોત નથી. દયાલરામને 'માઈન્ડ' ફેલોશિપ મળે છે જે 'ઉન્નતિ' દ્વારા પૂરી પાડવામાં આવે છે. આથી, તેમની સેવાઓ મેળવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓને અપીલ કરવામાં આવે છે. મુખ્ય સંયોજક માટે તેમની કન્સલ્ટન્સી ફી રોજના રૂ. ૫૦૦, સહાયક માટે રોજના રૂ. ૩૦૦ અને અન્ય ખર્ચા પેટે રોજના રૂ. ૨૦૦ છે. યજમાન સંસ્થા તેમના ભોજન-નિવાસ અને પ્રવાસની વ્યવસ્થા સંભાળશે. પ્રવાસ ઉપરાંત ક્ષેત્રમાં ૩થી ૪ દિવસનો લઘુતમ ગાળો હોય એ રીતે નિમંત્રણો સ્વીકારવામાં આવશે. રસ ધરાવતી સંસ્થાઓને નીચેના સરનામે સંપર્ક સાધવવા વિનંતી છેઃ* ***શ્રી દયાલરામ ભાટ, ગામઃ ગુઢા, પોસ્ટઃ દિલધાની, વાયા–મકરાણા, નાગૌર, રાજસ્થાન.***

# રાજસ્થાનમાં ગ્રામ સભાને સક્ષમ બનાવવાનો પ્રયાસ

રાજસ્થાનના જવાજાની 'મગરા મેવાડ વિકાસ સંસ્થા' અને 'ઉન્નતિ' દ્વારા પંચાયતી રાજની સંસ્થાઓને મજબૂત કરવા માટે છેલ્લાં ૩ વર્ષ દરમ્યાન પ્રયાસો કરાયા છે. તેમાં ગ્રામ સભાને મજબૂત કરવાની દિશામાં અનેક કામો થયાં છે. આ પ્રયાસોની સમીક્ષા અહીં 'ઉન્નતિ'નાં **સુશ્રી શમ્પા બટબ્યાલ** અને **સુશ્રી કીર્તિ શર્મા** તથા 'મગરા મેવાડ વિકાસ સંસ્થા'ના **શ્રી અરવિંદ અગ્રવાલ** દ્વારા અહીં કરવામાં આવી છે.

છેલ્લાં ૩ વર્ષથી 'મગરા મેવાડ વિકાસ સંસ્થા' તથા 'ઉન્નતિ'ના સંયુક્ત પ્રયાસોથી જવાજા તાલુકા પંચાયત હેઠળની પાંચ ગ્રામ પંચાયતોમાં ગ્રામ સભાને સક્ષમ બનાવવા માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. 'મગરા મેવાડ વિકાસ સંસ્થા' ૧૯૮૮થી આ વિસ્તારમાં પ્રાકૃતિક સંસાધનોના સંચાલનમાં કાર્યરત છે. અહીંની જમીન પથરાળ છે તેથી વરસાદનું પાણી સંઘરાતું નથી. આથી આ વિસ્તારના લોકોએ ઘણી વાર દુકાળનો સામનો કરવો પડે છે અને રોજી મેળવવા માટે સ્થળાંતર પણ કરવું પડે છે. ૭૩મા બંધારણીય સુધારાથી ગ્રામીણ સ્તરે સ્વશાસન સ્થાપવાનો અવસર મળ્યો છે. આ સુધારા મુજબ એકત્રીકરણ અને કામોનો અમલ કરાશે. આ નવા પરિપ્રેક્ષ્યમાં નાગરિક સમાજની ભાગીદારી વધારવાની આવશ્યકતા છે કે જેથી ગ્રામ સભામાં તે પોતાનાં મંતવ્યો રજૂ કરે અને ગામનો સર્વાંગી વિકાસ થાય. અત્યાર સુધી પંચાયતોએ માત્ર સરકારી યોજનાઓનો અમલ જ કર્યો છે તેથી આ નવી ભૂમિકા અદા કરવા માટે ગ્રામ સભાને મજબૂત કરવાનું અત્યંત મહત્ત્વનું છે.

આ દિશામાં 'મગરા મેવાડ વિકાસ સંસ્થા'એ નીચે જણાવેલા કાર્યક્રમોનું આયોજન કર્યું. તેમનું હકારાત્મક પરિણામ આપ્યું છે અને આ અનુભવને આધારે ભવિષ્યની વ્યૂહરચના તૈયાર થઈ શકે છે.

### મહિલા જાગૃતિ દળ

ગ્રામ સભાને મજબૂત કરવા માટે ગ્રામ સભાના સભ્યો અને ખાસ કરીને મહિલાઓની ભાગીદારી વધારવા માટે પ્રયાસો કરવામાં આવ્યા. એને માટે પોતાના કાર્યક્ષેત્રની ચાર પંચાયતોમાં 'મહિલા જાગૃતિ દળ'ની રચના કરવામાં આવી. તેના હેતુઓ હતા: **૧.** પંચાયતોમાં મહિલાઓનું નેતૃત્વ વધારવું. **૨.** ગ્રામ સભામાં મહિલાઓની ભાગીદારી ઊભી કરવી. **૩.** ગ્રામીણ વિકાસમાં મહિલાઓને સામેલ કરવી.

આરંભમાં પંચાયતોની મહિલા સભ્યો અને અન્ય મહિલાઓ સાથે બેઠક યોજી. આ બેઠકોમાં મહિલાઓનું જ બનેલું ગ્રામ સ્તરનું 'મહિલા જાગૃતિ દળ' ઊભું કરવા પર ભાર મૂકવામાં આવ્યો. દળની રચના કરવા ગામમાં ઘેર ઘેર જઈને મહિલાઓનો સંપર્ક કરવામાં આવ્યો. એ દરમ્યાન દળની રચનાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. સંપર્ક સ્થાપવાની પ્રક્રિયામાં મહિલા પ્રતિનિધિઓની અગ્રણી ભૂમિકા રહી. એ ઉપરાંત, મહિલાઓને તેમની સમસ્યાઓ વિશે ચર્ચા-વિચારણા કરવા તથા સમસ્યાઓના ઉકેલ શોધવા માટે બેઠકોનું આયોજન કરવા પ્રેરણા આપવામાં આવી. ધીમે ધીમે તેમના દ્વારા બેઠકોમાં આવીને વર્તનામ આસપાસની સમસ્યાઓ વિશે ચર્ચા-વિચારણા શરૂ થઈ અને ત્યાર બાદ તેમની સંમતિથી તેમને દળની રચના કરવા પ્રેરિત કરાઈ. આ પ્રક્રિયાને પરિણામે અત્યાર સુધીમાં આવાં ૨૫ દળની રચના કરાઈ છે.

આરંભમાં મહિલા દળોની રચના કરવામાં ગામ સ્તરે ઘણી મુસીબતો ઊભી થઈ. આરંભમાં બેઠકોમાં ખૂબ ઓછી સંખ્યામાં મહિલાઓ આવતી. તેમની સાથે વાત કરતાં તેઓ એમ કહેતી કે છેવટે 'આ બેઠકોથી શું થશે? ઘરનું કામ તો કરવાનું છે.' પરંતુ બેઠકોમાં સતત આવનારી મહિલાઓ સાથે સંપર્ક જળવાયા બાદ અનેક મહિલાઓનું માનસ બદલાયું અને ધીમે ધીમે તેમણે બેઠકમાં આવવાનું અને ચર્ચામાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેઓ ચર્ચામાં ભાગ નહોતી લેતી એનું મુખ્ય કારણ એ હતું કે કેટલીક વૃદ્ધાઓ તેમના પર દબાણ કરતી હતી.



મહિલાઓના દળની રચના થયા બાદ સંસ્થાની મદદથી સ્થાનિક સમસ્યાઓ વિશે ચર્ચા કરવા અને તેમનો ઉકેલ શોધવા સરકારી વિભાગોને પત્રો લખવામાં આવ્યા. દા.ત. નાહરપુરા ગામમાં જાગૃતિ દળની બેઠકમાં નિરંતર ચર્ચામાંથી એ બાબત બહાર આવી કે મહિલાઓને ગ્રામ સભાની માહિતી નિયત સમયે ના મળવાથી મહિલાઓ ગ્રામ સભામાં હાજરી આપી શકતી નથી. એને માટે સાત મહિલા જાગૃતિ દળોએ વિકાસ અધિકારીને પત્રો લખ્યા. ગ્રામ સભાની માહિતી ઉપરાંત અન્ય સમસ્યાઓના ઉકેલ માટે પણ પત્રો લખીને સરપંચ અને વિકાસ અધિકારીને મોકલવાનું શરૂ થયું. પરિણામે કેટલીક સમસ્યાઓ ઉકેલાઈ પણ ગઈ.

આ બેઠકોમાં જ મહિલાઓ દ્વારા તેમના ગામમાં તળાવમાં બાંધકામની સમસ્યા રજૂ કરવામાં આવી અને તેમણે સંસ્થા પાસે એ કામ માટે મદદ માગી. પરંતુ તેમને કહેવામાં આવ્યું કે તેમણે પોતે જ તેમને પ્રશ્ન ઉકેલવો પડશે. આથી તળાવના નિર્માણ માટે સરપંચને પત્ર લખાયો અને આગામી પાછલાં ચાર વર્ષથી આ પ્રશ્ન લટકતો રહ્યો છે. તેમના આ સંગઠિત અવાજને આધારે ગ્રામ સભામાં માત્ર તળાવના બાંધકામનો પ્રસ્તાવ રજૂ થયો એટલું જ નહિ, પણ એ પ્રસ્તાવ પસાર પણ થયો.

**વિવિધ પ્રશ્નો વિશે બેઠકો**

ગ્રામ સભાને સક્ષમ બનાવવા માટે સંસ્થાએ એક તરફ મહિલા જાગૃતિ દળોની રચના કરી તો બીજી તરફ ગ્રામ સભાના અન્ય સભ્યો, પંચાયતો અને સરકારી કર્મચારીઓને એક જ મંચ ઉપર લાવવાનું કામ પણ કરવામાં આવ્યું. તે મુજબ ગામવાસીઓ પોતાની સમસ્યાઓની પ્રાથમિકતા નક્કી કરીને તેના ઉકેલ માટે વિભિન્ન પ્રાથમિક અને દ્વૈતિક હિતધારકો એટલે પંચાયતો, સરકારી કર્મચારીઓને એક જ સ્થાને ભેગા કરીને પ્રવર્તમાન સમસ્યાના ઉકેલમાં તેમની ભૂમિકા નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. મહદંશે મુદ્દા આધારિત બેઠકોનો ઉદ્દેશ- **૧**. સૂક્ષ્મ સ્તરીય આયોજનની પ્રક્રિયાને માટે વિભિન્ન હિતધારકોને જોડવા તથા તેના ઉકેલ માટે તેમના વિચાર જાણવાનો હતો. અને **૨.** વિચાર-વિમર્શ બાદ કાર્યલક્ષી યોજના તૈયાર કરી તેને વિભિન્ન સ્તરોએ અને ગ્રામ સભામાં રજૂ કરીને કાર્યાન્વિત કરવાનો હતો.

પ્રશ્ન આધારિત બેઠકોના ઉપરોક્ત ઉદ્દેશો અનુસાર સંસ્થા દ્વારા પોતાના કાર્યક્ષેત્રની ચાર પંચાયતોમાં ગ્રામ સભાના સભ્યો, પંચાયતોના સભ્યો, મહિલા જાગૃતિ દળના સભ્યો અને સંબંધિત વિભાગોના સરકારી અધિકારીઓને આમંત્રિત કરવામાં આવે છે, કે જેથી બધા મળીને તેમના પોતાના સ્તરે આવતા અવરોધો વિશે ચર્ચા કરી તેનો ઉકેલ કાઢી શકે. આ ચર્ચાને આધારે વિદ્યમાન સમસ્યાના ઉકેલ માટે અંતે એક કાર્યલક્ષી યોજના તૈયાર કરવામાં આવે છે. લોકોની પ્રાથમિકતાઓને આધારે ચારેય પંચાયતોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, પીવાનું પાણી જેમ કે, શિક્ષણનો પ્રશ્ન હોય તો જિલ્લા શિક્ષણાધિકારી, શિક્ષકો, વિદ્યાર્થીઓ - વિદ્યાર્થિનીઓ વગેરેને બોલાવાય. એ જ રીતે જો આરોગ્યનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત કે તાલુકા પંચાયત સ્તરના સરકારી અધિકારી, પંચાયતોના સભ્યો, ગ્રામ સભાના સભ્યોને બોલાવાય. પીવાના પાણીનો પ્રશ્ન હોય તો તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત સ્તરના સરકારી કર્મચારીઓ, અધિકારીઓ અને સ્ત્રીઓ-પુરુષો બધાયને બેઠકમાં બોલાવવામાં આવે. આ બેઠકોમાં સંબંધિત પ્રશ્નો, તેના કારણો અને તેમના ઉકેલો વિશે ચર્ચા જાય અને કાર્યલક્ષી યોજના તૈયાર થાય.

દા.ત. નાઈકલા પંચાયતમાં શિક્ષણના પ્રશ્ને જુન-૧૯૯૮માં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આ બેઠકમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, પંચાયતના સભ્યો, જિલ્લા ઉપ-શિક્ષણાધિકારી વગેરેને આમંત્રિત કરવામાં આવ્યા. એ બધાએ શિક્ષણની દયનીય સ્થિતિ માટે જવાબદાર કારણો જણાવ્યાંઃ જેમ કે, શિક્ષકનો અભાવ, વાહનવ્યવહારનાં સાધનોનો અભાવ, વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે ઓછી રુચિ, શાળાઓ વધુ દૂર હોવી, માધ્યમિક શાળાનો અભાવ વગેરે. સાથે સાથે બધાએ મળીને આ સમસ્યાઓ ઉકેલવા માટે પોતે-પોતાના સ્તરે કયા પ્રયાસો કરશે તે પણ જણાયું.

વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ શિક્ષણ પ્રત્યેનું પોતાનું માનસ બદલવાની વાત કરી. જિલ્લાના ઉપ-શિક્ષણાધિકારીએ વધારાના શિક્ષક આપવાનું પણ આશ્વાસન આપ્યું. પંચાયતના સભ્યોએ વાહનવ્યવહારની સુવિધા માટે બસની વ્યવસ્થા કરાવવા અને લોકોને તથા શિક્ષણાધિકારીને સમયે સમયે સંપૂર્ણ સહકાર આપવાનું વચન આપ્યું. આ બેઠક બાદ સમયે સમયે જિલ્લા તથા ગામ સ્તરે કાળજી રાખવામાં આવી કે જેથી સમસ્યા શક્ય તેટલી વહેલી ઉકલી શકે. આ પ્રક્રિયાથી નાઈકલા પંચાયતની ત્રણ શાળાઓમાં એક-એક વધારાના શિક્ષકની નિમણૂક થઈ. સાથે સાથે હાલની પરિસ્થિતિના સંદર્ભમાં માધ્યમિક શાળા શરૂ કરવાની દિશામાં પણ પ્રયત્નો થઈ રહ્યા છે.

આ કાર્યવાહીના માધ્યમથી ગ્રામ સભા અને પંચાયત વચ્ચે ગાઢ સંબંધ પ્રસ્થાપિત થયો છે. સાથે જ આ બેઠકોથી ગામની સમસ્યાઓ ગ્રામ સભામાં ઠરાવ રૂપે રજૂ થાય છે અને તે પંચાયતની કાર્યલક્ષી યોજનાનો ભાગ બને છે. અને તે ૭૩મા બંધારણીય સુધારાની સૂક્ષ્મ સ્તરીય આયોજનની એક મહત્ત્વની જોગવાઈને સિદ્ધ કરવામાં મદદરૂપ થાય છે.

**પંચાયત શિક્ષણ**

ગ્રામ સભાને સક્ષમ બનાવવા માટે સંસ્થા દ્વારા બીજી એક કામગીરી કરવાનો વિચાર કરાયો અને તે છે પંચાયત શિક્ષણ. આ કામ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે ભવિષ્યમાં મતાધિકારનો પ્રયોગ કરનારાં બાળકો ૧૯૯૪માં આરંભ પામેલી પંચાયતી રાજની વ્યવસ્થા

વિશે માહિતી મેળવે. સાથે જ પરોક્ષ રૂપે આ બાળકો દ્વારા તેમનાં માતા-પિતા એટલે કે ગ્રામ પંચાયત અથવા ગ્રામ સભાના સભ્યો સુધી પણ એ શિક્ષણ પહોંચે. આમ થવાથી પંચાયત વિશે બાળકોને શાળાએ ગયા વિના પણ શિક્ષણ મળે છે અને ભવિષ્યમાં ગ્રામ સભામાં તેમની ભાગીદારી વધે છે.

આ હેતુ પાર પાડવા માટે આરંભમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું. તેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા અને તેમાં પંચાયત શિક્ષણની જરૂર, એવું શિક્ષણ પૂરું પાડવાના પ્રસંગો, કાર્વાહીઓ અને માધ્યમો વિશે ચર્ચા કરવામાં આવી. આ ચર્ચાને આધારે પ્રાર્થનાસભા, બાલસભા, રાષ્ટ્રીય ઉત્સવ વગેરે પ્રસંગોએ નાટક, ગીત, રમતો, ચિત્રકામ, ભાષણ, વાર્તા, સૂત્રો વગેરેના માધ્યમથી પંચાયત શિક્ષણ આપવાનું ઠરાવાયું. આ પ્રયત્નનો હેતુ એ હતો કે અનૌપચારિક વાતાવરણ તથા રીતોના માધ્યમથી આપવામાં આવેલી જાણકારીથી બાળકો ઉપર ઊંડો પ્રભાવ પાડવો. આવા અનૌપચારિક શિક્ષણની પહેલ કરવા માટે એ અત્યંત જરૂરી હતું કે શિક્ષકો અને કાર્યવાહી તૈયાર કરવામાં લાગેલા લોકોને પંચાયતી રાજ અંગે જાણકારી અપાય કે જેથી તેઓ તેની ટેકનિકલ વિગતો જાણવા ઉપરાંત તેને આધારે જ કાર્યવાહી તૈયાર કરી શકે. એને માટે પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિકના શિક્ષકો માટે બે અભિમુખતા કાર્યશાળાઓ યોજવામાં આવી અને તે કાર્યવાહી ઘડવામાં ખૂબ જ મદદરૂપ બની.

આ બેઠક ઉપરાંત, શિક્ષકો સાથે બીજી બે કાર્યશાળાઓનું આયોજન કરાયું કે જેથી શિક્ષણ માટે જરૂરી વિવિધ શૈક્ષણિક સામગ્રી તૈયાર થઈ શકે. આ બેઠકોને પરિણામે રોલ-પ્લે, ગીત, સૂત્રો, વાર્તા, રમતો વગેરેને આધારે બે પુસ્તિકાઓ તૈયાર કરાઈ. શિક્ષકોએ કહેલા રાષ્ટ્રીય ઉત્સવો, બાલસભા, પ્રાર્થનાસભા જેવા અવસરોએ તે ચારેય પંચાયતોની બધી જ શાળાઓમાં આપવામાં આવી. ૨૭મી જાન્યુઆરી અને ૧૫મી ઑગસ્ટથી તેનો શુભારંભ કરાયો.

**અસર અને પ્રભાવ**

ગ્રામ સભાને સક્ષમ બનાવવા માટેના આ કાર્યક્રમ અન્વયે મહિલા દળોની બેઠકો નિયમિત થઈ છે. સાથે જ તેમના દ્વારા સમયે સમયે યોજનાઓનો લાભ લેવા તેમ જ સંગઠિત થઈને પોતાની સમસ્યાઓને વિભિન્ન સ્તરે રજૂ કરવાનો આરંભ થયો છે. એ ઉપરાંત પ્રશ્ન આધારિત બેઠકોમાં વહીવટી તંત્રનો સહયોગ મળવાથી પંચાયતોના સભ્યોનો એક મંચ ઊભો થયો છે, જેમાં ભેગા મળીને, ચર્ચા કરીને સમસ્યાનો ઉકેલ લાવવાનું માનસ ઊભું થયું છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે ગ્રામ સભાના સભ્યોને પંચાયત સાથે જોડવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

પંચાયત શિક્ષણ કાર્યક્રમનો બાળકો ઉપર પ્રભાવ પડવાનું શરૂ થયું છે. તેનાથી અનૌપચારિક રીતોએ પંચાયતના પાઠ ભણવાની રુચિ વધી છે. આ પ્રક્રિયામાં શિક્ષકોનો સહયોગ મળી રહ્યો છે અને તે ચોક્કસપણે સમગ્ર ઉદ્દેશને પાર પાડવામાં મદદરૂપ સાબિત થશે.આ રીતે ગ્રામ સભાને પરિણામે આ ક્ષેત્રની પંચાયતોના સભ્યો અને ગ્રામ સભાના સભ્યોમાં જાગૃતિનો સંચાર થયો છે. અત્યારે માત્ર પુરુષો જ નહિ પણ મહિલાઓ પણ માહિતી મેળવવા અને ગામેગામ તે પહોંચાડવાનો પ્રયાસ કરે છે.

આ પ્રયત્નોને સફળતા મળવાથી ગ્રામ જનો અને પંચાયતોના સભ્યોમાં સરકારી યોજનાઓ અને નિયમો વિશે જાણવાની ઈચ્છા બળવત્તર થઈ છે. તે માટે ગ્રામજનો પોતે જ માહિતી માગે છે. આ અનુભવને આધારે 'ઉન્નતિ' અને 'મગરા મેવાડ વિકાસ સંસ્થા'ને 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' શરૂ કરવાની પ્રેરણા મળી છે. આ કેન્દ્રમાં પંચાયતી રાજ સાથે સંબંધિત તમામ માહિતી રાખવામાં આવશે અને સમયે સમયે તે લોકોને પૂરી પાડવામાં આવશે કે જેથી તેઓએ માહિતીનો મજબૂત હથિયાર તરીકે ઉપયોગ કરી શકે. આ પ્રક્રિયાનો પણ પ્રારંભ થઈ ચૂક્યો છે.

**પૃષ્ઠ ૨૮નો શેષ ભાગ**

**દસ્તાવેજીકરણ એકમ**

- 'ઉન્નતિ'ના કાર્યક્રમનું મૂલ્યાંકન પૂરું થયું છે અને મૂલ્યાંકનકારોએ અહેવાલ સુપરત કરી દીધો છે. અહેવાલનો સારાંશ 'વિચાર'ના આગામી અંકમાં પ્રકાશિત થશે. હાલ અમે અમારું વ્યૂહાત્મક આયોજન કરી રહ્યા છીએ અને તેના ઉપર ભાવિ કાર્યક્રમની દિશા આધાર રાખશે.
- 'સેવા' (સ્વાશ્રયી મહિલા સેવા સંઘ)ના ૧૩ કર્મશીલો માટે અમદાવાદમાં ૨૦થી ૨૨ એપ્રિલ, ૧૯૯૯ દરમ્યાન લેખન કૌશલ્ય વિશે એક તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
- અમદાવાદના 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર'ને રાજ્યના સહભાગી જળસ્રાવ સંચાલનની સફળ કહાણીઓનું દસ્તાવેજીકરણ કરવા માટે ટેકો પૂરો પાડવામાં આવ્યો છે. ભુજના 'કચ્છ મહિલા વિકાસ સંગઠન'ને તેમના સમાચારપત્ર 'ઉજાસ'ની નવેસરથી ડિઝાઈન તૈયાર કરવા સહયોગ કરાયો, ગોધરામાં બાળકો પરના અત્યાચારોના એક કિસ્સામાં તપાસ માટેની 'સત્ય શોધક સમિતિ'ના ભાગરૂપે બાળ મજૂરી સામેની ઝુંબેશમાં ટેકો પૂરો પડાયો અને સજીવ ખેતીની પદ્ધતિઓના ગુણોને લોકપ્રિય બનાવવા માટેના ગુજરાત વ્યાપી સંમેલનને ટેકો અપાયો.

# સાંપ્રત પ્રવાહ

**માનવ અધિકારો અંગે અધિવેશન**
'પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ' (પીયુસીએલ)નું આઠમું અધિવેશન ૨૪-૨૫ એપ્રિલ, ૧૯૯૯ દરમ્યાન રવીન્દ્ર મંચ, જયપુરમાં યોજાયું હતું. તેનું ઉદ્‌ઘાટન નિવૃત્ત ન્યાયાધીશ શ્રી મુકુલ ગોપાલ મુખર્જીએ કર્યું હતું. આ અધિવેશનમાં દિલ્લીના વિખ્યાત પત્રકાર શ્રી કુલદીપ નૈયર તથા દરેક રાજ્યના પીયુસીએલના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. રાજસ્થાનના પીયુસીએલના સભ્યો ઉપરાંત માનવ અધિકારોના ક્ષેત્રે કામ કરનારી અન્ય સંસ્થાઓએ પણ આ અધિવેશનમાં ભાગ લીધો. આ અધિવેશનનો ઉદ્દેશ હાલ દેશમાં થઈ રહેલા માનવ અધિકારના હનનના કિસ્સા અંગે તથા તેમના વિશે અદાલતી કાર્યવાહી કરવા અંગે ચર્ચા કરવાનો હતો.

આ અધિવેશનમાં મુખ્યત્વે સમાજમાં વધી રહેલા મહિલાઓ તથા દલિતો પરના અત્યાચારો પ્રત્યે ઉપસ્થિત લોકોનું ધ્યાન ખેંચવાનો હેતુ હતો. વીતેલાં કેટલાંક વર્ષોમાં બળાત્કાર, તેજાબ ફેંકવો, છેડતી, વિધવાઓ પર અત્યાચાર જેવાં સ્ત્રીઓ સામેનાં દુષ્કૃત્યોમાં ખાસ્સો વધારો થયો છે. પરંતુ આ ઘટનાઓ સામે યોગ્ય કાર્યવાહી નહિવત્ થઈ છે. આવી પરિસ્થિતિમાં મોટા ભાગની ફરિયાદોમાં મહિલાઓ પ્રત્યે જ સંશય કરવામાં આવે છે અને ઘણી વાર તેમને અપરાધમાં સહયોગી સમજવામાં આવે છે. એનું કારણ એ છે કે ન્યાય કરનારા ઘણી વાર શંકાની ધારણાને સમજવામાં ભૂલ કરી બેસે છે. મહિલાઓના શારીરિક શોષણ તથા અત્યાચારો જેવા કિસ્સાઓમાં અદાલતો સાક્ષીઓની પુષ્ટિની અપેક્ષા રાખે છે જે ઘણી વાર શક્ય બનતું નથી. એને માટે એ આવશ્યક છે કે પુરુષપ્રધાન સમાજમાં પુરુષોના દૃષ્ટિકોણમાં વ્યવહારમાં પરિવર્તન આવે કે જેથી છોકરીઓ પર થનારા અત્યાચારો દૂર થઈ શકે. દેશમાં દલિતો પર થઈ રહેલા અત્યાચારો અંગે ખાસ કરીને પંચાયતી રાજ અન્વયે દલિત સરપંચોની સ્થિતિના સંદર્ભમાં રાજ્યમાં પંચાયતી રાજના કાયદામાં ફેરફાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો. સમાજમાં દલિતો પર થઈ રહેલા અત્યાચારોના વિરોધમાં પગલાં ભરવા માટે દબાણ લાવવા અને દરેક સ્તરે અસ્પૃશ્યતાને સાર્વજનિક ચર્ચાનો વિષય બનાવવા આવા દરેક પ્રકારના વિરોધમાં એક દીર્ઘકાલીન રાષ્ટ્રીય અભિયાન ચલાવવાનું આહ્‌વાન કરવામાં આવ્યું.

વર્તમાન પરિપ્રેક્ષ્યમાં માનવ અધિકારોના ભંગના કિસ્સામાં યોગ્ય કાર્યવાહી નથી થતી અને સમયસર ચુકાદો આવતો નથી એવી ફરિયાદો રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે દૂર કરવી જરૂરી છે, કારણ કે જે સંવેદનશીલ બાબતોમાં તત્કાળ અસરકારક કામગીરી કરવાની આવશ્યકતા હોય છે તેમાં પણ તે શરૂ થતાં મહિનાઓ વીતી જાય છે. આ ગાળા દરમ્યાન સાબિતી કે સાક્ષીઓ ગુમ થઈ જવાની પૂરી શક્યતાઓ રહે છે. અને એ ઉપરાંત પણ એવા પ્રયાસો કરવામાં આવે છે કે જેનો પ્રભાવ એ કિસ્સાની કાર્યવાહી પર પડે જ છે. આથી રાષ્ટ્રીય માનવ અધિકાર પંચને એવી ભલામણ કરવામાં આવી છે કે ભવિષ્યમાં તે યોગ્ય કાર્યવાહી કરે અને ઝડપથી કિસ્સાઓનો નિકાલ લાવે અને તત્કાળ રાહત પહોંચાડે. વધુ માહિતી માટે સંપર્ક સાધોઃ સુશ્રી કવિતા શ્રીવાસ્તવ, ૭૬, શાંતિનિકેતન કોલોની, બરકતનગર, કિસાન માર્ગ, જયપુર, રાજસ્થાન, ફોનઃ ૦૧૪૧-૫૯૧૪૦૮, ૫૯૬૯૨૫.

**વિદેશી અનુદાનને પારદર્શી બનાવવા માટેનું અભિયાન**
સરકાર બીજાં બધાં ક્ષેત્રોમાં પૂરા જુસ્સાથી ઉદારીકરણ લાગુ કરી રહી છે ત્યારે એનાથી વિપરીત, સ્વૈચ્છિક સંસ્થાઓના કામકાજમાં વધારે ને વધારે દખલ કરવામાં આવી રહી છે. સ્વૈચ્છિક ક્ષેત્રને લાગુ પડનારા કાયદા અને નિયમ એનાં કાર્યક્ષેત્રો પર જે અંકુશ લગાડે છે તેના વિરોધમાં જ આ અભિયાન ચલાવવામાં આવે છે. આ અભિયાનના કેન્દ્રમાં એફ.સી.આર.એ. (ફોરેન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ-૧૯૭૬, વિદેશી અનુદાન નિયમન કાનૂન-૧૯૭૬)ને મુદ્દે ચિંતા છે. આ કાયદો દેશમાં વિદેશી નાણાંની પ્રાપ્તિને લાગુ પડે છે. તે ૧૯૭૬માં કટોકટી દરમ્યાન એવી શંકાને કારણે લાગુ કરાયો કે ક્યાંક વિદેશી નાણાંનો ઉપયોગ સરકારને ઉથલાવવા માટે તો નથી કરાતો ને. ૧૯૮૪માં એને એ બહાને વધારે સખત બનાવાયો કે બેંકો દ્વારા પ્રાપ્ત થતાં વિદેશી નાણાંનો ઉપયોગ દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓને સહાય કરવામાં આવે છે અથવા આવી શકે. આ આશંકા એ બાબતથી ખોટી સાબિત થઈ છે કે વિદેશી નાણાં ઉપર જેટલી પાબંદી લગાડવામાં આવી, આંતકવાદી પ્રવૃત્તિઓ એટલી જ વધતી ગઈ.

રાજનૈતિક વાસ્તવિકતા એ છે કે આ કાયદો સરકારના હાથમાં એક એવું સાધન છે કે જેના વડે એ સ્વૈચ્છિક સંગઠનોની પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવી શકે છે. 'વાણી' ઘણા વખતથી આ દિશામાં કાર્યરત છે. આ અંગેની કેટલીક મુખ્ય સમસ્યાઓ નીચે પ્રમાણે છેઃ એફ.સી.આર.એ. માટે નોંધણી, નોંધણી માટેના માપદંડ, મનાઈ કરવા પાછળના સ્પષ્ટીકરણનો અભાવ, નોંધણીમાં વિલંબ, એફ.સી.આર.એ.ને મનમાની રીતથી રદ કરવું, નોંધણી માટે લાંચ, રુશ્વત અને ભ્રષ્ટાચાર, રિપોર્ટિંગની પ્રક્રિયા વગેરે.

ઉપરોક્ત સમસ્યાઓને જોતાં એક અભિયાન ચલાવવાનો નિર્ણય

થયો, અને ડિસેમ્બર-૧૯૯૮માં એક અભિયાન સમિતિની રચના કરવામાં આવી. તેના સદસ્ય છેઃ રવિ નાયર (એચ.એ.એચ.આર.ડી.સી.), મેથ્યુ ચેરિયન (ચેરિટી એન્ડ ફાઉન્ડેશન-ઈન્ડિયા), પુષ્પા સુંદર (નેશનલ સેન્ટર ફોર ફિલેંથ્રોફી) અને અનિલ કુમાર સિંહ (વાણી). આ સમિતિએ એફ.સી.આર.એ. અભિયાન પર ધ્યાન કેન્દ્રિત કરતાં એક વિસ્તૃત અભિયાન રણનીતિ બનાવી છે. તેમાં આપની ભાગીદારી આવકાર્ય રહેશે. અભિયાન સમિતિ રાજ્ય-સ્તરીય સંમેલન આયોજિત કરીને વધુમાં વધુ લોકોનું સમર્થન હાંસલ કરવા માટે પ્રયાસ કરશે અને આ સંમેલનોમાં પોતાના અભિયાનની વિસ્તૃત જાણકારી આપશે.

હમણાં તો અભિયાન સમિતિનો એ જ આગ્રહ છે કે આપ આ અભિયાનમાં યથાશક્તિ યોગદાન આપો. આ અભિયાન માટે વિદેશી ધનનો ઉપયોગ નહીં કરવાનો નિર્ણય લેવાયો છે તે માટે પણ આપનું દાન આવશ્યક છે. ઓછામાં ઓછી દાનની રકમ રૂ. ૫૦૦ નક્કી કરાઈ છે. એની સાથે જ એફ.સી.આર.એ. અંગે જે પણ સમસ્યાઓ સામે આવી છે તેનું વિવરણ પણ મોકલાવશો. વધુ જાણકારી અને માહિતી માટે અભિયાન સચિવાલયના નવા સરનામા પર સંપર્ક કરશો. સંપર્કઃ અભિયાન સચિવાલય, બી-પર, શિવાલિક કોલોની, માલવિય નગર પાસે, નવી દિલ્હી-૧૧૦૦૧૭, ફોનઃ ૬૪૨૮૩૬૯, ૬૨૮૩૨૧૭ ટેલિફેક્સઃ ૬૨૨૦૬૭૪ ઈ-મેઈલઃ vani@nda.vsnl.net.in

**મહિલા દિને પુરુષોનું સન્માન**

દુનિયામાં જ્યારે ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઊજવવામાં આવી રહ્યો હતો ત્યારે બેંગલોરની એક સ્વૈચ્છિક સંસ્થા 'ગીલ્ડ ઓફ વીમેન એચિવર્સ' દ્વારા સ્ત્રીઓને મદદરૂપ થનાર પતિ, વર્ષના માંધાતા અને સ્ત્રીઓના મિત્ર એવા પુરુષોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાએ એવા પતિઓનું સન્માન કર્યું કે જેઓ તેમની પત્નીઓ માટે પ્રેરણાદાયી પુરવાર થયા હતા. કુલ ૧૧૭ ભલામણો આવી હતી. તેમાંથી ચાર પુરુષોને પસંદ કરાયા. તેમણે પોતાની પત્નીઓ પ્રત્યે ધીરજ, સમજદારી અને સહકારના ગુણો અપનાવ્યા હતા. શ્રી સુનાદને તેમની પત્નીને એક ચોક્કસ સ્થાન પ્રાપ્ત કરવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે પુરસ્કાર અપાયો હતો. શ્રી કે. મુરલીધરન પોતાના કાર્યક્ષેત્રમાં તેમનાં પત્નીનાં જુનિયર સહકર્મી છે. તેમને પત્નીને સમજનાર ઉચ્ચ ક્ષમતા ધરાવનાર પતિ તરીકે પારિતોષિક અપાયું હતું. પોતાની બહેરી-મૂંગી પત્નીને સક્ષમ બનાવવા પોતાની સમગ્ર જિંદગી અર્પનાર શ્રી ક્રિસ્ટા દયાકુમારને પણ પુરસ્કાર અપાયો. જ્યારે શ્રી વી. રઘુનાથને તેમની પત્નીને ટેકો પૂરો પાડનાર પતિ તરીકેનો પુરસ્કાર અપાયો. 'ભારત ઈલેક્ટ્રોનિક્સ'ને 'સ્ત્રીમિત્ર' પારિતોષિક અપાયું કારણ કે તેણે ૨૦૦૦ કામદાર કર્મચારી મહિલાઓ માટે યોગ્ય વાતાવરણ ઊભું કર્યું છે. કંપનીમાં ઘોડિયાં ઘર છે, ધાત્રી માતાઓને જરૂરિયાત પ્રમાણે રજા અપાય છે, માતૃત્વ માટે વધુ રજા અપાય છે, જાહેર ક્ષેત્રના મહિલા મંચમાં ભાગીદાર થવા સ્ત્રીઓને પ્રોત્સાહન અપાય છે. આમ, ૮મી માર્ચની મહિલા દિનની ઉજવણી એક નવીનતમ પ્રકારે કરાઈ.

**અખિલ ગુજરાત સજીવ ખેતી મિલન**

ગુજરાતમાં છેલ્લાં પંદરેક વરસથી સજીવ ખેતીના પ્રચાર અને સંશોધનનાં કામો થતાં આવ્યાં છે. રસાયણ આધારિત ખેતીની પદ્ધતિ લાંબું ટકવાની નથી અને તેનો વિકલ્પ શોધવાના પ્રયત્નો સવેળા નહીં કરવામાં આવે તો ખેતી જોખમમાં મુકાશે. ખેડૂતો આ વાત પોતાના અનુભવે સમજવા માંડ્યા છે. વિજ્ઞાનીઓ અને સરકારી અધિકારીઓ પણ આ હકીકતને ઉવેખી શકે તેમ નથી. આ સંજોગોમાં તા. ૨૮-૩૦ મે, ૧૯૯૯ દરમ્યાન 'જતન' અને 'માનવીય ટેકનોલૉજી ફોરમ'ના સંયુક્ત ઉપક્રમે ગ્રામભારતી-અમરાપુર ખાતે 'અખિલ ગુજરાત સજીવ ખેતી મિલન' યોજાઈ ગયું. આ મિલનમાં ગુજરાતના વિવિધ પ્રદેશોમાંથી આવેલા ખેડૂતો, ખેતી સાથે સંકળાયેલા સંશોધકો, વિજ્ઞાનીઓ, નીતિ નિર્ધારકો, આયોજકો, શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા મિત્રો, પશુપાલકો, ખેડૂતોના ઉત્કર્ષ માટે મથનારા કર્મશીલો અને ખેડૂત સમાજના કાર્યકરો મળીને ૪૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. ગુજરાતના ફુકુઓકા શ્રી ભાસ્કરરાવ સાવેએ એક રોપાને ખાતર અને પાણી આપીને પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું. પ્રદર્શનમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, યુનિવર્સિટીના વિભાગો અને ખાનગી પણ પસંદગીના વેપારી એકમોએ જુદા જુદા ૨૫ સ્ટોલ દ્વારા સજીવ ખેતીની વાત રજૂ કરી હતી.

સજીવ ખેતીના અનુભવોની આપ-લે કરવા અને તે અંગે સહિયારો સંવાદ સાધવાના હેતુ સાથે યોજાયેલા આ મિલનમાં જુદા જુદા વિષયો અંગે રજૂઆત થઈ હતી. મુખ્યત્વે ગુજરાતનાં જમીન-પાણીની સ્થિતિ વિશે, ગુજરાતના ખેતપાકોમાં થઈ રહેલ જનીનિક ધોવાણો અને ઘટતી જતી ઉત્પાદકતા અંગે, આરોગ્ય જાળવણીમાં સજીવ ખેતીની પેદાશોના મહત્ત્વ અંગે તથા જૈવિક ખાતરોના ફાયદા અંગે જુદા જુદા લોકો દ્વારા રજૂઆત થઈ. મિલન દરમ્યાન વીસેક જેટલા ખેડૂતોએ સજીવ ખેતી અંગેના પોતપોતાના અનુભવોની વાત રજૂ કરી હતી. સમગ્ર ગુજરાતમાં સજીવ ખેતીનું કામ વિસ્તારવા માટે 'સજીવ ખેતી કાર્ય દળ'ની રચના કરવાનું નક્કી થયું. સરકાર, યુનિવર્સિટી અને સંસ્થાઓ સાથે સંવાદ રચવાનું અને સજીવ ખેતી અંગે શૈક્ષણિક સામગ્રી વિકસાવવાનું પણ આયોજન થયું હતું. મિલન દરમ્યાન 'લોકનાદ'ના વિનયભાઈ અને ચારુલબહેને વિકાસની દોડમાં પાછળ રહી ગયેલા લોકોની ભાવનાઓને વાચા આપતાં અને પાણીની અછતના પ્રશ્ન અંગેનાં પોતે બનાવેલાં ગીતો રજૂ કર્યાં હતાં.

મિલન માટે ખેડૂતો અને સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી મળેલાં નાણાં અને થનારા ખર્ચનો ઉલ્લેખ એક પાટિયા પર જાહેરમાં રજૂ કરવામાં આવ્યો હતો એ આ મિલનની ખાસ નોંધપાત્ર અને પ્રશંસનીય બાબત હતી. મિલનના પૂર્ણાહુતિ સમારંભમાં શ્રી ભાસ્કરભાઈ સાવેને કચ્છના

એક ખેડૂતના હાથે સન્માનપત્ર એનાયત કરાયું. ઝીણાભાઈ દરજી અને મોતીભાઈ ચૌધરીએ શાલ ઓઢાડીને તેમનું સન્માન કર્યું. નવલભાઈ શાહે સજીવ ખેતીમાં વિશેષ મહત્ત્વ ધરાવતા પાંચ ઘુવડનું લાકડાનું સ્મૃતિચિહ્ન તેમને ભેટ આપ્યું. ઉત્તર પ્રદેશના બાંદાથી આવેલા અતિથિવિશેષશ્રી ભારતેન્દુ પ્રકાશે 'ચિરંજીવ કૃષિ વિકાસ' ગ્રંથનું વિમોચન કર્યું. આ ગ્રંથમાં ગુજરાતના કૃષિવિકાસ અને પ્રાકૃતિક સ્રોતો અંગે, સજીવ ખેતીની પદ્ધતિઓ અંગે, ખેડૂતોના તે અંગેના જાત-અનુભવો અંગે તથા ભારત અને વિશ્વમાં સજીવ ખેતીના વ્યાપ અંગેની વિગતો, ચિત્રો-કાર્ટૂન-કોઠા અને આંકડા સાથે રજૂ થઈ છે. ૧૫૬ પાનાંનાં આ ગ્રંથની કિંમત ૧૦૦ રૂ. છે. ૧૦ કે વધુ નકલો એક સાથે લેનાર માટે અને ખેડૂતો-વિદ્યાર્થીઓ માટે રૂ. ૭૦ કિંમત રાખવામાં આવી છે. 'ચિરંજીવ કૃષિ વિકાસ' ગ્રંથ અંગે અને સજીવ ખેતી અંગે વધુ જાણકારી મેળવવા માટે સંપર્ક સાધોઃ કપિલભાઈ શાહ, 'જતન', વિનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા-૨૧, ફોનઃ (૦૨૬૫)૩૧૧૪૨૯, ફેક્સઃ (૦૨૬૫) ૩૧૩૪૬૩.

**ગ્રામ સભાને સક્ષમ બનાવવા માટે પ્રાદેશિક ચર્ચા-સભા**

'ઉન્નતિ' દ્વારા અમદાવાદમાં ગાંધી લેબર ઈન્સ્ટિટ્યુટ ખાતે તા.૨૮.૦૫.૧૯૯૯ના રોજ ગ્રામ સભાને સક્ષમ બનાવવા વિશે ચર્ચા-વિચારણા કરવાના હેતુથી એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો હેતુ પ્રત્યક્ષ લોકશાહીના સાધન તરીકે ગ્રામ સભા ગુજરાતનાં ગામોમાં કેવી રીતે સક્ષમ બની શકે તે માટેના માર્ગો નક્કી કરવાનો હતો. આ બેઠકમાં ગુજરાતની પંચાયતના ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સરકારના પંચાયત ખાતાના સચિવ શ્રી રંગાદુરાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ગ્રામ સભાને સશક્ત બનાવવા ગુજરાત સરકારના નિર્ધારને વ્યક્ત કર્યો હતો. આ બેઠકમાં ગ્રામ સભાને બોલાવવા માટેનો સમય અને તારીખ ગ્રામ પંચાયત પોતે નક્કી કરે, તેનાં સમય અને સ્થળ ગામના લોકોને અનુકૂળ હોય,

**જુઓ પૃષ્ઠ ૭**

# આગામી કાર્યક્રમ

**સામાજિક પરિવર્તનમાં સક્રિય લોકોનું ભોપાલમાં સંમેલન**

'પ્રિયા' અને તેની સહયોગી સંસ્થાઓની પહેલથી નવા યુગના આગમન સમયે સામાજિક પરિવર્તનમાં સક્રિય લોકોનું 'નાગરિકતા, સહભાગિતા અને લોકશાહી' વિષય વિશે ૧૯-૨૧, નવેમ્બર-૧૯૯૯ દરમ્યાન ભોપાલમાં એક વિશાળ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. તેના હેતુઓ નીચે મુજબ છેઃ

૧. સામાજિક વિકાસ સાથે સંકળાયેલી સંસ્થાઓ, સંગઠનો વ્યક્તિઓ વગેરેને એક જ મંચ પર લાવવા.
૨. લોકશાહીનું ઈચ્છિત સ્વરૂપ પ્રાપ્ત કરી શકીએ તે માટે નાગરિકતા અને સહભાગિતાનાં મૂલ્યોના પુનર્સ્થાપન માટે વ્યૂહરચના નક્કી કરવી.
૩. પારસ્પરિક સંવાદ દ્વારા દરમ્યાનગીરીની વ્યૂહરચના વિશે સ્પષ્ટતા મેળવવી.
૪. સામાજિક વિકાસની પ્રક્રિયા સાથે જોડાયેલાં વિવિધ ઘટકો વચ્ચે નેટવર્ક, સમન્વય અને સંચાર પ્રક્રિયાને પ્રભાવક બનાવવાની વ્યૂહરચના નક્કી કરવી.

ઉપરોક્ત હેતુઓને ધ્યાનમાં રાખતાં નવી સદીમાં દરમ્યાનગીરીના નિમ્ન મુદ્દાઓ હશેઃ **૧.** સક્રિય અને સભાન નાગરિક, **૨.** મહિલાઓની સક્ષમતા, **૩.** મજબૂત અને ઉત્તરદાયી સ્વશાસન, **૪.** નવું નેતૃત્વ, **૫.** સહભાગી સમાજનું નિર્માણ. આ સંમેલનમાં આ ક્ષેત્રોના લોકો ભાગ લેશેઃ પ્રાદેશિક સંદર્ભ અને સહભાગી સંસ્થાઓના નેટવર્ક્સ, અન્ય સહયોગી સ્વૈચ્છિક સંગઠન, પંચાયતો અને નગરપાલિકાના નેતાઓ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો, મજૂરો અને મહિલાઓનાં સંગઠનો, પ્રસાર માધ્યમોના પ્રાદેશિક સાથીઓ, પ્રાંતીય અને રાષ્ટ્રીય નેટવર્ક્સ.

સંવત ૨૦૫૩ પૂરી થવાની અને ઈ.સ. ૨૦૦૦ના આગમનની તૈયારી છે. ભારતે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યું તે પછી દેશમાં લોકશાહીની સ્થાપના થઈ. એના નામે ચૂંટણીઓ થઈ, સરકારો બની, નેતાઓ ચૂંટાયા, યોજનાઓ લાગુ થઈ પણ માનસિકતા અંગ્રેજિયત રહી. માત્ર ચૂંટણી થવાથી અને સરકાર બનવાથી શું લોકશાહીની જરૂરિયાત પૂરી થઈ જાય છે? આ પ્રક્રિયામાં નાગરિકતાનાં મૂલ્ય, અધિકારો અને જવાબદારીઓ પણ વિકાસ પામતાં નથી. એનાથી વિપરીત જનતામાં ખાનગીકરણની માનસિકતા એ હદે હાવી થાય છે કે સામાન્ય માણસ, પોતાની અંદર જ ગૂંચળું થઈને પડી રહે છે. સમુદાયનું તો માત્ર નામ જ રહે છે. એનું બહારનું આવરણ જ બચી શક્યું છે. એની અંદરના જીવંત તત્ત્વો, એનો પ્રાણ એ તો સમાપ્ત થઈ ગયાં છે. સમાજના નબળા વર્ગો, આદિવાસીઓ, મહિલાઓ, દલિતો અને વંચિતોની સમાજના નિર્માણ અને વિકાસમાં ભાગીદારી નગણ્ય સમજવામાં આવે છે. એમના વિચારોને કોઈ મહત્ત્વ આપવામાં આવતું નથી કે એમને કોઈ સ્થાન આપવામાં આવતું નથી.

આજે જ્યારે આપણે ૨૧મી સદીમાં પ્રવેશ કરી રહ્યા છીએ ત્યારે અને એ તરફ ખૂબ જ ઉત્સાહભરી નજર દોડાવી રહ્યા છીએ ત્યારે એક પ્રશ્ન વારંવાર આપણી સમક્ષ એ ઊભો થાય છે કે આપણે ૨૧મી સદીમાં કેવા પ્રકારના દેશને લઈ જવા માગીએ છીએ? આ પ્રશ્નનો ઉત્તર શોધવો પડશે. જો આપણે નવી સદીમાં નવા જોશ સાથે પ્રવેશ કરવો હશે તો એ માટે એ આવશ્યક છે કે આપણે સૌ આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે વૈચારિક, ભાવનાત્મક અને સંગઠનાત્મક રીતે એવી ત્રણેય સ્તરે તૈયારી શરૂ કરીએ કે જેથી આપણા પ્રયાસો એક નવી જ દિશા આપે. આથી તમામ નાગરિકો, સંસ્થાનો અને સ્વૈચ્છિક સંસ્થાઓ આ સંમેલનમાં ભાગ લે અને તૈયારી માટે સક્રિય બને. વિગતો માટે 'ઉન્નતિ'નો સંપર્ક સાધો.

# સંદર્ભ સાહિત્ય

**ધ સિટિઝન્સ ફિફ્થ રિપોર્ટ:** અંગ્રેજી ભાષામાં પ્રકાશિત આ અહેવાલમાં ચિરંતન વિકાસ તરફની દોટમાં દેશ સામેના પડકારો રજૂ કરાયા છે. જમીન, જંગલ, જળ અને જૈવવૈવિધ્ય જેવાં તમામ પ્રાકૃતિક સંસાધનો ખૂબ જ દબાણ હેઠળ છે અને તેનાથી ગરીબી વધારે તીવ્ર બને છે. ઝડપી ઔદ્યોગિક, શહેરી તથા કૃષિ વિકાસે પ્રદૂષણને ચિંતાજનક સ્તરે વધાર્યું છે અને તે હજુ પણ સતત વધી રહ્યું છે. આ અહેવાલ બે ભાગમાં છે. પ્રથમ ભાગમાં પર્યાવરણના પ્રશ્નો, ઘટનાઓ, નીતિઓ અને વ્યવહારોની સર્વગ્રાહી યાદી છે અને વિગતવાર ચર્ચા છે. બીજા ભાગમાં ભારતના પર્યાવરણનાં વિવિધ પાસાંઓ અંગેની આંકડાકીય માહિતી છે. અનિલ અગ્રવાલ, સુનિતા નારાયણ અને સારાબાની સેન દ્વારા સંપાદિત આ અહેવાલમાં ઝડપી આર્થિક વૃદ્ધિના સંદર્ભમાં પ્રદૂષણ અને કચરાના સર્જનની જે નવી પર્યાવરણીય સમસ્યાઓ દેશમાં અને ખાસ કરીને શહેરી વિસ્તારોમાં ઊભી થઈ રહી છે તેના ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. આ પ્રક્રિયાને ઊંધી વાળવાનો કોઈ ગંભીર પ્રયાસ હજુ સુધી કરવામાં આવ્યો નથી. આ સમસ્યાઓ ઉકેલતાં દાયકાઓ લાગે એવી પૂરી શક્યતાઓ છે. પરંતુ નજીકનાં વર્ષોમાં લાખો લોકો પાણી અને હવાના બેફામ પ્રદૂષણને પરિણામે મરણને શરણ થશે. એક રીતે તો આ અહેવાલમાંનો આ સંદેશો ચોંકાવનારો પણ છે અને ડરાવનારો પણ છે. નકલ મેળવવા માટે લખોઃ 'સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્ન્મેન્ટ', ૪૧, તુઘલકાબાદ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, નવી દિલ્હી - ૧૧૦૦૬૨.

**એન એક્ટિવિસ્ટ્સ હેન્ડબૂક ઓન બાયોડાયવર્સિટી:** 'જૈવ પંચાયત'ની હિમાયત કરતી આ નિયમાવલી જ્ઞાન અને જૈવવૈવિધ્ય ઉપરનું નિયંત્રણ અને નિર્ણય પ્રક્રિયા બદલાય, તે વૈશ્વિકને બદલે સ્થાનિક બને, બહુરાષ્ટ્રીય કંપનીઓને બદલે લોકો પાસે આવે તે માટેના એક આંદોલનનો આરંભ છે. આપણા જૈવ વૈવિધ્યના જતન માટેની જરૂરિયાત ઉપર તે ભાર મૂકે છે, અને જૈવ વૈવિધ્ય ઉપરના લોકોના અધિકારો સામેના ખતરા અને જૈવ વૈવિધ્યની ચોરી સામે સાવધ રહેવા માટે કહે છે. 'જૈવ પંચાયત' દ્વારા જૈવ વૈવિધ્ય ઉપર લોકોનો અંકુશ ફરી કેવી રીતે લાવવો તે સમજાવવા એક અલગ પ્રકરણ લખવામાં આવ્યું છે. 'જૈવ પંચાયતો'ના હેતુઓ આ મુજબ છેઃ ૧. સ્થાનિક સમુદાયોના રક્ષણ માટે જૈવ વૈવિધ્ય ઉપરનો લોકોનો અધિકાર મજબૂત કરવો. ૨. બગડતી જતી રાજકીય લોકશાહીની વ્યવસ્થાને સુધારવી. ૩. પર્યાવરણ, જીવનનિર્વાહ અને સામાન્ય નાગરિકોના લોકતાંત્રિક અધિકારો સામે ખતરો પેદા કરતા 'વિશ્વ વ્યાપાર સંગઠન'ના ખેતીમાં મુક્ત વ્યાપાર અને બિયારણ તથા દવાઓ પરના પેટન્ટ અંગેના નિયમોનો પ્રતિકાર કરવો. અંતે આ પુસ્તિકામાં નાગરિકોનાં પગલાં વિશે કેટલીક દિશાઓ દર્શાવવામાં આવી છે. રજૂઆતઃ વંદના શિવા અને સાથીઓ. પ્રકાશકઃ રિસર્ચ ફાઉન્ડેશન ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી એન્ડ ઈકોલોજી, એ-૬૦, હૌઝ ખાસ, નવી દિલ્હી-૧૧૦૦૧૬.

**સ્ત્રી-વ્યવસાય અને તંદુરસ્તી:** 'સેવા અકાદમી' દ્વારા વ્યાવસાયિક સ્વાસ્થ્ય અંગે તા. ૯-૧૦ ડિસેમ્બર, ૧૯૯૭ દરમ્યાન એક કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશિબિરનો અહેવાલ ૧૯૯૮માં પ્રકાશિત થયો હતો. આ પુસ્તિકામાં ૨૦ પાનાંમાં અસંગઠિત વર્ગના સ્ત્રી કામદારોના વ્યાવસાયિક સ્વાસ્થ્યની તકલીફો વિશે કાર્યશિબિરમાં જે ચર્ચા થઈ તેની વિગતો આપવામાં આવી છે. ખેત મજૂર સ્ત્રીઓ, અગરિયા મહિલાઓ, ગુંદર કામદાર સ્ત્રીઓ, માથોડી કામદાર સ્ત્રીઓ, તૈયાર વસ્ત્રો બનાવતી સ્ત્રીઓ, કડિયાકામ કરતી સ્ત્રીઓ, રંગાટી કામ અને અગરબત્તી કામ કરતી સ્ત્રીઓ વગેરેને તેમનાં કામનાં સ્થળોએ પડતી મુસીબતો અને તેને લીધે તેમના આરોગ્ય પર થતી અસરો વિશે જે ચર્ચા થઈ તેનો અહેવાલ આ પુસ્તિકામાં અપાયો છે. મીતા પરીખ અને પુરુષોત્તમ વણકર દ્વારા લિખિત આ પુસ્તિકામાં જણાવાયું છે કે નાનાં કામો કરનારી અથવા સ્વરોજગાર મેળવતી સ્રીઓને તેમનાં કામોને લીધે તેમના આરોગ્ય પર શી અસર પડે છે તેની ખબર હોતી નથી. તેથી તેમનું આરોગ્ય બગડે છે, તેઓ રોજી ગુમાવે છે અને છતાં તેમને કશું વળતર તો મળતું જ નથી. ચર્ચાને અંતે કાર્યશિબિરના સહભાગીઓએ એમ નક્કી કર્યું હતું કે તાલીમ, સંશોધન અને અભ્યાસ દ્વારા જાગૃતિ કેળવવી અને સરકાર સમક્ષ નીતિવિષયક સુધારણા માટે રજૂઆતો કરવી. પ્રાપ્તિ સ્થાનઃ સેવા અકાદમી, વિક્ટોરિયા બાગ સામે, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧.

**અગરબત્તી કામદારોની સામાજિક સુરક્ષા:** 'સેવા અકાદમી' દ્વારા ચાલુ વર્ષે પ્રકાશિત અને મીતા પરીખ દ્વારા લિખિત ૨૦ પાનાંની આ પુસ્તિકામાં અગરબત્તી બનાવવાના ઉદ્યોગમાં જે સ્ત્રી કામદારો કામ કરે છે તેમની સામાજિક સુરક્ષાની સ્થિતિ વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે. 'સેવા'એ ૧૯૮૫થી આ ક્ષેત્રમાં કામ શરૂ કર્યું હતું. તેમનું સંગઠન બનાવવામાં આવ્યું અને સંગઠન થકી કઈ કઈ સિદ્ધિઓ મળી અને હજુ શું શું કરવાનું બાકી છે તેનું બયાન આ પુસ્તિકામાંથી મળે છે. ૧૯૮૮, ૧૯૮૯ અને ૧૯૯૬માં જે અભ્યાસો 'સેવા' દ્વારા અગરબત્તી ઉદ્યોગમાં કામ કરતી બહેનોના કરવામાં આવ્યા હતા તેનાં તારણો પણ આ પુસ્તિકામાં આપવામાં આવ્યાં છે. ૧૯૯૬ના અભ્યાસનાં તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૮૨૫ બહેનોમાંથી એક પણ બહેનને કલ્યાણકારી યોજનાઓનો લાભ મળતો નહોતો.

**જુઓ પૃષ્ઠ ૧૭**

## અમારા વિશે

આ ત્રણ માસ દરમ્યાન ગુજરાત અને રાજસ્થાનમાં 'ઉન્નતિ'ના વિવિધ એકમો દ્વારા જે પ્રવૃત્તિઓ હાથ ધરાઈ તે નીચે મુજબ છેઃ

**ક્ષમતાવર્ધન એકમ (ગુજરાત)**

- મહત્ત્વના વિકાસલક્ષી પ્રશ્નોના ઉકેલ માટે કર્મશીલોને તૈયાર કરવા અમદાવાદમાં ૩થી ૭, મે, ૧૯૯૯ દરમ્યાન 'દૃષ્ટિકોણ વિકાસ' વિશે એક અભિમુખતા તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યશાળામાં કર્મશીલો ગરીબી, સહભાગિતા, સ્ત્રી-પુરુષ અસાનતા અને ચિરંતનતા વિશેના દૃષ્ટિકોણો વિકસાવે તેના પર ધ્યાન અપાયું. આ તાલીમ કાર્યક્રમમાં ૧૪ સંસ્થાઓના ૨૨ સહભાગીઓએ તાલીમ મેળવી.
- સ્વૈચ્છિક સંસ્થાઓના અને સમુદાય-આધારિત સંગઠનો માટે 'સંગઠનાત્મક સંચાલન' વિશે ૨૯ જુનથી ૨ જુલાઈ, ૧૯૯૯ દરમ્યાન વડોદરા ખાતે એક કાર્યશાળાનું આયોજન કરાયું. તેનો હેતુ નાગરિક સમાજનાં જૂથો તેમની હાલની ક્ષમતા વિશે વિચારે અને બદલાતા સંદર્ભમાં તેમની વ્યૂહાત્મક ભૂમિકા વિશે નિર્ણય કરે તે માટે તેમને અભિમુખ કરવાનો હતો. તેનાથી તેમને તેમના સંચાલકીય પ્રશ્નો ઉકેલવામાં સહાય મળશે. આ કાર્યક્રમમાં ૧૬ સંસ્થાઓના ૨૧ કાર્યકરોએ ભાગ લીધો હતો.
- 'ધ ઈન્સ્ટિટ્યુટ ફોર ઈનિશ્યેટિવ્ઝ ઈન એજ્યુકેશન' (આઈએફઈ)એ અમને વ્યૂહાત્મક આયોજન વિશે એક કાર્યશાળાનું સંચાલન કરવા નિમંત્રણ આપ્યું હતું. આઈએફઈ ગુજરાતમાં લઘુમતી મુસ્લિમ સમુદાયમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને સમુદાય-આધારિત સંગઠનોનું એક નેટવર્ક છે. જુન ૧૭થી ૧૯, ૧૯૯૯ દરમ્યાન અમદાવાદમાં આ કાર્યશાળા યોજવામાં આવી હતી, જેમાં ૨૦ સંસ્થાઓના વડાઓએ ભાગ લીધો હતો.
- અમદાવાદની 'વિકસત', દાહોદની 'સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' અને દાહોદની 'એક્શન ફોર સોશ્યલ એડવાન્સમેન્ટ' વગેરે સંસ્થાઓનું વ્યૂહાત્મક આયોજન હાથ ધરાયું હતું.
- 'ઉન્નતિ'એ ૧૧-૧૩ મે, ૧૯૯૯ દરમ્યાન બાંગ્લાદેશમાં ઢાકા ખાતે વિકાસલક્ષી સહયોગી સંસ્થાઓ વિશેની ત્રીજી દક્ષિણ એશિયાઈ કાર્યશાળામાં ભાગ લીધો. પ્રાદેશિક સહયોગી સંગઠનોના દક્ષિણ એશિયાઈ નેટવર્કની રચના કરાઈ છે અને 'ઉન્નતિ'ને નેટવર્કના સંકલન માટે પસંદ કરવામાં આવી છે. તેણે કામ માટે સ્વશાસનના મુદ્દાને પસંદ કર્યો છે.

આ ત્રણ માસ દરમ્યાન સ્થાનિક કાર્યક્રમોને રાબેતા મુજબ ટેકો પૂરો પાડવામાં આવ્યો.

**ક્ષમતાવર્ધન એકમ (રાજસ્થાન)**

- રાજસ્થાનના કર્મશીલો સહભાગી ગ્રામીણ અધ્યયન (પીઆરએ) વિશે સર્વગ્રાહી સમજ કેળવે તે માટે હિંદીમાં જોધપુર ખાતે ૨૩-૨૯ એપ્રિલ, ૧૯૯૯ દરમ્યાન એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ૧૬ સંસ્થાઓના ૨૩ કાર્યકરોએ ભાગ લીધો હતો. એમાં પીઆરએના ખ્યાલની સમજ વિકસે, જરૂરિયાતોની આકારણી માટેની પદ્ધતિઓની ઉપયોગિતાનો સંબંધ સમજાય, કાર્યક્રમનું આયોજન અને નિરીક્ષણ શિખાય તેના પર તેમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. યોગ્ય કૌશલ્ય વિકસાવવા માટે સહભાગી જૂથોના ક્ષેત્રીય વિસ્તારોમાં પણ બેઠકો યોજવામાં આવી.
- જેસલમેરમાં રામ દેવરા ખાતે થર રણ વિસ્તારમાં બાડમેરની 'વસુંધરા સેવા સમિતિ', જોધપુરના 'સમાજ એવમ્ પર્યાવરણ વિકાસ સંસ્થાન', જોધપુરની 'મરુધર ગંગા સોસાયટી' અને બાડમેરની 'ઈન્સ્ટિટ્યુટ ફોર ડેવલપમેન્ટ એજ્યુકેશન એન્ડ અવરનેસ' જેવી સહયોગી સંસ્થાઓના સહયોગથી સમુદાયના અગ્રણી નેતાઓ એટલે કે દલિત મુખીઓનું એક સંમેલન યોજવામાં આવ્યું હતું. સ્થાનિક લોકો સાથે વાતચીત કરતાં અમને જાણવા મળ્યું કે સ્થાનિક સ્તરના નેતાઓ સમુદાયમાં સામાજિક સુધારાની સમજ ઊભી કરવા માટે મોટી ભૂમિકા ભજવી શકે અને લોકો પર પ્રભાવ પાડી શકે. સંમેલનનો મુખ્ય હેતુ મૃત્યુભોજ, બાળ લગ્ન, બાળકીઓની હત્યા જેવા કુરિવાજોની ખરાબ અસરો વિશે ચર્ચા કરવા સ્થાનિક નેતાઓને મંચ પૂરો પાડવાનો હતો કે જેથી સમુદાયના સ્તરે જ આ પ્રશ્નોના ઉકેલ માટેની વ્યૂહરચનાઓ વિકસી શકે. સંમેલનના અંતે ઠરાવોની યાદી જાહેર કરવામાં આવી. પછી તે છાપવામાં આવી અને સમુદાયમાં જાગૃતિ લાવવા માટે એ 'ઘોષણા પત્રિકા'નું વ્યાપક વિતરણ કરવામાં આવ્યું. એ પછી નાનાં જૂથોમાં બેઠકો યોજવામાં આવી. તે માટે લગ્નો અને સમુદાયની બેઠકો જેવા સામાજિક પ્રસંગોનો ઉપયોગ કરાયો. દલિતો પરના અત્યાચારો અંગે સ્થાનિક સ્તરના અમલદારોને સંવેદનશીલ બનાવવા માટે તેમની સાથે પણ સંવાદ શરૂ કરાયો છે.

**સ્વશાસન એકમ (ગુજરાત)**

- ગુજરાત માટે પંચાયતી રાજનો સ્થિતિદર્શક અહેવાલ તૈયાર કરવા માટે અમદાવાદ જિલ્લામાં બાવળા ખાતે ૪ મે, ૧૯૯૯ અને કચ્છમાં ભુજ ખાતે ૭ મે, ૧૯૯૯ના રોજ સ્થાનિક વિસ્તારની બેઠકો યોજવામાં આવી. પંચાયતી રાજની સંસ્થાઓનાં તમામ સ્તરોના પ્રતિનિધિઓ અને સંબંધિત સરકારી અધિકારીઓએ તેમાં ભાગ લીધો અને એ વિસ્તારની પંચાયતી રાજની વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી.

- તા. ૨૮-૫-૧૯૯૯ના રોજ ગ્રામ સભાને મજબૂત કરવા માટે રાજ્ય સ્તરની એક બેઠક યોજવામાં આવી. તેમાં સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને રાજ્ય સરકારના પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં ગ્રામ સભા યોજવા સંબંધી સમસ્યાઓના અનુભવોની આપ-લે તો થઈ જ, પણ સાથે સાથે ગ્રામ સભાને મજબૂત બનાવવા માટેની વ્યૂહરચના પણ ઘડવામાં આવી. જિલ્લા સ્તરે આવી જ બેઠકો યોજવાનું પણ નક્કી કરવામાં આવ્યું. (વધુ વિગતો માટે જુઓ 'સાંપ્રત પ્રવાહ'.)
- જિલ્લા સ્તરીય 'પંચાયતી સંદર્ભ કેન્દ્ર'ની સ્થાપના કરવા માટે રાજ્ય સરકારના અધિકારીઓ સાથે અનેક બેઠકો યોજવામાં આવી. કેન્દ્રમાં સરકારની અસ્થિરતાના કારણે અમને હજુ આ મુદ્દે સફળતા મળી શકી નથી.

**સ્વશાસન એકમ (રાજસ્થાન)**

- જવાજાના 'મગરા મેવાડ વિકાસ સંસ્થાન' સાથેના સહયોગમાં ગ્રામ સભાને મજબૂત બનાવવા માટે ૨૩મી મે, ૧૯૯૯ના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સરપંચો, પંચાયતના સભ્યો, ગ્રામ સેવકો, સરકારી અધિકારીઓ, મહિલા જાગૃતિ દળના સભ્યો વગેરેએ ભાગ લીધો હતો. તેમણે તેમની ભૂમિકા નક્કી કરી અને તેમણે તે માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.
- આ ત્રણ માસ દરમ્યાન જોધપુરમાં 'પંચાયત સંદર્ભ કેન્દ્ર'ની સ્થાપના માટે સરકારનો સંપર્ક સાધવામાં આવ્યો છે.
- છેલ્લાં પાંચ વર્ષનાં અખબારો અને ખાસ કરીને 'રાજસ્થાન પત્રિકા'ની પંચાયતી રાજ વિશેના સમાચારોની સમીક્ષા કરવામાં આવી છે.
- રાજસ્થાનમાં 'પંચાયતી રાજ' અંગેનો સ્થિતિદર્શક અહેવાલ તૈયાર કરાઈ રહ્યો છે. મુલાકાતો લઈને અને લાગતાવળગતા લોકોની સાથે બેઠકો યોજીને તે તૈયાર થઈ રહ્યો છે.

**સંશોધન અને હિમાયત એકમ (ગુજરાત)**

- અમદાવાદ જિલ્લાના ધોળકા, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વલસાડ જિલ્લાના ધરમપુર અને જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ એમ ગુજરાતનાં ચાર શહેરોમાં શહેરી શાસન વ્યવસ્થાની શી સ્થિતિ છે તે અંગે તપાસ કરવા એક સંશોધન અભ્યાસ હાથ ધરાયો છે. ૧૯૯૩માં ૭૪મો બંધારણીય સુધારો પસાર થતાં શહેરી શાસનમાં લોકોની ભાગીદારી વધારવા માટેનો અવકાશ વધ્યો છે. અભ્યાસ દરમ્યાન સરકારનાં વિવિધ ખાતાં, મ્યુનિસિપાલિટીઓ અને વિવિધ પ્રદેશોમાંની સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક કરાયો હતો. એનાથી અમારે માટે મ્યુનિસિપાલિટીઓની કામગીરી વિશે માહિતી મેળવવાનું સાનુકૂળ વાતાવરણ ઊભું થયું હતું. આ પ્રશ્ને છેલ્લાં પાંચ વર્ષમાં પ્રકાશિત સાહિત્યની સમીક્ષા પણ હાથ ધરાઈ હતી.
- 'સેવા રૂરલ' (ઝઘડિયા, ભરૂચ)ના સામુદાયિક આરોગ્ય કાર્યક્રમનો સહભાગી અભ્યાસ અને દસ્તાવેજીકરણ હાધ ધરાયાં. 'સેવા રૂરલ' આદિવાસીઓમાં સામુદાયિક આરોગ્યના ક્ષેત્રે સક્રિય છે. અભ્યાસનો મુખ્ય હેતુ સંસ્થા છેલ્લાં ૧૦ વર્ષથી જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચલાવે છે તેની અસરોનું મૂલ્યાંકન કરવાનો અને અન્ય લાગતાવળગતાઓ સાથે અનુભવોની આપ-લે કરવાનો હતો.

**જુઓ પૃષ્ઠ ૨૨**

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થાન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnati@ad1.vsnl.net.in

**ક્ષેત્રીય કાર્યાલય:** ૨૧-એ, ૯, પોલ રોડ, બછરાજજી કા બાગ, જોધપુર-૩૪૨૦૦૩, રાજસ્થાન. ફોન/ફેક્સ: (૦૨૯૧) ૬૪૩૨૪૮

રૂપાંકન: રાજેશ પટેલ, 'ઉન્નતિ', ડિઝાઈન કન્સલ્ટન્ટ: તરુણ દીપ ગિરધર, ચિત્રાંકન: રણજીત બાલમુચુ

મુદ્રણ: સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., ૫૫/૧૫, સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન નં. ૫૪૬૪૯૮૯.

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.